[illegible] મદીનત [illegible] ખાતું [illegible]

Reg No. 205 [illegible] નંબર ૧૦."

—રસુલુલ્લાહે (સલ) ફરમાવ્યું છે—

"ખુદા જેનું ભલું ચાહે છે તેને દીનમાં સમજણ આપે છે"

— [illegible] —

નસીહતુલ-મુસલેમીન

[illegible] ઉર્દુની [illegible]

મરહુમ મો. [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] બેગમ [illegible] માટે

[illegible] મો. [illegible] સાહેબ [illegible] [illegible]

—અનુવાદક [illegible]—

[illegible] [illegible] [illegible] [illegible] [illegible]

આવૃત્તિ પહેલી. [illegible] [illegible] ૦.૦૦

૦)-ની ટીકીટ [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible]

સંક્ષિપ્ત નસીહતુલ-મુસ્લેમીનનું સાંકળીઉં

(પ્રસ્તાવના.)

ખુદાના નામથી જે મોટો મહેરબાન રહમ કર્તા છે.

અલ્લાહની હમદ બે હીસાબ થાઓ અને તેના રસૂલ મોહમ્મદ મુસ્તફા ઉપર દુરૂદ તથા તેવણુતી આલ તથા અસહાબ તથા સર્વ મુમેનીન ઉપર અગણીત સલામ થાઓ.

એ પછી ગુલામ મોહમ્મદ બિન હાજી હાફેજ સાદેક (રહ) અરજ કરે છે કે હિન્દુસ્તાનમાં અને વીશેપ કરી ગુજરાતમાં કબર પુજા તથા ગૈરૂલ્લાહની મદદ માગવાનો ઘણોજ રીવાજ પડી ગયો છે. અને તેઓને સમજાવવાનું કોઇ સાધન ગુજરાતીમાં નહી હોવાથી તેણે આ રીસાલાને સરળ અને ચાલુ ગુજરાતીમાં તરજુમો કીધો અલ્લાહ એને કબુલ કરી લોકોપયોગી કરે. અને જેવી તરેહ તેના બીજા ગ્રંથોથી લોકો લાભ લઇ રહ્યા છે તેમ આથી પણુ લાભ લે. જો કોઇ પણુ મુસલમાન બુરા રીવાજોથી બચશે તો તેનું કલ્યાણુ થશે. "**મોલવીઓ** માણસોના ધર્મ સબંધી હકીમો અને વૈદોના જેવા છે. એટલે જેવી બીમારી તેવો તેનો ઈલાજ કરવો જોઇએ" પણુ અફસોસ કે હમણાના વાએજો કીસ્સાઓ તથા વલીઓની કરામતોને બ્યાન

ર્યા કરે છે; પણ **વલીઓના અમલો** બ્યાન કરતા નથી !! વલીઓની કેરામત બરહક્ક છે પણ વાઅજના અર્થ નસીહત તથા બોધના છે તે પ્રમાણે જરૂરીયાતનો ખ્યાલ કરી વાઅજ કહેવી જોઇએ. મોલવીઓ જો ખુદાનો ખોફ રાખી લોકોના બુરા ભલાનો ખ્યાલ નહીં રાખતા સાફ નૈયતથી બ્યાન કરશે, તો ઇનશા,–અલ્લાહ જલદી ફાયદો થશે. પણ અફસોસ કે તેઓ લોકોથી ડરે છે:–જો તેઓ **મજાલેસુલ અબરાર** ની એક એક મજલીસ બ્યાન કર્યા કરે તો લોકોને ઘણાંજ લાભ થાએ અને તેઓને પણ સહેલ પડે. "આ રિસાલો હું ધારૂં છું કે ઘણો ઉપયોગી થશે:–એમાં કર્તાએ ઘણી સફાઇથી શિરકનું ખંડન બ્યાન કીધું છે. અને તેની સાથે બીદઅતીઓ તથા કબરપુજકોના શુબહોનો જવાબ પણ છે; એટલે વાંચનાર સાહેબોને વાંચતાં કંઇ શક પડે તો ધીરજ રાખી આખો રિસાલો વાંચવો. ખુદા ચાહશે તો તેઓનો શક શુબ્હો દૂર થશે. અને દિલમાં સફાઇ આવી જશે.

એમાં વલીઓની કરામત કર્તા સાફ માને છે તેમ મુરદાને સવાબ પોહોંચાડવા ખુદા વાસ્તે કંઇ ખેરાત કરે તો તેનો સવાબ મુરદાને પોહોંચે છે તેને તથા બુજરૂગોનો વસીલો પકડવાને પણ કર્તા માને છે. અને કેમ ન માને કર્તા મોલવી ખુર્રમઅલી હનફી મજહબના સુન્ની અને મોટા વિદ્વાન વલીએકામેલ છે અને તે વાંચનારને આ કિતાબ જોવાથીજ જણાઇ જશે. મશારેકુલ અનવારનો ઉરદુ તરજુમો એવણુ સાહેબે કીધો છે. તેના ફાયદામાં હનફી મજહબના મસલાની દલીલો ઘણી સારી રીતે બ્યાન કીધી છે. તથા દુરરૂલ–મુખત્યારનો તરજુમો ઉર્દુ પણ એવણે કીધો છે. એ સીવાય બીજી ઘણી કીતાબો લખી

છે, અને તે સર્વ ચાલુ છે ખુદા એવણુને જઝાએ ખેર દીએ. અને ખુદા એવણુનો ફેજ જારી રાખે. મારા મોટા નસીબ કે ખુદાએ મને આ રીસાલાના તરજુમાની તોફીક દીધી. "એ અલ્લા હું સખત છું મને નરમ કર; અને નીર્બળ છું મને કવી કર; અને હિદાયત આપ્યા પછી મારા દીલને તું સંભાળી રાખ, અને ખાતેમાઃ ખેર કર." આમીન વસલ્લલ્લાહો અલન-નબી.

મરેલાને સવાબ પોહોંચાડવાની નૈયતથી ખુદા વાસ્તે કંઇ ખેરાત કરવી કે કંઇ નફલ વિગેરે સારૂં કામ કરવુ તેનો સવાબ તેને પુગે છે. એ સુંનત જમાતનો અકીદો છે. પણ જો કોઇના દીલમાં એમ હોય કે જો હું મરેલાની પાછલ [illegible]રાત અથવા ખર્ચ નહી કરીશ તો લોકો મને બોલશે. ત્યારે તો [illegible] ખેરાતનો સવાબ નહી પોહોંચતા ઉલટો ગુનેહગાર થાએ છે. વ[illegible] મરેલાને સવાબ પોહોંચાડવા, દીવસોનું મુકર્રર કરવું એ હીન્દુ[illegible]ની ચાલ છે અને એને શરીઅત ના પા[illegible] છે. હદયતુલ-હરમેન[illegible] પાનુ ૫૯માં દીવસ ઠેરવવાની સાબેતીમાં જે કિસ્સો ફતાવા ઓજ[illegible]થી નકલ કીધો છે એ બનાવટી છે. તથા એ ફતવો મુલ્લા અલ[illegible]રીનો રચેલો છે એમ જે તે રિસાલામાં લખાયું છે તે જુઠ છે [illegible]ણુના રચાયલા પુસ્તકમાં એ નથી; એવા ખોટા દાખલા લખી [illegible]ર રીસાલાવાળો લોકોને ભોળવે છે. અને અણસમજુ તેની પ[illegible]રવાય છે મજકુર રિસાલામાં ફતાવાઓજ[illegible] જન્દીયાથી જે કીસ્[illegible] થયો તેનું ખોટાપણું મોલવી અબદુલ હૈય લખનવવાળા સાહેબે [illegible] મજમુએ ફતાવા છપાયલો સને ૧૩[illegible]ના પુ. ૨ પુ. ૧૭૫ [illegible]ધું છે. ગુલામ મોહંમદ.

નસીહતુલ મુસ્લેમીન

શુરૂ ખુદાના નામથી જે મોટો મહેરબાન રેહમ કર્તા છે.

સુબહા ન-લ્લાહ! અહા, શું તારી શાન છે કે; કોઇના

મદદ વગર આટલા મોટા આસમાનને ઝમીનને કેવી ખુબ સૂરતી સાથે પૈદા કીધાં. અને કોઇ નબીને કે કોઇ વલીને કે કોઇ (બાદશાહ)ને પોતાના કારખાનામાંથી કાંઇ પણ અખત્યાર આપ્યો નથી (અને સર્વને પોતાનાજ ગરજવાન બનાવ્યા) ઇલાહી તારા એહસાનના હજારો હજાર શુકર, કે તેં તારા રસૂલ(સલ)ની મારફતે અમને કુરઆન અને હદીસથી પોતાની તોહીદ (એકત્તા)ને સમજાવી. અને શીરક(ના કામો)ની આફતથી કે જેમાં એક જગત ફસેલી છે તેથી તેં માત્ર તારા કરમથી અમોને બચાવ્યા. અને હજરત મોહમ્મદ સલ-લલ્લાહો અલૈહે વસલ્લમની સીધી રાહ ઉપર ચલાવ્યા. ! ઇલાહી આ રસુલ મકબૂલ ઉપર દુરૂદ અને રહમત મોકલ. કે જે માણસ તેવણુને માર્ગે ચાલ્યો, તેણે પોતાને વાસ્તે દોઝખની આડ કીધી, અને જે પોતાના બાપ દાદાની જહાલતની રાહ ઉપર ચઢી ગયો. અને ત્હારા રસૂલની હદીસને નહીં માની તો તેણે પોતાની આકેબત ખરાબ કીધી. ! ! અને તેવણુની આલ ઉપર રહમત મોકલ કે જેઓ ત્હારા હુકમને તાબે રહ્યા છે, તે એટલા સુધી કે પોતાના જાનને ત્હારા માર્ગ ઉપર કુરબાન કીધો. અને તેવણુના નેક સહાબીઓ ઉપર (રહમત મોકલ); કે જેઓએ શીરક મુકાવી દાખો લોકોને મુસલમાન કીધા. (અને જેઓએ દીન સાચવી અમો સુધી પહોંચાવવાની કોશીશ કીધી.)

એ સર્વ પછી સાંભળવૂં જોઇએ કે, હમણાં હિંદુસ્તાનમાં અજાએબ જાતની બલા ફેલી છે કે ઉમ્મતે (મોહંમદીઆના) ઘણાં લોકો શીરકમાં સપડાયલા છે.! પણ ઘણાં મુસલમાનો બાપડા બે ઇલમી અને ના વાકેફીને લીધે લાચાર છે. એ માટે સેવક **ખુર્રમ અલી** આજેજ (નિર્બળ)ના દિલમાં આવ્યું કે, આ શીરકની બુરાઇ કુરઆન શરીફથી સાબેત કરીએ. અને દરેક આયતનો તરજુમો હિન્દી ભાષામાં સાફ ચોખ્ખી રીતે કરીએ કે જેથી જગતના બધાં લોકોને ફાયદો થાય અને જે મુસલમાન ભાઇઓ અરબી ભાષા(ના અર્થો) જાણતા નથી તેઓ એને સમજીને શીરક(જેવાં કામ)ની આફતથી બચે. અને પોતાના પેગમબરનો રસ્તો અખત્યાર કરે અને જે કોઇ એને પણ સમજે, અને નહિ માને તે પોતાનું સાથું. ખાય કબરમાં તેનું પોતેજ તેને જણાય જશે. **સંભળી રાખો.!!**

અલહમદો લિલ્લાહ કે સને ૧૨૩૮ હીજરીમાં આરીસાલો બન્યો અને એનું નામ **નસીહતુલ મુસ્લેમીન** રાખ્યું. અને એની બધી રાતલગો પાંચ ફસલમાં લખી છે. **પહેલી ફસલમાં** એનું બયાન છે કે શીરક કેને કહે છે **બીજી ફસલમાં** શીરક કરનારાઓની બેવકુફાઇનું બયાન છે, **ત્રીજી ફસલમાં** તે ચીજોનું બયાન છે કે; જે ચીજોને ખુદાએ પોતાના માન માટે ખાસ મુકર્રર કીધી છે, અને તેના વગર બીજાને કરવું

દુરસ્ત નથી. **ચોથી** ફસલમાં શીરકની રસમોનું બ્યાન છે. **પાંચમી** ફસલમાં શીરકની બુરાઇ અને શીરક કરનારાઓની સજા(શિક્ષા)નું બ્યાન છે.

ઇલાહી !! અમારા ઉપર તથા મુસલમાન ભાઇઓ પર એવો કરમ કર કે દરેક ચીજનો તનેજ માલીક તથા મુખત્યાર જાણીએ, અને એને સમજીને તારા વગર કોઇથી ગરજ માંગીએ નહિ. તું દુઆઓનો કબુલ કરનાર છે. (બે રહમતેક યા અરહમર-રહિમીન.)

ફસલ પહેલી

(શીરક કોને કહે છે તેનું બ્યાન એમાં છે.)

તોહીદ–હિંદી જુબાનમાં ખુદાને એક જાણવાને કહે છે. અને શીરક ! સાથી (અથવા ભાગીદાર) કરવાને કહે છે. પ્રથમ મુસલમાન ઉપર એજ ફરજ છે કે, તે ખુદાની તોહીદને જાણે અને શીરકથી બચે.

તોહીદ !! એનુ નામ નથી કે, જુબાનથી ખુદાને એક કહે અને પોતાની હાજતો, અને મતલબોને માટે પેગંબરો અને પીરોની માનતા માને. એનુંજ નામ તો શીરક છે. પણ તોહીદના અર્થ તો આ છે કે, માત્ર ખુદાનેજ દરેક ચીજનો માલીક તથા મુખત્યાર જાણે. અને એમ સમજે કે, તેના

સિવાય ફરી તે પીર હોએ કે, પેગંબર હોએ. ફીરશતો હોએ કે શહીદ હોએ. કોઇને જરા પણ તેના કારખાનામાં અખત્યાર નથી તેની રૂબરૂ સર્વે બે અખત્યાર અને આજેજ છે! અને શીરક પણ એનું નામ નથી, કે ખુદા વગર બીજા કોઇને આસમાન જમીનનો માલીક (તથા પૈદા કરનાર) જાણે, કેમકે એ તો કોઈ મુશરેક અને કાફેર પણ કહેતો નથી તેઓ પણ આજ કહે છે કે, દરેક ચીજનો ઉત્પન્ન કર્તા ખુદા છે પણ શીરકના અર્થ આ છે કે, ખુદાએ જે કેટલીક ચીજો પોતાને વાસ્તે ખાસ મુકર્રર કીધી છે, તેમાં બીજાઓને પણ ભેળવા. જેમકે વરસાદનું વરસાવવું, રીઝક (રોજી) આપવું, માંદાને સાજા કરવાં; આફતો, બળાઓથી બચાવવું. ઓલાદનું જાણવું, ગેબની વાત જાણવી, દરેક જગ્યા હાજેર નાજેર રહેવું લોકની મદદ કરવી, અને જીવડાવવું મારવું એ બધું ખુદાનાજ હાથમાં છે, એમાં બીજા કોઇનો અખત્યાર હોય છે એમ સમજવું તેજ શીરક છે. કે જેને મટાડવા (અલ્લાહ પાકે) કુરઆન મજીદ ઉતાર્યું અને ખુદાના પેગંબરો કાફરો સાથે લડતા હતા.

કુરઆન શરીફમાં હજારો જગ્યા એનું બ્યાન છે. જો બધી આયતો લખવામાં આવે તો આ કીતાબ મોટી થાય, જેથી થોડી આયતોનું બ્યાન કરીએ છીએ, માટે ચિત્ત રાખીને સાંભળવું જોઇએ:–

ખુદાતઆલા પોતાના નબી (સલ) ને ફરમાવે છે. "તું કહે (એ મોહંમ્મદ) કે, હું મારા જાનની ભલાઇનો તથા બુરાઇનો માલીક નથી. પણ ખુદા જે ચાહે, અને જો હું ગેબની વાત જાણતો હોત તો હું ઘણી ભલાઈ મેળવતે, અને મને કદી બુરાઇ લાગતે નહિ! મ્હારૂં કામ તો ઇમાનવાળા લોકોને (અજાબથી) બ્હીવડાવવાનું છે, અને (સવાબની) ખુશખબરી સંભળાવવાનું છે." સુરા આરાફ ૭;૧૮૭.

ફાયદો–આ તો સર્વ જાણે છે કે, ખુદાના પેગંબરની બરાબર બીજો કોઇ ખુદાનો બંદો મકબુલ નથી. અને જ્યારે એમને પોતાના જાનની નુકસાનનો કશો અખત્યાર નથી. તથા તેઓ ગેબની વાત જાણતા નથી તો; બીજા ઇમામ અને પીર કઈ ગણત્રી અને હિસાબમાં છે. (કે તેઓને તેમ સમ્જાય.) આ આયતથી સાફ જણાય છે કે, ખુદા સિવાય બીજા કોઇથી મદદ માંગવી અને ગરજો માંગવી નહિ જોઇએ[1] ફરી તેવણ પીર હોય અથવા પેગંબર હોય; અથવા વલીઓ હોય, અગર શહીદ હોય.

સવાલ–કેટલાક લોકો કહે છે કે, ખુદાના પેગંબરે (સલ) ઘણી ચીજોની ખબર આપી છે કે; આવતા વખતમાં આવી રીતે થશે. તો જો તેવણને ઇલમે ગેબ નહતો તો,

---

૧ પંદનામામાં શેખ ફરીદુદ-દીન અત્તાર કહે છે

કેમ કરીને ખબર આપી, અને વલીઓનો પણ એવોજ હાલ છે. જુઓ! ફલાણા બુજરગે કહ્યું હતું કે, અમે ફલાણા દિવસે મરશું; ને તેમજ થયું. અને કોઇને કહ્યું હતું કે, તને ચાર છોકરાં થશે તો ચારજ થયા બુલોકમાં એનો ઉત્તર આ છે કે, આ તેવણને ખુદાના બતાવવાથી જણાયું હતું; એને "ઇલમે ગેબ" કહેતા નથી. જેટલું અલ્લાહે બતાવ્યું તેટલો હાલ તેમને જણાયો. તેથી વધારે તેમણે કદી જાણેલું નહિ, (તેરાજ) પ્રખ્યાત વાત છે કે, હજરત યાકુબ (અલે) યુસોફ (અલે) ના ગમમાં રડયા કરતા હતા. પણ તેવણ કયાં છે તે જણાયું નથી. જ્યારે હજરત યુસોફ મિસરના બાદશાહ

શેઅર.

" ગેર હકકરા હરકે ખાનદ એ પીસર "

" કીસ્ત દર આલમ અઝો ગુમરાહતર "

અર્થ—એ છોકરા જે કોઇ ખુદા વગર બીજાને પુકારે અને તેની યાદ કરે અને તેથી પોતાની મતલબ માંગે તેથી વધારે ભટકેલો જગતમાં બીજો કોણ છે? વળી બીજી જગ્યા તેવણ કહે છે.

શેઅર.

" દર બલા યારી મખાહ અઝ હેંચ કસ "

" ઝાંકે નેઓવદ જુઝ ખુદા ફરયાદરસ "

અર્થ—કોઇ શખ્સથી બલાઓ વિષે મદદ ને માંગ કેમકે ખુદા વગર ફરયાદને પોહોંચાવનાર કોઇ નથી. ગુ૦ મો૦

થયા ત્યારે તેમને ખબર માલમ થઇ. જો પહેલાથી જાણતે તો શા માટે રડતે ?

(બીજીદલીલ) કાફરોએ હજરત આયશા ના ઉપર તોહમત મુકયું હતું જેથી હજરત (સલ)ને ઘણી આપદા પડી હતી. ઘણા દિવસો પછી જ્યારે ખુદાએ કુરઆનમા ફરમાવ્યું કે, આયશા (રદી) પાક છે. ત્યારે હજરતને ખબર થઇ. જો આગળથી જાણતે તો શા માટે ગમ રાખતે ? તો જ્યારે પેગંબરોની (એ વિષે) આવી હાલત છે; તો વલી ઓની શી પદવી ! દરેક ચીજનો હાલ જાણવો એ માણસનું કામ નથી. એ તો ખુદાના હાથમાં છે.

અને આ જાણવું જોઇએ કે, અમારાં પેગંબર (સલ) નાં બે કામ છે એક દુનિયામાં હીદાયત કરવી. અને બીજું આખરતમાં ગુનેહગારોની શફાઅત કરવી છે. તો એ બંને કામમાં પણ ખુદાતઆલાએ હજરત (સલ)ને બીલકુલ અખત્યાર આપ્યો નથી. (અને એમાંપણ ખુદાનાજ મોહતાજ છે !) ખુદાતઆલાએ ફરમાવ્યું. "ઓ મોહમ્મદ તું જેને દોસ્ત રાખે છે તેને હીદાયત કરી શકતો નથી પણ અલ્લાહ જેને ચાહે છે. તેને હિદાયત કરે છે. અને માર્ગે આવનાર (હીદાયત પામનાર ને તે સારી રીતે જાણે છે." સુરા કસસ ૨૮; ૫૮.

ફાયદો—ત્યારે તો હજરત (સલ)નું કામ માત્ર હકક વાતનું બ્યાન કરીદેવું હતું. અને જો (તેવણનાં) અખત્યારમાં

હીદાયત હોત તો (બીજાઓની માફક) અબુ જહલ પણ મુસલમાન થાત. અલ્લાહતઆલાએ કહ્યું 'કોણ એવો છે કે, જે તેના હુકમ વગર તેની પાસે શફાઅત કરે,' સુરાઃ બકર. ૨, ૨૫૪.

ફાયદો-એટલે અલ્લાહતઆલાનો હાલ બાદશાહ જેવો સમઝવો નહી. કે બાદશાહ જેના ઉપર ગુસ્સે થાય છે, તો અમીર (વજીર) તેને બચાવી લે છે, અને તેનો જીવ અગર જો નહિ ચાહતો હોય તો પણ તે તેની ખાતર રાખે છે. કે મને બાદશાહ જાણે છે કે, જો હું તેની ખાતર નહિ રાખીશ, તો અમીર વજીર મુલકમાં બગાડ કરશે, પણ અલ્લાહને તો પોતાના કામમાં બીજા કોઉની પરવાહ નથી. તેની રૂબરૂ પેગંબરો અને વલીઓની શી તાકાત કે, તેઓ તેના હુકમ વગર શફાઅત કરે. અમારા હજરત (સલ) પણ જ્યારે ખુદાનો હુકમ મેળવશે; ત્યારે કયામતને દિવસે શફાઅત કરશે.

ફાયદો—અલ્લાહો, અકબર ! આ જગ્યાએ અલ્લાહતઆલાની સાહેબી અને મોટાઉ સમજાય છે કે; તે કેવો જબરદસ્ત અને બે પરવા માલેક છે. કે કોઇ ફીરશતા અથવા પેગંબરને પણ કોઈ ચીજનો અખત્યાર આપ્યો નથી. પણ દરેક ચીજનો અખત્યાર પોતાના સ્વાધીનમાં રાખી છે.(તેના હુકમ

વગર) એક ટીપું પણ આકાશમાંથી નીચે પડી શકતું નથી. આ વખતના અણસમજ (નાદાન) લોકોએ, નબીઓ અને વલીઓ સાથે એવો નકામો અકીદો વધાર્યો છે કે, અલ્લાહની મોટાઈ અને શાલકી જેવી જોઇએ તેવી (તેઓના) દીલોમાં રહી નથી, દુનિયાની મુરાદો પણ તેઓથી માગે છે, અને જાણે છે કે, અમો ગમે તેટલાં પાપો કરીશું; તોએ તેવણ આખેતરમાં સર્વ પાપોની માફી અપાવશે! આથી તમને જે ખરો હાલ હતો તે જણાઇ ગયો કે પેગંબરને પણ પોતાના જાનનો પણ કાંઇ અખત્યાર નથી. અને તેવણ પણ અલ્લાહતઆલાના હુકમ વગર માફ કરાવશે નહી, (અને એમાં પણ અલ્લાહનાજ મોહતાજ રહેશે.)

ઘણા લોકોથી સાંભળવામાં આવ્યું છે કે, તેઓ કહે છે કે, છે તો એમજ કે અલ્લાહ સિવાય કોઇને કાંઇ અખત્યાર નથી. પણ પીર, પેગંબરો અલ્લાહના ખરા બંદા છે. તેઓ જે ચીજની અલ્લાહતઆલાથી અરજ કરે છે, તેને તે કબૂલ કરે છે તેનો જવાબ આ છે કે, બેશક તેમની ઘણી ખરી દુઆ કબુલ થાય છે. પણ તેમની દરેક દુઆ કબુલ થતી નથી. હજરત નુહે (અલે) પોતાના દીકરા માટે દુઆ કીધી. અને હજરત ઇબ્રાહીમે (અલે) પોતાના બાપને માટે દુઆ કીધી. આ અમારા હજરતે (સલ) પોતાના કાકા માટે દુઆ

કીધી (પણ) કોઇની દુઆ કબુલ થઈ નહિ. અને હુકમ થયો કે, જાહેલ બનો નહીં આ બાબતમાં અમારી મરજી વિરૂધ્ધ દુઆ ન કરો. આથી સાફ જણાયું કે, તેમની પણ તેજ દુઆ કબુલ થાય છે કે, જે ખુદાની મરજી મુજબ હોય, જો કે એ લોકો પાક છે, તો પણ (ખુદાના) બંદા છે. તેઓનું અલ્લાહ ઉપર કાંઇ પણ જોર નથી કે, જે ચાહે તે તેઓ કરે !!

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે. "તેઓએ કહ્યું કે ખુદાએ દીકરો કરી લીધો છે. તેને છાજતું નથી. પણ તેઓ ઇજ્જતવાળા બંદા છે. તેનાથી (ખુદાથી) વધીને બોલતા નથી. અને તેઓ તેના હુકમ પ્રમાણે કામ કરે છે." સુરા અંબીયા ૨૧; ૨૬, ૨૭

ફાયદો–કેટલાક કાફરો પેગંબરોને અને ફીરશતાઓને અલ્લાહના છોકરા કહેતા હતા. તો (તેણે) ફરમાવ્યું કે દીકરા નથી. એમ સમજો કે તેઓ મકબૂલ તથા ઇજ્જતવાળા બંદા છે. પણ એ શક્તિ નથી કે વધીને તેઓ બોલી શકે અથવા વગર હુકમે કાંઇ કરે;

અલ્લાહતઆલાએ કહ્યું: "તેને જણાયલું છે જે તેઓની આગળ છે. અને તેઓની પાછળ છે. અને અલ્લાહ જેનાપર રાજી હોય તેના સિવાય કોઇની તેઓ સીફારશ કે શફાઅત

કરતા નથી. અને તેઓ તેની હેબતથી ડરે છે." સુરા અંબીયા. ૨૧;૨૮

ફાયદો—આ આયતથી સાફ જણાય છે કે, જે કોઇ પેગંબરની શફાઅતની આશા રાખે છે, તેને લાજેમ છે કે પ્રથમ અલ્લાહને રાજી કરે!! અને તેની (રઝામંદી) શીરક તજવા વગર કદી બનનાર નથી.

અલ્લાહતઆલાએ કહ્યું: "જે કોઇ તેઓમાંનો (ફીરશતા યા નબીમાંનો) કહે કે તેની નીચે મારી બંદગી છે, (એટલે અલ્લાહ પછી હું પૂજવાને લાયક છું.) તો તેને હમો શિક્ષા આપીશું જહંનમની!! એ ઇન્સાફોને (જાલેમોને) અમો એવીજ (જહંનમની) શિક્ષા આપીએ છીએ." સુરા અંબીયા. ૨૧;૨૯

ફાયદો—મુસલમાનો! ખ્યાલ તો કરો કે, કુરઆનમાં ફીરશતા અને પેગંબરોનો આવો હાલ છે અલ્લાહ તઆલાથી વધીને બોલી શકતા નથી, ને તેની જલાલ (મોટાઇ) ની રૂબરૂમાં ડરે છે. ખુદાની મરજી વગર કોઇની સીફારશ કરી શકતા નથી. અને આ વખતના જાહેલ મુસલમાન અદના અદના પીરોને માલીક અને મુખત્યાર સમજી સર્વ હાજતો તથા મુરાદો તેઓ પાસેથી માગે છે. અને પોતાના પીરોની શફાઅતની ઉમેદપર ખુદાના ગુનાહોથી

કરતા નથી. અને કેટલાક મરહુદ જાહેલ પીરઝાદા: કેટલુક લઇને પોતાના મુરીદોના ગુનાહ બક્ષી દે છે. (અને તેમ સમજાવે છે.) અને માફીની સનદ પણ લખી આપે છે. ખુદા તેઓ પર લઆનત કરે તેઓએ તો શેતાનના પણ કાન કાપ્યા ! !

ખુદાતઆલાએ ફરમાવ્યું "અલ્લાહનેજ પોકારવું સાચું છે. અને જે કોઈ તેના સિવાય કોઇને પોકારે તેઓ કાંઇ પણ તેઓના કામને પોહોંચતા નથી. પણ જેમ કોઇ પાણીના તરફ બંને હાથોને પસારી રાખે કે, તે તેના મ્હોમાં આપી જાએ. પણ તે (એમ) કદી પોહોંચનાર નથી. અને કાફરોનું પોકારવું ગુમરાહીમાંજ છે." સુરા: રઅદ. ૧૩;૧૪

ફાયદો—એટલે જો તરસ્યો નદીને કિનારે હાથ પસારીને પાણીને પોકારે કે, એ પાણી તું મારા મ્હોમાં આવી જા. તો તે કદી આવી શકશે નહિ. એવીજ તરેહ જે લોકો અલ્લાહ વગર લોકોને પોકારે છે તેઓ પણ મદદ કરી શકતા નથી. એટલે અખત્યારીમાં બંને બરોબર છે. જેમ પાણીને આપો આપ મ્હોમાં ઘુસવાની શકિત નથી. તેમજ અલ્લાહતઆલાના સિવાય બીજા કોઇને મદદ કરવાની શકિત નથી. સુબહાન—લ્લાહ, અલ્લાહ તઆલા કેવી કેવી મિસાલો આપીને પોતાના બંદાઓને સમઝાવે છે. જો કોઇ એથી પણ નહિ સમજે તો તે માણુસ નહિ. પણ જનાવર છે.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું !! "અને જો તને પોહોચવે અલ્લાહ કાંઇ નુકસાની તો તેને તેના વગર બીજુ કોઇ મટાડનાર નથી. અને જો તને કાંઈ ભલાઇ પોહોંચવે, તો તે હરેક ચીજ ઉપર શકિતવાન છે. અને તેજ પોતાના બંદાઓ ઉપર જોરાવર છે, અને તેજ ડહાપણુવાળો છે. અને ખબરદાર છે." [1]સુરા અનઆમ ૬;૧૭

ફાયદો—અલ્લાહ તઆલા ફરમાવે છે કે, મારી આપેલી તકલીફને કોઇ દૂર કરી શકતું નથી. અને આ વખતના નાદાન લોક મુશ્કેલીના વખતમાં ખુદાને છોડી તેના બંદાઓથી મદદ માંગે છે કોઇ હજરત અબ્બાસ (રદી)ની હાજરી માને છે. કોઇ શાહ અબ્દુલ હકકનો તોશો કરે છે. કોઈ શાહ મદારનો મલીદો ચઢાવે છે (પણ) આટલું તો જાણતા નથી કે, એઓ તો અલ્લાહના બંદા છે. તેમની શી શકિત કે તેની આપેલી તકલીફને તેઓ ઉઠાવે! હાં, કેટલાક જયારે ફારસીની એક બે કિતાબ ભણીને પોતાને ઘણો કાબેલ સમજે છે. તેઓ એમ બોલે છે કે. અમો પેગંબરો અને વલીઓથી જે મદદ માગીએ છીએ તે એટલા માટે કે;

---

[1]નોટ—આ આયતની તફસીર તોહફતુલ હિન્દ ગુજરાતી પૃષ્ઠ ૧૨૨મા [illegible] છે. કી. રૂા. ૩) [illegible] મેનેજર [illegible] [illegible] જી. સુરત.

વારૂ, શીડી વગર શું કોઇ, કોઇ માળે ચઢી શકે છે? અમીર વજીરના વસીલા વગર કોઇ બાદશાહ સુધી પોહોંચે છે શું? એનો જવાબ આ છે કે, બેશક શીડી વગર માળ ઉપર ચઢવું મુમકેન નથી તેવીજ તરેહ રસૂલ (સલ)ના હુકમને માન્યા વગર અલ્લાહને મળવું મુમકેન નથી, અને અલ્લાહના રસુલનો પહેલો હુકમ આ છે કે, અલ્લાહ વગર બીજા કોઇ પાસે મદદ ન માંગો અને મુરાદો ન શોધો. હવે ખ્યાલ કરો કે, તમોએ શીડીને છોડી કે અમોએ અને તમો અલ્લાહને બાદશાહના જેવા સમજો છો, તે ભુલ છે કેમકે બાદશાહ દરેક જગ્યાએ હરેક મુલકમાં પોહોંચી શકતો નથી. હર કોઇની ગરજને પોતે એકી વખતે સાંભળી શકતો નથી. તે બીજા લોકોને કામ સોંપે છે અને સલાહ લેવામાં વઝીરનો ગરજવાન છે. પણ અલ્લાહ તો મોટી કુદ્રતવાળો છે, અને સલાહ લેવામાં કોઇનો ગરજવાન નથી. દરેક જગ્યાએ હાજેર નાઝેર છે. દરેકની વાત શાંભળે છે. અને દીલોનો ભેદ શુદ્ધા જાણનાર છે. તેને શું પરવાહ કે તે કોઇને પોતાનું કામ સોંપે. અથવા કોઇથી સલાહ મનસુબો કરે અને ફીરશતા કે પેગંબરમાં આં શક્તિ નથી કે. હુકમ વગર કાંઇ બોલી શકે તે એકલો માલેક છે જબરદસ્ત શકિતવાળો છે, તેનો કોઇ વઝીર નથી અને ન' નાએબ. સુબહાન-લ્લાહ! તે પોતેજ

જે ચાહે છે તે કરે છે. એટલા માટે તેના સિવાય કોઇને હાંક મારવી લાયક નથી. એવી તરેહ જો રસુલ (સલ) પોકારે તો તેમને [ખુદાએ] ઝાલેમ કહ્યા છે. પણ એ ઘણા ઝાલેમ છે કે. એથી પણ ખ્હીતા નથી.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું; અને "અલ્લાહ સિવાય કોઇને ન પોકાર કે તે ન તારૂં ભલું કરે છે. અને ન તારૂં બુરૂં ફરી જો તું (તેમ) કરશે તો તેજ વખત ઝુલમ કરનારાઓ-માંથી થશે." સુરા યુનોસ ૧૦, ૧૦૫.

ફાયદો—જ્યારે હુકમ થયો કે, અલ્લાહ વગર કોઇને ન પોકાર તો એથી જણાયું કે; આ લોકોની જે ટેવ છે ઉઠતાં, બેસતાં કદમના સરકતાં "યારસુલ્લાહ" "યા અલી" "યા અબ્દુલ કાદેર જીલાની" "યા મખદુમ" કહે છે. અને તેઓને પોકારે છે તો તે છાજતું નથી, તે વખતે મુનાસેબ છે કે, [નબીયો, અને વલીયો, તથા બુજરૂગોની માફક એ પણ] "યા અલ્લાહ" કહે. જેમકે બીજી જગ્યામાં હક્ક આલાએ ફરમાવ્યું છે કે; "(મુસલમાનો) તે લોકો છે કે, ઉઠતાં બેસતાં અને લોટતાં અલ્લાહને પોકારે છે." ! ! અને આ તો કોઇ જગ્યા ફરમાવ્યું નથી કે, મુસલમાનો તે છે કે જેઓ ઉઠતાં બેસતાં 'યા મોહંમદ' 'યા અલી' કહે. મુસલમાનોને લાઝેમ છે કે, જે અલ્લાહ અને રસુલના હુકમ હોય તેઉપર ચાલે

પોતા તરફથી કાંઇપણ વધારે નહિ, ઇસ્લામમાં ઘણી ખરાબી તો આથી આવી પડી છે કે, એ લોકો અલ્લાહનો, રસુલનો તો હુકમ (પુછવા) દરીયાફ્ત કરતા નથી, ને પોતાની નાકેસ અકલ ઉપર ચાલે છે.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું અલ્લાહનેજ સીજદો કરવો (એટલે નમીને પ્રાર્થના કરવું) લાયક છે. તો અલ્લાહની સાથે કોઇને પોકારો નહી." સુરા જીન ૭૨; ૧૮.

ફાયદો—અહીયાથી જણાયું કે; આ, જે લોકો છોકરાંઓની બીમારીમાં અથવા સખ્ત મુસીબતમાં કહેવા લાગે છે કે; "યા અલ્લાહ, યા હુસેન ખબર લીજીયો." તે દુરૂસ્ત નથી, આ વખતે અગર મદદ માંગવાની છે. માત્ર તો અલ્લાહથીજ દુઆ માંગવી જોઇએ. ! શું તમારા અલ્લાહથી કાંઇ કામ થઇ શકતું નથી કે, જેથી બીજાની પણ ગરજ પડી ? શું બુરી આદત થઇ ગઇ છે કે, અલ્લાહની સામે(રચીત)બંદાઓને મેળવી દે છે. કોઇ કહે છે, " અલ્લાહ રસૂલ તમારૂં ભલું કરે. " કોઇ કહે છે. " અલ્લાહ મદાર, તેરી મદાર પર રહે." "દાખલા તરીકે, કોઇ શખ્શ તમોને માન દઇ ગાદીએ બેસાડે, અને તેજ જગ્યાએ તમારી સાથે તમારા ગુલામને બેસાડે, તો વારૂં શું તમો ખુશી થશો ? જો જરા પણ અકલ હોય તો આની મતલબ સમજી લ્યો. ! નબી (સલ) સાહેબે

ફરમાવ્યું કે, " જ્યારે તું કાંઇ માંગવા લાગે તો અલ્લાહ પાસે માંગ, અને જ્યારે તું મદદ માંગવા લાગે તો અલ્લાહ પાસેથી માંગ." (સુબહાનલ્લાહ આ ફરમાન કેવો સાફ છે.)

કેટલાક શખ્સો આ જગ્યામાં શુબહ શક (સંદેહ) કરે છે કે, જો પાક ખુદા સિવાય બીજા કોઇ પાસેથી મદદ માંગવી દુરસ્ત નહિ હોય; તો જોઇએ કે, હાકેમ આગળ ફરીયાદ કરવી, હકીમથી ઇલાજ કરાવવો, નોકર યા ગુલામ પાસે પાણી માંગવું, હાથમાં લાકડી રાખવી, પણ દુરસ્ત ન થાય કેમકે એ કામોમાં પણ ખુદા સિવાય બીજી ચીજોથી મદદ માંગવાની છે. એનો જવાબ આ છે કે, હક્ક તઆલાએ, એ ચીજોને એજ કામોને માટે કારણ (સબબ) ઠેરાવ્યા છે. પાણી પીવાને વાસ્તે પેદા કીધું છે. અને દવાઓને બીમારીઓ માટે; પણ મદાર સાલારને એ માટે પેદા નહિ કીધા કે; લોકોને અન્ન (રીઝક) અને છોકરાં આપ્યાં કરે. એટલુંજ નહીં પણ પેગંબરો, તથા વલીઓ એ, સર્વ તે કામો કરતા હતા. એટલે હાથમાં લાકડી પણ રાખતા હતા. અને ઈલાજ પણ કરતા હતા. અને હક્ક તઆલાએ હમોને પણ એ કામોની મનાઇ કીધી નથી. મતલબ કે ઇસ્તેઆનત એટલે મદદ માંગવી એવી તરેહની મના છે (અને દુરસ્ત નથી) કે; જેમાં શીરક લાગું પડે, અને

(અલ્લાહ સિવાઈ બીજાની) નઝર નિયાઝ કરવાનો અને માનતા માનવાનો વખત આવે.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું "જેમની ખબર નથી એવાઓ માટે તેઓએ હમારી આપેલી રોઝીમાંથી એક હીસ્સો ઠેરવ્યો છે. ખુદાની કસમ તેમને પુછ કરવામાં આવશે જેનાવિષે કલ્પના કરતા હતા. સુરા: નહલ ૧૬.૫૬

ફાયદો—આ તે લોકોને માટે ફરમાવ્યું કે, જેઓ ખેતરમાં, જાનવરોમાં, અને સોદાગરીમાં અલ્લાહતઆલા સિવાય કોઇની નઝર, માનતા, ઠેરાવતા હતા. જેવી રીતે આગલા લોક (હતા) તેવા હમણાં પણ મોજુદ છે જાનવરોમાં હીસ્સો (ઠેરવે છે.) જેમ સઇયદ અહમદ કબીરની ગાય શેખ સદદુનો બકરો અને મદારશાહની મરઘી અને ખેતરમાંથી અને વેહપારમાંથી પણ શાહ અબ્દુલકાદેર જીલાની અને મદારની ચપટી કહાડે છે. અને ઇમામ જામેન (રદી)નો પૈસો બાજુએ બાંધે છે. તો તેણે ફરમાવ્યું કે એ સર્વ અલ્લાહનો માલ છે. એમાં બીજા કોઇનો હક્ક નથી. તેના હુકમ વગર બીજા કોઇનો હીસ્સો પોતા તરફથી ન ઠેરવો, ! 'હાં, આ બેશક દુરસ્ત છે કે, એને અલ્લાહની નજર કરો. (એટલે અલ્લાહ માટે તથા અલ્લાહ વાસતે) અને તેનો સવાબ જે તમને મળે છે. તે

તેમની રૂહને બક્ષીદો!! પણ નામ ઠેરવવું કે આ ચીજ ફલાણા બુજરૂગની છે એ મના છે. (અને દોરૂસ્ત નથી.)

ફસલ બીજી.

એમાં શીરક કરનારાઓની બુરાઇનું બ્યાન છે

અલ્લાહતઆલાએ ફરમાવ્યું છે. "તેઓ અલ્લાહના સિવાય જેને પોકારે છે. તેઓ કાંઇ પેદા કર્ત્તા નથી. પણ ખુદ પેદા થાય છે. મુરદાં છે, અજીવ છે. અને તેઓને ખબર નથી કે ક્યારે કબરોમાંથી ઉઠાવાયશું સુરા નહલ ૧૯,૨૦,૨૧

ફાયદો—આ જગ્યામાં હક્કતઆલા મુશરેકોની હીમાકત અને નાદાની(મૂર્ખાઇ) બ્યાન કરે છે. એટલે મદદ માંગવા અને પોકારવાને લાએક તો તે ઝાત છે કે; જેણે કાંઇ પેદા કીધું હોય; અને જીવતો પણ હોય; (પણ) મુશરેક (ખુદાના ભાગયા ઠેરાવનારા) એવા બેવકુફ (મૂર્ખ) છે કે; જે મરેલાં છે જેમાં જીવ નથી અને તે બીજાને શું પેદા કરે; પણ પોતેજ પેદા થઇલા છે તેવાઓને પોકારે છે!! એવીજ તરેહ હમારા જમાનામાં (દીનથી) જાહેલ મુસલમાન મરેલા બુજરૂગોથી હાજત માંગે છે. પણ સમજતા નથી કે તેઓ પોતે પોતાના જીવવા મરવામાં બીજા કોઇના ગરજવાન છે. તે બીજાઓની શું મદદ કરશે!! મીસલ છે કે, "પીર ખુદહી દરમાંદે શફાઅત કીસકી."

કેટલાક જાહેલ જે પોતાને લાયકીવાળા સમજે છે. તેઓ એમ કહે છે કે, ખુદાના પેગંબર (સલ)ના વખતમાં અરબના કાફરો બુત પુંજતા હતા અને તેમની મદદ માગતા હતા. તો અલ્લાહુ સુબહાનહુ એ કુરાનમાં બુતોની મદદ માંગવાથી બેશક મનાઇ કીધી. પણ ઓલીયા અને અંબીયાઓથી મદદ માંગવાની કાંઇ મનાઇ કરી નથી એનો જવાબ આ છે કે, હક્કતલાએ જ્યાં શીરકની મનાઇ કીધી છે. ત્યાં શબ્દ "મિન–દુનીલ્લાહ"નો ફરમાવ્યો છે. એટલે ખુદાના સિવાય કોઇની મદદ ન માંગો, અને કોઇને ન પુજો, તો એમાં સર્વ બુત, વલીયો, અને આંબીયાઓ પણ આવી ગયા. પણ કોઈ આયતમાં એમ ફરમાવ્યું નથી કે, તમો પોતાની હાજતો બુતોથી ન માગો. અને મારા પીર પેગંબરોથી માંગો. પણ તેમ ન કરતાં પોતાની પાક ઝાત વગર બીજો કોઇ પણ હોય તે સર્વથી (મદદ માગવાની) મનાઇ કીધી છે ! અને મદદ તો તેથી માગે કે, જેને કાંઇ પણ અધિકાર હોય ? પણ હક્કતઆલા તો પહેલી આયતમાં સાફ બ્યાન કરી ચુક્યા છે કે, પેગંબર જેવાને પણ પોતાના જાનનો પણ કાંઇ અધિકાર નથી. બાપડા મદાર સાલારને (અલ્લાહનીજ અખતિયારી હોવા છતાં) કોણ પૂછે, અલ્લાહની સામે આજેજ થવામાં, અધિકારી નહીં થવામાં, હમો, વલી, અને પેગંબર, સર્વ

બરાબર છીએ. !! હા રૂતબામા ઘણો ફરક છે. તેઓ (ખુદાના) મકબુલ છે, અમો ગુનેહગાર છીએ. તેવણુ અમારા નબી, સરદાર છે, અને અમો તેમની ઉમ્મત ફરમાબરદાર છીએ જેમકે અદના સિપાઇ અને સુબેદારના રૂતબામાં આસમાન ઝમીનનો ફરક છે. પણ નોકર થવામાં બંને બરાબર છે.*

અલ્લાહતાલાએ ફરમાવ્યું "હવે કુફર કરનારાઓ શું સમજી ગયા છે કે તેઓ મારા સિવાય મારા બંદાઓને હીમાયતી કરે છે, અમોએ કુફર કરનારાઓ માટે દોજખની મહેમાની (પ્રોણાગત) તેયાર કીધી છે." સુરા કહફ ૧૮;૧૦૨

*દોઆ કરતી વેળા બુજરૂગાને દીનનો વસીલો લેવો દુરસ્ત છે એમાં કોઇનો પણ વાંધો નથી જેમકે દોઆ કરતી વેળા કહે કે "એ અલ્લાહ તારા હબીબના તોફેલથી અથવા વસીલાથી અમારી દુઆ કબુલ કર !! તો એ દુરસ્ત છે. એની એક મીસાલ આપું છું તેથી તમને વધું સમજ પડશે ! એમ સમજો કે કોઈ માણસની હાકેમની સામે હાજરી થઇ હોય અને તેમા હાકેમનો વહાલો છોકરો પણ બેઠેલો હોય તે વેળા અરજદાર જો હાકેમને એમ કહે કે સાહેબ આ તમારા બચ્ચાં ઉપર જેવી તમારી દયા અને રહમની નિગાહ છે તેવી મારા ઉપર રાખી મારા ઉપર રહમ કરશો !! તો આરીતે કહેવાને તે છોકરાનો વસીલો પકડવો કહીશું પણ હાકેમ સાથે વાતચીત કરવામાં હાકેમના છોકરાનો કાંઇપણ દખલ નથી

અબ્દુર રહમાન મેનેજર

કુતુબખાના સાદેકીય્યા રાંદેર

ફાયદો—હજરતના વખતમાં કાફરો બે તરેહના હતા તેમાંના ઘણા બુતોને પુંજતા હતા અને કેટલાક પેગંબરોની રૂહને. જેમકે હજરત ઇસા અને હજરત ઓઝેર (અલે)ની રૂહને પુજતાં હતાં. અને તેથી ગરજો માંગતા હતા. તો અલ્લાહતઆલાએ બંનેને કાફેર કહ્યા, અને એ આયતમાં તેઓને ગુસ્સાથી ફરમાવ્યું કે, એ લોક ઘણા બેવકુફ (મૂર્ખ)છે. મારા બંદાઓને મારા સિવાય પોતાની હીમાયતી ઠેરવે છે. એટલે વલીયો અને પેગંબરો જો કે, પાક લોક છે. પણ આખર મારા બંદા છે. મારા છતાં તેઓથી હીમાયત ચાહવી ક્યારે લાયક થાય ? વારૂ, ધ્યાન તો કરો કે, મીઆં (માલેક) છતાં મીયાંની ચીજને તેના ગુલામ પાસે માંગવી એ કેવી મોટી નાદાની છે.!! પણ એમ જાણવું જોઇએ કે, વલીયો અને નબીયોને એક તરેહનો વસીલો પકડવો દુરૂસ્ત છે. ખુદાની હજુરમાં એમ અરજ કરે કે, "ઇલાહી મોહમ્મદ મોસ્તફા (સલ)ના તોફેલથી અથવા અલી મુરતઝાના તસદદોકથી મારી ફલાણી હાજત પુરી કર." એ તરેહ વગર (તેવણથી માંગવુ) હરગીજ દુરૂસ્ત નથી.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું, "ઓ લોકો ! એક મીસાલ (દ્રષ્ટાંત) કહેવાય છે તેને સાંભળો. ખુદા વગર જેને તમો પોકારો છો તેઓ એક માખી પણ બનાવી શકતા નથી જો

તેઓ બધાં ભેગા થાય તોએ. અને જો માખી તેઓ પાસેથી કાંઈ છીણુવી લે તો તેથી તેઓ છોડાવી શકે નહિ! માંગનારો અને જેની પાસેથી માંગે છે (તે બંને) કમજોર છે. અલ્લાહની કદર જેવી જોઇએ તેવી તેઓએ બુઝી નથી. બેશક અલ્લાહ ઝોરાવર જબર-દસ્ત છે" સુરા હજ્જ ૨૨,૭૩,૭૪

ફાયદો-એટલે જે લોકો અલ્લાહ વગર બુતોથી અથવા પીરોથી મુરાદો માંગે છે. (તેઓ વિષે) અફસોસ છે કે; અલ્લાહની કદર જેવી જોઇએ તેવી તેઓ સમજતા નથી. જો સમજતા હોત તો અલ્લાહ જેવા જબર-દસ્ત જહાંનનાં પૈદા કરનાર હોવા છતાં આ બીચારા તાકાત વગરના, કે જેઓથી એક માખ જેવી બની શકતી નથી. તેઓ પાસેથી શા માટે હાજતો માંગે છે. જે કોઈ બાદશાહના હોવા છતાં ફકીર પાસે ભીખ માગે તેની સમજબુદ્ધિ ઉપર ખાક પડે!!

અલ્લાહતઆલાએ ફરમાવ્યું, "અને જે લોકો અલ્લાહ વગર શરીકોને (ભાગ્યાઓ ઠેરવીને) પોકારનાર છે, તેઓ ખ્યાલોનીજ પાછળ પડયા છે. અને તેઓ અટકલોનેજ દોડાવે છે." સુરા યુનોસ ૧૦,૬૫

ફાયદો-એટલે જે કોઇ અલ્લાહ વગર બીજા કોઇને મદદ માટે પોકારે છે; તેઓ તદન અકલથી કોરા છે. અને અકલ વગરના છે) બુત પૂંજકો આટલું તો સમજતા નથી

કે, આ બુત તો પત્થર છે. એઓની આગળ જે ગાય છે, વગાડે છે અને હાજતો માંગે છે, પણ તેઓ શી રીતે સાંભળશે ? પોતે (બુતો) તો (અમુક) જગ્યાથી હાલી ચાલી શકતા નથી. તેઓ અમારી મદદ શું કરી શકશે ? એવીજ તરેહ જાહેલ (અભણ) મુસલમાનોને ગાંડાપણું લાગ્યું છે કે, બુજરૂગોની કબરોને પૂજવા લાગ્યા છે. અને એઓ સમજે છે કે, નબીયો, વલીયો ખુદાતઆલાના કારખાનામાં મુખ્તીયાર છે. જેને ચાહે છે તેને આપે છે, આ સમજતા નથી કે તે બંદાઓ પોતે દરેક ચીજમાં ખુદાતઆલાના મોહતાજ હતા. તેઓ કયાંથી મુખ્તીયાર થઇ ગયા. અને એવીજ તરેહ કેટલાક મરદોએ અને ઓરતોએ પોતાના ખ્યાલથી જીન્ન, પરીને તારાશીયા (ઘડયા) છે. દરિયાપરી, શાહપરી, આસ્માનપરી, એવાં એવાં તેઓનાં નામ પાડયાં છે. (તોબા તોબા) જો કોઇ એ અહમકોને પુછે કે, તમોએ તમારી આંખોથી જોયાં છે ! અથવા શું ખુદા, રસુલે તમને બતાવ્યાં છે ? ત્યારે તમો તેને કયાંથી સમજ્યા કે તેઓને પુંજવા લાગ્યાં ? આ જગ્યાથી જીન્નોની હસ્તિનો ઈનકાર કોઈ સમજે નહિ. કેમકે જીન્નોની હસ્તિની સાબેતી તો કુરઆનથી સિદ્ધ છે. પણ શાહપરી, આસ્માન પરી, જે નામો પોતાના તરફથી ઠેરવ્યા છે, અને તેની માનતા માને છે, તેમાં તકરાર છે.

એવીજ તરેહ હિંદુ, તથા જાહેલ મુસલમાનોની ઓરતો અને કેટલાક જાહેલ મુસલમાન ઓરતના ગુલામો, (ઓરતના મુરીદ) શીળીની બીમારીમાં પોતે પણ બુત પુજે છે. અને માલણને પણ બોલાવે છે અને જો એમ થયા કરતે કે, મુસલમાનોના છોકરા શીળીના રોગમાં મર્યા કરતે. અને હિંદુઓના જીવ્યા કરતે તો છોકરાવાળો મુસલમાન દુન્યાદાર બુત પુજવાં વગર શાયદ બાકી રહેતે. આ સમજતા નથી કે, જેવી ઝેહરીલી બીજી બીમારીઓ છે તેવી શીળી પણ છે. આથી અને મુરદાર દેવી ભવાનીથી સંબંધ શો ? મતલબ કે અલ્લાહતઆલાએ સાચુ ફરમાવ્યું છે કે, જે લોકો શીરક કરે છે, તેઓ મોટા ગધેડા હોય છે. તેઓ ફક્ત પોતાના વહેમ અને ખ્યાલપર ચાલે છે. એઓની પાસે ન કોઈ દલીલ (પ્રમાણ) છે. અને ન કોઇ સનદ છે. હકીકતમાં જો એઓ અહમક મૂર્ખ ન હતે, તો ખુદા જેવા માલીકને મુકી અહી તહીં કેમ ભટકતે.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું 'તું કહે(ઓ મોહમ્મદ(સલ) મુશરેકોને) વારૂંજુઓતો અલ્લાહ વગરજેને તમે પોકારો છો. મને તમો દેખાડો કે, તેઓએ જમીનમાં શું પેદા કીધું છે ? શું આસ્માનમાં તેઓનો ભાગ છે ? આ કુરઆન પહેલાંની કોઇ કીતાબ અથવા ચાલ્યો આવેલો ઇલમ તમો મારી પાસે લાવો, જો તમો સાચા છો." સુરા અહકાફ ૪૬,૪

ફાયદા—જેમ તે વખતમા લોકથી પુછાયું હતું તેમ આ વખતના લોકોથી પુછવું જોઇએ કે અકલની આગળ તો તેવાથી માગણી કરીએ કે જેની જાહેરમાં કાંઈ કુદ્રત પણ દેખાતી હોય તમો જે ઇમામ પીરથી મદદ માગો છો તે શું સમજીને ? વારૂ બતલાવો કે હઝરત અબ્બાસે (રદી) કયું આસ્માન પેદા કીધું ? અને અબદુલ કાદેર જીલાની (રહ)એ કયો દરિયો વહેતો કીધો ? અને સૈયદ સાલારે (રહે) કઈ માખી બનાવી. અને શાહમદારે (રહ) કઇ કીડી પેદા કીધી ? અને જ્યારે એઓથી કાંઈ બની શકતું નથી તો ફરી તમો કેમ ગુમરાહ થયા. અને કેમ તેઓથી મુરાદો માંગવા લાગ્યા. અને કુરઆન મજીદથી કઇ કીતાબ વધારે છે કે, જે પર તમો ચાલો છો. અથવા આ બુજરૂગોએ તમને કહ્યું છે ! કે, હમો મોટી કુદ્રતવાળા છીએ; હમારાથી તમારી હાજતો માગ્યા કરજો. ખુદાને વાસ્તે જરાતો આંખો ખોલો, હોશ સંભાલો, તમારી પાસે એ વિષે કાંઇ સનદ છે. ?!!!

ઘણા નાદાનો એવી વાત સાંભળીને કહે છે કે, અમો જે હમારા પીરોથી માંગીએ છીએ તો હમારી ગરજ સરે છે. જુઓ ફલાણી વખતે હમોએ શાહ મદારથી છોકરો માંગ્યો હતો તો હમોને મળ્યો. અને એકવાર નાવડી ડુબવા લાગી તો હમોએ સૈયદ સાલારને બુમ પાડી

તો તેવણે બચાવી લીધા. તો એવી વાતોથી હમોને જણાયું કે, તેઓને મોટી કુદ્રત છે. એનો જવાબ આ છે કે, જેવી રીતે તમો કહો છો તેવી રીતે હિંદુઓ પણ કહે છે કે, જે મુરાદો હમો ભવાની દેવીથી માંગીએ છીએ તો તે હમોને મળે છે! તો જોઇએ કે તેને પણ તમો પુંજો કે, જેવી તમારા પીરોને કુદ્રત છે તેવી બુતોને પણ છે. ઇલાહી તૌબા ? શેતાને કેવા ગુમરાહ કીધા છે કે, અસલ વાતને તદન સમજતા નથી. પણ તેની આવી તરેહની મીસાલ છે કે જેમ એક નાંનો છોકરો દુધ પીવાને લીધે પોતાની દાઈ સાથે હલી ગયો છે. મીઠાંઇ વગેરે જે ચીજને તે છોકરાનો જીવ ચાહે છે તે પોતાની દાઇને કહે છે. અને બાપ જાણે છે કે દાઇ તેની માંગેલી ચીજ ક્યાંથી લઇ શકશે જેથી તે પોતે તેને લઇ આપે છે એ છોકરો સમજે છે કે, મને મારી દાઇએ આપ્યું તો એવીજ તરેહ અલ્લાહની તો પોતાના બંદા ઉપર બાપથી પણ વધારે મહેરબાની છે. અને તેની હાજતોને ખુબ જાણે છે. જેથી તે પોતાના કરમ (અને કૃપા)થી બરલાવે છે. કમબખ્ત હિંદુ તેને બુતોથી સમજે છે. અને જાહેલ મુસલમાન પોતાના પીરોથી! પણ મુનસફીની વાત એ છે કે, "જેનું ખાએ તેનું ગાએ."

અલ્લાહતઆલાએ ફરમાવ્યું છે. "અલ્લાહસિવાય એવા

ને જે પોકારે કે, તેને તેની ફરિયાદ ક્યામત સુધી પોહોંચે નહિ. તેથી વધારે ગુમરાહ (માર્ગથી ભટકેલો) કોણ છે. ? અને તેઓ તેઓના પોકારથી અજાણ છે. અને જ્યારે (ક્યામતમાં) લોકો ભેગા થશે તો તે (બુતો વિગેરે) તેઓના દુશ્મન થશે, અને તેઓના પુંજવાથી નકાર કરનાર થશે. સૂરા અહકાફ ૪૬;૫

ફાયદો—એટલે અલ્લાહ સિવાય કોઇને કંઈ અખત્યાર નથી. ત્યારે જે લોકો બુતો અને બુજરૂગોની પાસે માંગે છે, તેઓ જો ક્યામત સુધી પોકાર્યા કરે તો તેઓથી કાંઇ બનવાનું નહિ. અને મદદ તો તે કરે છે કે. જેઓને એમના હાલની ખબર હોય; તે અલ્લાહતઆલાએ ફરમાવી દીધું કે, તેઓને આ લોકોના પોકારવાની ખબર પણ થતી નથી, કે કોણ અમારી પાસે ફરિયાદ કરે છે. એટલે ગેબની (ત્રીકાળની છુપી) વાત જાણવી અને દરેક જગ્યા હાજેર નાજેર રહેવું, એ અલ્લાહની શાન છે. બંદા અગર જો પેગંબર હોય પણ અલ્લાહના બતાવ્યા વગર શું જાણે ? લોકો અજબ નાદાન છે કે, (સેંકડો) કોસ અને મંજલોથી બુજરૂગોને પોકારે છે કે "ઓ ફલાણા હઝરત" અમારી મદદ કરો. પણ તેઓ આટલું સમજતા નથી કે, તેઓ આટલે દુરથી શી રીતે સાંભળશે. શું તેઓ જગતમાં ફરતા ફરે છે ? અથવા ખુદાની પનાહ શું તેઓ ખુદા છે કે બધાં જહાનમાં હાજેર નાજેર રહે છે ? જીવતા હતા ત્યારે

તો આધેની વાત પણ સાંભળતા નહોતા હવે મરવા પછી બધું જ સાંભળવા લાગ્યા? અને વધુ આશ્ચર્યની વાત તો આ છે કે, લોકો દુનિયામાં ખુદા સિવાય જેને પોકારતા હતા કે નિયાજ માનતા હતા, તેઓની પાસે ક્યામતમાં જશે હક્ક તઆલા ફરમાવે છે કે તેઓ તેઓથી ગુસ્સે થશે. અને કહેશે કે તમો જુઠા છો; અમોએ તમોને ક્યારે કહ્યું હતું કે તમો પોતાની મતલબો અમારી પાસે માગ્યા કરજો? વારૂ બતાવો કે હમોએ એને કંઇ કીતાબમાં લખેલું? હમારી શું મકદુર કે, હમો અલ્લાહતઆલાના કારખાનામાં દખલ આપીએ હમારી બલાથી જેવું તમારૂં કીધેલું તેવું તમો ભોગવો!!

કેટલાક નાદાન જ્યારે આ સાંભળે છે કે, અલ્લાહ-તઆલા સિવાય કોઇ નબી વલીને ગરજ સારવાની શક્તિ નથી તો કહે છે કે, આ લોકો બુજરૂગોથી નકાર કરનાર તથા બેઅકીદા છે. તેનો જવાબ આ છે કે, ખુદાની પનાહ (મઆ જલ્લાહ) અમો તેઓથી બે એતેકાદ નથી, અમો આટલું જાણીએ છીએ કે, તેઓ ખુદાના મકબૂલ બંદા છે. તેમને પણ ખુદાની ગુલામી અને ફરમાબરદારીથી મરતબો મળ્યો છે. પણ તમારી માફક અમો ખુદાતઆલાના કામમાં તેઓને મુખ્ત્યાર (કે અધીકારી) જાણુતા નથી. અને ખરી વાત આ છે કે, જેની સાથે કોઇ મોહોબ્બત અને અકીદા રાખે છે. તો તે તેનો

માર્ગ અખત્યાર કરે છે. તો જો તમોને નબીયો (અલે) સાથે તેવો સાચો અકીદો હતે તો તમો તેઓના ફરમાન ઉપર ચાલતે અને પોતાના તરફથી તેઓના વગર હુકમે કાંઇ કલ્પના કરતે નહિ. ?!!

સર્વ જાહેલોની એવી ટેવ છે કે, જ્યારે કાંઇ જવાબ બનતો નથી, અને તકરારમાં બંધ થાય છે તો આજેજ થઇને છેવટમાં એમ જવાબ આપે છે કે, આ જે તમો કહો છો કે, અલ્લાહ સિવાય કોઇ પેગંબર પાસે મુરાદો માંગવી દુરસ્ત નથી. એ વાત તો નવી છે. હમોએ હમારા બાપદાદાથી કદી સાંભળી નથી ! શું પહેલાં આલેમ ફાજેલ નહોતા ? તમો શું નવા પેદા થયા છે ? એનો (જવાબ) આ છે કે, હમો એ બાબતમાં કુરઆનની આયતો બ્યાન કરીએ છીએ કે જે કુરઆન હજરત (સલ) ઉપર ઉતરવાને બારસો (પણ હાલે ૧૩૪૨) વર્ષ થયાં છે અને જે ઇમામો અને પીરોથી તમો માંગો છો, તેઓ પેગંબર (સલ) પછી પેદા થયા છે. જરા ગુસ્સાને રોકો. ઇન્સાફ કરો કે, હવે તમારી વાત નવી છે કે હમારી ? અમે દરેક વખતના આલેમ ફાજેલ શીરકની બુરાઇઓને પોતાની કીતાબોમાં લખતા આવ્યા છે. આજ સુધી કોઈ દીનદાર આલેમે કહ્યું નથી કે, અલ્લાહ વગર કોઇ વલી, યા નબીથી પણ મદદ માંગવી દુરસ્ત છે. અને કુરઆનથી વાકેફગાર આલેમ કદી -(પણ)

કહેશે નહિ. અને જો તમોને અમારા કહેવામાં કાંઇ શક હોય તો કોઇ (દીનદાર) આલેમ ફાઝેલથી કુરઆન શરીફની આ આયતોના માયના (મતલબ) પૂછે. જુઓ, તે પણ એજ અર્થ બ્યાન કરે છે, અથવા કોઇ બીજા! શીયા સુન્ની સર્વ એ બાબતમાં એકમતે છે. શીરકમાં કોઇને વાંધો નથી. અને તમો તમારા બાપદાદાથી સાંભળો શું? જેવા તમો દીનથી જાહેલ છો, અને કુરઆન હદીસના માયના જાણતા નથી. તેવાજ તેઓ પણ હશે. વારૂ આંધળો પણ કોઇ ઠેકાણે આંધળાને માર્ગે લગાડે છે?" અને ઇન્સાફ તો આ છે કે, હમો ઇમાન હઝરત મોહમ્મદ (સલ) ઉપર લાવ્યા છીએ. કંઇ બાપદાદા ઉપર ઇમાન લાવ્યા નથી કે, તેઓની વાત માનીએ જો બાપદાદાનો માર્ગ પેગંબરને મુવાફેક હોય તો અમો તેના તાબેદાર છીએ અને નહિ તો મોહંમદ (સલ) ને રસતે ચાલીશું કે જેવણનો તરીકો સર્વ તરીકાથી બેહતર છે.

વારૂં અમો તમને પુછીએ છીએ કે, જો તમારા બાપ દાદા કંગાલ હોય, રોટીના મોહતાજ હોય, અને તમને ખુદાએ પોતાના કરમથી માલ અને દોલત દીધી હોય તો તમો તે માલને રાખશો, અથવા એજ કહી ફેંકી દેશો? કે હમારા બાપદાદાની પાસે માલતો નહોતો જેથી હમોને પણ લેવું નહિં જોઇએ, સુબહાનલ્લાહ? દીનને કબુલ કરવામાંતો

આપદાદા યાદ આવે છે. અને માલ લેવા તૈયાર. અને અજબ ઇત્તેફાક (અને વખતમાં મલતાપણું) છે કે, જેવી રીતે હમણાંના જાહેલ મુસલમાન બાપદાદાની રીત રીવાજને દલીલ પકડે છે, અને મના કરનારને જવાબ આપે છે, તેવોજ મક્કાના કાફેરો ખુદાના પેગંમબર (સલ) ને જવાબ આપતા હતા, જેમકે એનું બ્યાન આ આયતમાં છે.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું: "અને જ્યારે, તેઓને (કાફેરોને) કહેવાયું કે ખુદાએ જે ઉતાર્યું તેની પૂઠે લાગો તેઓ કહે છે ના! હમો તેની તાબેદારી કરીશું કે જેના ઉપર હમોએ હમારા બાપદાદાને જોયા.! અને વારૂ, તેઓના બાપદાદા કાંઇ અક્કલ રાખતા ન હોય, અને કાંઈ માર્ગની ખબર નહિ રાખતા હોય તોએ? સુરા બકર ૨; ૧૭૦

ફાયદો—એટલે બાપદાદાની તાબેદારી તેટલાં દરજે બેહતર છે કે, જેમાં જહાલત (દીનથી વિરૂદ્ધ) ન હોય, અને જ્યારે જણાય કે, તેમની રીત તદન ખુદાના હુકમને વિરૂદ્ધ છે તો ફરી તે ઉપર કદી ચાલવુંજ નહીં જોઇએ. "અજબની વાત છે કે, મોહમ્મદ (સલ)નો તો કલમો ભણીએ અને શેખ શદ્દુને માર્ગે ચાલીએ.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું અને જ્યારે એકલા અલ્લાહનું નામ લેવાય તો આખેરત ઉપર ઇમાન નહી લાવનારાઓના દીલો

રૂંધાઇ જાય છે, અને જ્યારે તેના સિવાય બીજાઓના નામ લેવાય તો ફરી તેઓ ખુશી થાય છે," સુરા ઝોમર ૩૯;૪૫

ફાયદો—અફસોસ છે કે, હમણાના જાહેલ મુસલમાનોને પણ આગલાં કાફરોના જેવી આદત થઇ ગઇ છે કે, ફક્ત અલ્લાહના ઝીકરથી એઓ પણ ખુશ થતા નથી. એટલે જ્યારે તેઓને કહો કે ખુદા વગર કોઇને કાંઇ અખત્યાર નથી, અને કોઇની નજર માનતા કરવી દુરસ્ત નથી, તો મ્હોં ફડવું કરીને સુન થઇ જાય છે, અને જ્યારે ખુદાતઆલા સિવાય મદાર સાલારના ઝુંડાની નિશાનનું ઝીકર આવે છે ત્યારે રાજી થાય છે. !!

કેટલાક કુરઆનથી અજાણ કહે છે કે, નબીયો, વલીયો આપોઆપ (મુસ્તકેલ) પોતે માલેક તો નથી, પણ માનતા માનીને તેમની નજર ન્યાઝ કરીએ અને હાજતો માંગીએ આવી નૈયતથી માંગીએ છીએ કે, એઓ અલ્લાહના હુકમથી જગતની ગરજો પુરી કરે છે તો દુરસ્ત છે. એનો જવાબ આ છે કે જો તમો સાચા છો તો કુરઆનની કંઇ આયતથી, અથવા કોઈ હદીસથી એ વાતને સાબેત કરો કે, (ખુદાએ એમ કહ્યું હોય કે) મેં નબીયોને, વલીયોને પોતાના તરફથી મુખત્યાર કીધા છે તથા અધિકારી આપી છે. મારા હુકમથી પાણી વરસાવે છે. ઓલાદ આપે છે. બીમારોને સારાં કરે છે તેમની માનતા

કરીને લોકો નજર નીયાઝ કર્યા કરે અને જ્યારે કુરઆન હદીસમાં નથી તો પોતાના તરફથી મનઘડત કહેનાર થયા. અને ઘણું બુંડું કરનાર થયા. મુસલમાનોને લાઝેમ નથી કે, પોતાની અલ્પ બુદ્ધિ (નાકેસ અકલ)થી દીનમાં દખલ દે! હા, અલબત, હકક તઆલાએ ફરમાવ્યું છે કે ફીરશતા ઘણાં ખરા કામો ઉપર મુકર્રર થયા છે. પણ આ અખત્યાર તો તેમને પણ નથી કે, જે ચાહે તે કરે, જે જે કામ ઉપર જેવો હુકમ થાય છે તેવું તેઓ કરે છે. હવે કોઈ શખ્સ ફીરશતાઓને મુકર્રર થયલા જાણી કાંઈ માંગે તો તેની નાદાની છે. કારણ કે, એઓ તો તદન (અઅખત્યાર) છે. અને હુકમને તાબે છે.

અને આ જાણવું જોઈએ કે હઝરત (સલ)ના વખતમાં મુશરેકો આ કહેતા નહિ હતા કે બુતો ખુદાની બરાબર છે. તેઓ પણ આજ કહેતા હતા કે સર્વનો માલેક અલ્લાહ જ છે. પણ બુતો અમારી ભલામણ કરનાર છે. તેના હુકમથી અમારી હાજતો પુરી કરે છે. જેમકે નીચેની આયતમાં બ્યાન થયું છે:—

અલ્લાહતઆલાએ ફરમાવ્યું "અલ્લાહનેજ માટે ચોખી બંદગી (પ્રાર્થના) છે, અને જેઓએ તેના વગર બીજાઓની હીમાયતી કરી લીધી છે (તેઓ કહે છે કે) અમે તેઓને એટલા

માટે પૂજીએ છીએ કે તેઓ અમોને ખુદાની તરફ પાસેના દરજ્જાએ પોહોંચાવે." ! ! અને એવીજ તરેહ બીજી આયતમાં છે. અલ્લાહતાલાએ ફરમાવ્યું "અને તેઓ પુંજે છે ખુદા વગર બીજાને કે, જેઓ ન તેઓને નુકસાની આપે. અને ન તેઓને લાભ આપે અને કહે છે કે, એઓ અમારા સીફારશી ભલામણ કરનારા છે ખુદાની આગળ. ! તું કહે (ઓ મોહમ્મદ (સલ) શું તમો ખુદાને ખબર આપો છો. જેની તેને ખબર નથી કશે ન આસમાનમાં અને ન જમીનમાં.? તેને પવિત્રાય છે! અને જે શીરક કરો છો તેથી તે દુર છે." સુરા:યુનોસ, ૧૦;૧૮

ફાયદો—આ બંને આયતોથી સાફ જણાયું કે, અરબના કાફેરો બુતોને ખુદાની બરાબર સમજતા નહોતા, પણ તેઓને સર્વ કામના કારીંદા તથા મુખત્યાર સમજીને તેઓની નજર નિયાજ (માનત) કરતા હતા. તો ખુદા તઆલાએ તેને પણ શિરક ફરમાવ્યું. સુબહાન—લ્લાહ ? જે શિરકને મટાડવા કુરઆન શરીફ ઉતર્યું, અને ખુદાના પેગંબરો કાફરોથી લડયા, તેજ શીરક હમણાંના જાહેલ મુસલમાનો પણ કરવા લાગ્યા. (બંનેમાં) ફરક આટલો છે કે, તે કાફેરો બુતોથી હાજતો માંગતા હતા. અને હમણાંના લોક બુતોથી તો માંગતા નથી, પણ પીરોથી માંગે છે તેની તેજ મીસાલ

છે કે, "ગાય બંને રીતે મરે કસાઇથી છુટે તો વાઘને પાલવે પડે.૧" જેમ કાફેરો કહેતા હતા કે સર્વનો માલેક અલ્લાહ છે. અને ફરી તેને છોડીને બીજાઓની મદદ માંગતા હતા તેમજ આ લોકો! પણ મતલબ કે શેતાન માણુસોનો જાની દુશમન છે. તે સારૂં કદી ચાહતો નથી કે, આદમી અલ્લાહ સુધી પોહોંચે. કોઇને બુતની પાસે અટકાવે છે, અને કોઇને પીરની પાસે. મુળ મતલબ (ખુદાના માર્ગથી)બંને આઘા પડયા.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું. " અલ્લાહે એક મિસાલ બયાન કીધી. એક એવો શખ્સ (ગુલામ) છે કે જેમાં કેટલાક ભાગીદાર જીદ્દીઓ છે. અને એક શખ્સ (સેવક) એવો છે કે; પુરો એક શખ્સનો છે, વારૂં, શું તે બંને બરાબર છે. મિસાલમાં? સર્વ તારીફ અલ્લાહનેજ માટે છે પણ ઘણાં લોક જાણુતા નથી" સુરા ઝોમર. ૩૯;૨૯.

ફાયદો—જે શખ્સ કંઇએકનો ગુલામ હોય તેને પોતાનો કોઇ નહિ સમજે તો તેની પૂરી ખબર પણુ કોઇ લે નહીં,

---

૧ કોઇ માણુસ એમ કહે કે, મોલવી સાહેબે પીરને અને બુતને સરખા ગણ્યા. તેનો જવાબ કે મોલવી સાહેબ બંનેને સરખા ગણુતા નથી, પણ એમ કહે છે કે, બેમાંથી કોઇની બંદગી કીધી કે, જાય છે દાખલા તરીકે એક રોજદાર માણુસ જો ઘુ ખાશે તો તેનો રોજો જશે, તો શું એથી "મીઠાઇ અને ઘુ" સરખા થશે?

અને જો તે ગુલામ કોઇથી કંઇ માંગે તો તે એક બીજા ઉપર નાંખે કે બીજાઓથી પણ માંગ શું તું એકલો મારોજ ગુલામ છે.? અને જે શખ્સ એકનો ગુલામ હોય તો તે તેને પોતાનો સમજે છે અને તેની પુરી ખબરદારી રાખે છે. કેમ કે માલેક જાણે છે કે, મારા વગર એનો કોણ છે. ! ! જે કોઇ અલ્લાહુનેજ પોતાનો માલેક જાણે છે અને તેના વગર કોઇથી મદદ નહીં માંગતો તો તે તેના વગર બીજા કોઇથી મદદ માંગશે નહિ અને જે કંઇ એકથી આશા રાખે છે તે બંનેની અલ્લાહુતઆલાએ આ મીસાલ બ્યાન કીધી છે. હકીકતમાં શીરકવાળાને મોટી મુસીબત છે. તેનું દીલ ચોમેર વહેંચાયલું છે. કદી શાહ મદાર (રહ)ને કહે છે કદી સૈયદ સાલારથી વિનંતી કરે છે. કદી હજરત અબ્બાસની આગળ નાક ઘસે છે. અને કદી કહે છે લાવો હું તેમની માનતા માનું. તેવણુજ મારા પર કર્મ(તથાં કૃપા)કરશે. અને જે માત્ર અલ્લાહુનીજ આશા રાખે છે, તે ઘણા ચેનમાં તથા ઘણા આરામમાં છે એણે માત્ર એક મોટા માલેકનોજ દરવાજો પકડેલો છે. એ સારી રીતે જાણે છે, કે નબી, વલી સર્વ તેના બંદા છે. કોઇને કાંઇ અખત્યાર નથી એનું ધ્યાન કોઇના તરફ જતું નથી. અને જો કે શીરક કરનારાઓની આકેબત તો બરબાદ થઇજ છે. પણ શીરક કીધાથી તેમનું દુનિયામાં પણ ઘણું નુકસાન છે કે, દુર દુરની મંજલોથી ખરચ કરીને કબરો

પુંજવાને:બાળે છે અને હજારો રૂપીઆ નઝર નીયાઝમાં ખરચે છે તો આક્રેબત પણ ખોઇ, અને દુનિયામાં પણ તેઓની તેજ મીસાલ છે કે; "દોનો દીનસે ગએ પાંડે, ન ઇધર હલવા ન ઉધર માંડે."

અલ્લાહુતઆલાએ ફરમાવ્યું (ઓ લોકો)! મારી પાસે માંગો તો હું કબુલ કરીશ." સુરા મુમેન ૪૦;૬૦. એટલે મને બાદશાહ અથવા હાકેમોના જેવો સમજવો નહિ, કે સલતનત (રાજ્ય) અને સરદારીની મગરૂરીમાં ગરીબની વાત સાંભળતા નથી* હું સર્વ જહાંનનો માલીક છતાં મારી સીફત(ગુણ) "કરીમ અને રહીમ"ના છે. હું દરેક (નાંના મોટાં આલા અદનાંની વાત સાંભળું છું. તમને જે હાજત થયા કરે, તે મને કહ્યા કરો હું પોતાના કરમથી તમારી દુવા કબૂલ કરીશ.

ફાયદો—ભાઇઓ ! ખ્યાલ કરો કે, અલ્લાહુતઆલા લોકોને પોતાની તરફ બોલાવે છે. અને આ નાદાન લોકો કયાં બેહકતા જાય છે. (એથી વધુ અપમાન શું હશે)

દ્દષ્ટાંત—છે કે, એક માણસનો પેસો ખુલ્લી રોશનીમાં

(*) અગિયાર મજાલેસની શેરો કે જેમાં લખેલું છે કે, ખુદા અને રસુલ પાસે માંગવામાં લાભ નથી !! માટે હઝરત પીરથી ગરજ માગવી તેનો રદીઓ હઝરત પીરની કીતાબ "ફતુહુલ ગેબ" કરે છે.

મેદાન વચ્ચે પડયો. અને જો તે માણસ દીવો લઇને શોધવા લાગે તો લોક તેને કહેશે કે આ માણસ મોટો અહમક (મૂર્ખ) છે. કે સૂર્યની રોશની હોવા છતાં દીવો લઇને ફરતો ફરે છે. એવીજ તરેહ તે લોકો અહમક (મૂર્ખ) છે કે; અલ્લાહ જેવો દાતા છતાં બીજાઓ પાસે હાજતો માગે છે. અને આંધળાની પેઠે દરેક તરફ ભટકતા ફરે છે, અલ્લાહ એવો કરીમ છે કે, તમો પ્રથમ કાંઇ નહોતા ત્યારે તેણે તમોને પેદા કીધાં જો તે (તમને) સુવ્વર અગર કુતરો બનાવતે તો, તમો શું કરતે? પોતાના કરમ (અને કૃપાથી) તેણે તમોને માનવંતા બનાવ્યા ફરી તમારે વગર કહે, રૂહ દીલ, હાથ, પગ, આંખ, નાક, કાન, તમોને આપ્યા, એક આંખ (બખશિશ કરેલી) એવી નેમત છે કે, જો કોઇ તમોને લાખ રૂપીઆ આપે, અને તમારી પાસે "આંખ" માગે તો કદી તમારાથી અપાય નહિં? વારૂ, વિચારો કે, જેણે તમને વગર માગે આ નેમતો આપી તે શું હમણા માંગવાથી નહિ આપશે? કે જેથી તમો અહીંથી તહીં ઇમાનને ડામાડોલ કરતા ફરો છો?

માણુસોએ સમજવું જોઇએ કે, અલ્લાહથી કઇ મતલબ થઇ શક્તિ નથી કે તમોને બીજા પાસેથી જરૂર પડે. "મુસલમાનો! જ્યારે તમોને કુરઆન મજીદથી સાફ જણાઇ ગયું કે, અલ્લાહ વગર કોઇ માલીક નથી. અને તેણે ન કોઈ પીર પેગંબરને

પોતાના તરફથી મુખત્યાર ઠરાવ્યો છે? તો જો તમો કુરઆન ઉપર ઇમાન લાવ્યા છો, અગર ખુદાને મ્હોં દેખાડવું છે. તો તેના હુકમપર ચાલો, અને તેના વગર બીજા કોઇથી હાજતો ન માગો. જ્યારે તમો જાણીતા નહોતા ત્યારે લાચાર હતા. હવે તો તમારાપર ફરજ છે કે, શીરકથી તોબાહ કરો ખુદાને વાસ્તે જીદ નહીં કરો. પોતાના દિલમાં વિચારો કે, શીરક મુકવા તમારૂં શું નુકસાન છે? જો તમોને નઝર માનતા માનવામાં (અને પુંજા કરવામાં) પીરના છુટી જવાનો ગમ છે તો અલ્લાહ જેવો માલેક તમોને મળે છે કે. જેનાથી પીર પણ પોતાની હાજતો માંગ્યાં કરતા હતા. અને જો તમારાથી ખરચ કર્યા વગર રહેવાતું ન હોય તો, જેટલો માલ તમો પેગંબરોની માનતામાં ખરચો છો, તેટલો અલ્લાહની નજર તથા માનતામાં ખર્ચ કરો. (અને તેનો સવાબ–જ્યા ચાહો ત્યાં બખ્શો.) વારૂ જ્યારે તમોને અલ્લાહ મળી ગયો તો હવે આવાં કામમાં બીજાની શું પરવા રહી, મીસલ મશહુર છે કે, " જીસકા અલ્લાહ યાર હે, ઉસકા બેડા પાર હે. એટલે "જે અલ્લાહનો થઇ ગયો, તો અલ્લાહ તેનો થઇ ગયો." (કુરઆન શરીફ)

ત્રીજી ફસલ

એમાં તે ચીજોનું બ્યાન છે. કે, જેને અલ્લાહતઆલાએ પોતાની તઅઝીમને માટે ખાસ કીધી છે, કે તે બીજાને કરણું દુરસ્ત નથી. જેમકે દુનિયામાં બાદશાહોએ પોતા માટે તખત્પર બેસવું ખાસ કીધું છે અને અગર જો બીજો વઝીર હોય પણ તે તેપર બેસી શકતો નથી. તેવી ચાર ચીજો લખું છું તેમાંથી પહેલું "સિજદો છે":—

અલ્લાહતઆલાએ ફરમાવ્યું. "સૂર્ય કે ચંદ્રને તમો સિજદો નહીં કરો, પણ જેણે એઓને પેદા કીધા છે. તેને તમો સિજદો કરો, જો તમો તેની બંદગી કરો છો તો" સુરા: હામીમ સીજદા ૪૧; ૩૭

ફાયદો—એટલે સીજદો (શિર નમાવી પ્રાર્થના) કરવાને તેજ લાયક છે કે, જેને પેદા કરવાની કુદ્રત હોય, અને જે પોતે પેદા થવામાં બીજાનો ગરજવાન હોય તેને સીજદો કરવો ન જોઇએ. આ આયતથી સાફ જણાયું કે; વલીઓ (પીરો) ની કબરોને અને તાજીઆં(તાબુત)ને સીજદો કરવો હરામ છે.! કેટલાક અણસમજુ કહે છે કે, ફીરસ્તાઓએ હજરત આદમ (અલે) ને સીજદો કર્યો હતો. અને હજરત યાકુબે યુસોફ (અલે) ને (સિજદો કીધો હતો,)

એવીજ તરેહ અમો પણ બુજરૂગોને (સીજદો) કરીએ છીએ? તેનો જવાબ આ છે કે, પ્રથમ સીજદો કરવો દુરૂસ્ત હતો. પણ આપણા પેગંબર (સલ)ના દીનમાં મનાઇ થયો છે, જેમકે હજરત આદમ (અલે)ના વખતમાં સગી બહેન સાથેના વિવાહ દુરૂસ્ત હતા. પણ હવે તે હરામ છે.!

બીજું ખુદા વગર બીજાનો રોઝો રાખવો પણ લાયક નથી. નાદાન લોક હજરત અલી (રદી)નો રોઝો રાખે છે. કેટલાક આખા દિવસનો, અને કેટલાક હિંદુઓની પેઠે સવા પોહોરનો રોઝો રાખવો બંદગી સમજે છે.? અને જુઓ તો અલ્લાહ વગર કોઇની બંદગી દુરૂસ્ત નથી. “(હા) અલ્લાહનો રોઝો રાખે અને તેનો સવાબ હજરત અલી (રદી)ની રૂહને બક્ષે તો દુરૂસ્ત છે.”

ત્રીજું જાનવરનું જુબહ કરવું એ પણ અલ્લાહતઆલાને માટે ખાસ છે. નબી (સલ) સાહેબે કહ્યું: ખુદા વગર બીજા કોઇને વાસ્તે જે (જાનવર) જુબહ વધ્ધ કરે તેના પર ખુદા લાનત કરે.” (મિશકાત શરીફ)

ફાયદો—આ હદીસથી જણાયું કે સૈયદ અહમદ કબીરની ગાય અને અબદુલ કાદેર જીલાની (રહ)નો બકરો કહેવો, અને તેમનું નામ રાખીને જુબહ કરવું દુરૂસ્ત નથી ! પણ ખાંવા અને વેચવા જાનવરને જુબહ કરવું દુરૂસ્ત છે, કેમકે

એમાં શીરક અને માનતા નથી. માત્ર ગોશતનીજ મતલબ હોય છે. અને જે જાનવર કે પીરો અને બુતોને માટે જુબહ થયું હોય તેનું ગોશત ખાવું આ આયત પ્રમાણે દુરૂસ્ત નથી:—તે આયત આ છે.

અલ્લાહતઆલાએ ફરમાવ્યું "તમોપર મુરદુ હરામ છે, અને ખુન, અને સુવરનું ગોશત અને તે ચીજ કે, જેના પર ખુદા વગર બીજાનું નામ બોલાયુ હોય." સુરા બકર ૨;૧૭૩

ફાયદો—નામ પોકારવું બે તરેહનું છે. એક તો એ કે જુબહ કરવાથી પહેલાં નામ પાડવું કે આ બકરો અબદુલકાદેર જીલાની(રહ)નો છે. અથવા શેખ શદ્દુનો અથવા ભવાનીનો ભોગ છે. અને બીજું એ કે જુબહ કરતી વેળા નામ લેવું તો હમણાનાં લોક જુબહ કરવાની વખતે આદત પ્રમાણે "અલ્લાહો અકબર" કહે છે. પણ જુબહ કરવા પહેલાં ખુદા સિવાય બીજા કોઇનું નામ મશહુર કરે છે. (પણ) જ્યારે પ્રથમથી નૈયત બગડી તો "અલ્લાહો અકબર" કહેવાથી શું થાય છે. [1]જો કે કેટલાક કઠ મુલ્લાં બે ઇલમીપણાને લીધે એમાં તકરાર કરે છે. પણ

૧ નોટ:—દુર્રૅલ મુખ્તાર, અશબાહ, આલમગીરી, વિગેરેમાં છે કે કોઇ માણસ પ્રોણાગત (ઝીયાફત) ની નૈયતે નહીં પણ કોઇ માણસના માનમાં બકરો જુબહ કરે તો તેના ઉપર (બિસમિલ્લાહ) કહી હોય છતાં તે હરામ છે શુ૦ મો૦

આલેમોનો સહી મત આ છે કે આ ગોશતનું ખાવું કદી દુરૂસ્ત નથી. અને સીધી વાત તો આ છે કે, જે ચીજમાં શોબહ (શક) પડે તેને ખાવાની જરૂર શી ?

ચોથું નઝર નીયાઝનું માનવું એ પણ અલ્લાહને માટે ખાસ છે એટલે એમ કહેવું કે "ઇલાહી જો તું પોતાના કરમથી આ બીમારને સારૂં કરે તો હું દશ ફકીરને ખાણું ખવડાવીશ, અથવા રોજો રાખીશ." એનું નામ નઝર છે. અને જ્યારે કુરઆનથી સાબીત થઈ ચુકયું કે ખુદા સિવાય કોઇને હાજત પુરી પાડવાની કુદરત નથી તો ફરી પેગમબરોની નઝર અને માનતા માનવી તદન નિર્લાભ છે, મુસલમાનોને લાજેમ છે કે જ્યારે તેને કંઇ હોએ ત્યારે અલ્લાહ સુબહાનહુતઆલાની નઝર માને.! અને નઝર કરવું એ માત્ર ખાણા ઉપર બંધાયલું નથી પણ સર્વ નેક કામોમાં નઝર દુરૂસ્ત છે.જેમકે "રોઝો રાખવો, નફલ નમાજ પઢવી, કુવો ખોદાવવો, મસજીદ બનાવવી ! આ વખતના લોક બેઇલમીને લીધે ફાતેહાને નઝર નીયાઝ કહે છે. એ લફ્જ (શબ્દ) અલ્લાહનેજ માટે ખાસ છે. અલ્લાહના લફ્જને બીજી જગ્યા બોલવું અદબથી આઘું છે. ફાતેહા કહેવામાં શું બુરાઇ છે કે તેને નઝર નીયાઝ કહે છે ?

ચોથી ફસલ

(એમાં શિરકની રસમોનું બ્યાન છે.)

શિરકની જે રસમો હિન્દુસ્તાનમાં ચાલુ છે તે બેહદ ગણત્રીની અને બેહીસાબ છે, સર્વનું બ્યાન કરવું મુશકેલ છે. એટલા માટે આ જગ્યામાં થોડી રસમોનું બ્યાન થાય છે. એના ઉપર બીજીઓનું પણ તોલ કરવું જોઇએ!!

ખ્યાલ કરવાથી જણાયું છે કે હીન્દુસ્તાનની રસમો બે તરેહની છે, કેટલીક તો એવી છે કે તેનું કરવું કોઇપણ રીતે દુરસ્ત નથી. અને કેટલીક એવી છે કે એક રીતે તે દુરૂસ્ત છે અને બીજી રીતે દુરસ્ત નથીઃ–

ફાયદો–પહેલી તરેહ જેમકે નજુમી (જોશી) અને બ્રાહ્મણથી શાદી વિવાહની તારીખ પુછવી, અથવા સફર કરવા કે હવેલી બનાવવાના વખતે સારી ઘડીનું દર્યાફત કરવું એ કદી દુરૂસ્ત નથી, કે એ તો ચોખ્ખું શીરક છે.!!! કેમકે આગળ જણાઇ ચુક્યું છે કે ગેબની વાત ખુદાના પેગમ્બરને માલુમ નહોતી તો બીજાની શી હકીકત? નબી (સલ) એ ફરમાવ્યું છે કે જે કોઇ ગેબ બતાવનાર પાસે ગયો ને તેની વાતને સાચવી તો તે મોહંમદ (સલ) ઉપર ઉતારેલી વસ્તુ (કુરઆન)થી અભાગ્યો થયોઃ–એટલે કુરઆનમાં

તો આ હુકમ છે કે ગેબની વાત ખુદા સિવાય કોઇને જણાયલી નથી. અને જ્યારે કોઈ નજુમી અથવા બ્રાહ્મણથી, ભલી ભૂંડી ઘડી પુછી તો જાણે તે કુરઆનનો નકાર કરનાર થયો એનું દોજખ વગર ક્યાં ઠેકાણું ? બ્રાહ્મણ દશ વાતો પોતાના તરફથી બનાવી બતાવે છે એમા કદી કોઇ ખરી પડી જાય છે ત્યારે નાદાનો સમજે છે કે તેઓની સર્વ વાતો સાચી હશે ![1] તેઓ એમ ખ્યાલ નહિ કરતા કે જો એ લોકો સાચા હતે તો પોતાના લાભની એઓ પ્રથમ ફીકર કરતે. ફાટેલી ધોતી બાંધી દરવાજે દરવાજે મારા મારા ભીખ માગવા શા માટે ફરતે ? અને એવીજ તરેહ તેવું મંતર જાણવું હરામ છે કે જેમાં હનુમાન અને લુનાન ચમારીની દુહાઈ હોએ અને એવીજ તરેહ કેટલાક મનાકેબ (સારા લોકોની તેવી તારીફો પણ (હરામ છે) કે જેમાં શિરકની વાતો હોએ[2] જેમ કે આશેઆર. (કવીતામાં છે.)

---

[1] યાદ રાખવા જોગ વાત છે કે સને ૧૩૧૭ હીજરીની રમજાનનો ચાંદ બધી જનતરીઓ (પંચાગો) માં ત્રીશો લખાયો હતો પણ તે ચાંદ ઓગણત્રીસો થયો એટલે એના ખોટા થવામાં તો શકજ નથી. એવીજ તરેહ સને ૧૩૧૮ હીજરીનો શવ્વાલનો ચાંદ દરેક જંત્રીમાં ત્રીશો લખાયો હતો પણ તે ઓગણત્રીશો થયો અને સેંકડો માણસોએ જોયો હતો. મુ. મો.

[2] એજ માટે અગીયાર મજલેસનું પઢવું હરામ છે.

"અલી જો ચાહે તો મકસદકો સર બરાહ કરે"
"ગદાકુ ચાહે તો એક પલમેં બાદશાહ કરે"

જાહેલ લોકોએ "શએર" કહેવા શીખી લીધી, પણ જે જીવમાં આવ્યું બકવા લાગ્યા. એઓને દુરૂસ્ત ના દુરૂસ્તની શી ખબર? અને એવીજ તરેહ "નબી બખ્શ" "સાલાર બખ્શ" "અબદુલ-નબી" "બંદાઅલી" "બંદાહુસેન" નામ રાખવું પણ બુરૂંછે એવું નામ શરીઅતમાં દુરૂસ્ત નથી કેમકે કુરઆન મજીદની કેટલીક આયતોથી પ્રથમ જણાવી ચુકયા છીએ કે ખુદાતાલા વગર કોઇ પીર પેગંબરને કાંઇ આપવાની કુદરત નથી! "શું લોકો જાહેલ થયા છે કે અલ્લાહના બંદા થઇને બંદાના બંદા થાય છે. અબદુલ્લાહ અબદુર-રહમાનમાં શું બુરાઇ છે જે અબદુન નબી અને બંદેઅલી નામ રાખે છે ?*

*નોટ-કેટલાક મુસલમાનો પોતાનાં બચ્ચાઓના નામો હિન્દુઓના રાખે છે એથી તેઓની મુશાબહત થાય છે એ પણ દુરૂસ્ત નથી કારણકે હદીસ શરીફમાં રસૂલલ્લાહે (સલ) ફરમાવ્યું છે કે જેણે જે કોમની મુશાબહત પકડી તે તેઓમાંથી છે !! તોબા તોબાઃ મુશાબહત જેમ નામમાં દુરસ્ત નથી તેમજ પહેરવાશમાં પણ દુરૂસ્ત નથી માટે અલ્લાહના દુશમનોના તરીકાથી જુદા રહેવું જોઇએ. અને મુસલ્માનો ને યોગ્ય નથી કે તેઓ પોતાનો ઇસલામી (તરીકા) રીત રિવાજ તજીને ખ્રિસ્તી તથા હિન્દુ-પારસીઓની રીત પકડે, તથા પહેરવાશ

ખરૂં જોતાં નાહાનની મોહબ્બત પણ સારી નથી કેમકે તે મરજી અમરજી ને મોકા બે મોકાને સમઝતો નથી. જો કે નામ રાખવામાં તેનાઅર્થો તરફ વિચાર કમ રહે છે પણ જે નામથી શીરક નીકલે તેને રાખવાની જરૂર શી? * અને એવીજ તરેહ માથા ઉપર શાહ મદારની ચોટલી રાખવી અને કાઢી ઉભી કરવી, માનતા કરીને કબરો ઉપર ચાદરો ચઢાવવી, (કબરે) દીવા બાળવા, પીરોને વાસ્તે જાનવરોનું જુબહ કરવું ઇમામ ઝામીનનો પૈસો બાજુ ઉપર બાંધવો ચોમાર્ગે સદકો મુકવો, પીર નસીરની ત્રણ કોડીની શીરીની માનવી, શીતળાની બીમારીમાં માલણને બોલાવવી, ગાયનું ગોશત તે વેળા ટોટકો સમજી નહિ રાંધવું એ બધી રસમો શિરકની છે. કોઇ રીતે દુરૂસ્ત નથી.

બીજી તરેહ જેમકે હઝરત અબ્બાસની હાજરી, હજરત ફાતેમાની સહનક, હજરત અબદુલ કાદેરજીલાનીની અગીયારમી,

---

પહેરે અને તેથી જાહેરમાં મુસલમાનોથી જુદા જણાઇ કારણકે આથી એવા જુદા લોકોને બીજા મુસલમાનો ધોકામાં પડી મુસલમાન નહીં સમજતાં જેથી એમાં ઘણી બાબતોની છુપી નુકસાનીઓ છે ખુદા સમઝ આપ આમીન.

અબદુર-રેહમાન મેનેજર કુતુબખાના સાદેકીયા રાંદેર

*નોટ—એજ માટે હજરત (સલ) એવા નામને ઇસલામ સ્વીકાર્યો પછી બદલતા હતા. મુ. મો.

શાહમદારનો મલીદો, બુઅલી કલંદરની ત્રણમણી, શાહ અબદુલ હક્કનો તોશો એને આ નૈયતથી કરવું કે એ હજરત તમો અમારૂં ફલાણું કામ કરી દો તો હરામ છે, તથા ઘણું બુરૂ છે, તથા સાફ શીરક છે:—કેમકે એનો હાલ સારી રીતે બ્યાન થયો છે. **“ અને જો (માનતા) નથી, માત્ર તેમની રૂહને સવાબ પુગાવવું મતલબ છે તો દુરૂસ્ત છે. એવી નૈયતથી હરગીજ મનાઈ નથી ”** પણ ખાવાનું ખાસ કરવું એવી રીતે કે હજરત અબ્બાસ (રદી)નો ફાતેહો માત્ર શીરમાલ અને કબાબ ઉપર થાએ! અને શાહઅબદુલહક્ક (રહ)નો ફાતેહો તર હલવા ઉપર થાએ! એ વગર બીજા ખાવા ઉપર નહિં કરવું એ છેક નાદાની છે (અને મુજાવરો તથા આજકાલના જાહેલ પીરોનો મનઘડત મસાલો છે.) એવીજ તરેહ તારીખનું મુકર્રર કરવું કે ફલાણા બુજરૂગનો ફાતેહો જે દિવસે છે તેજ દિવસે થવો જોઇએ, બીજી તારીખે દુરૂસ્ત નથી એ પણ “બે અસલ” (બેપાયા) છે, “પણ જે બુજરૂગનો ફાતેહો ગમે તે દહાડે કોઇ પણ ખાવા ઉપર કરે. “ખાવા અને દહાડાની નીમીત માત્ર હીન્દુસ્થાનીઓએ કહાડી છે. શરીઅતે મોહંમદીમાં એનો કોઇ જગ્યા પાયો નથી.” **“અને શરીઅત પ્રમાણે ફાતેહાનો બેહતર માર્ગ આ છે કે ખાઉં પકાવી મોહતાજ ગરીબોને વહેંચે અને**

એમ કહે એ અલ્લાહ આ ખાણું તારી નજર છે એનો સવાબ મારા તરફથી ખુદાના પેગમબર (સલ) ની રૂહને અથવા હઝરત અલી (રદી)ની રૂહને અથવા હજરત અબદુલ કાદેર જીલાની (રહ) ની રૂહને અથવા મારા બાપદાદાની રૂહને તું પોતાનાં કરમથી પોંહોંચવી દે" ખાવાનો સવાબ જુદો છે અને પહવાનો સવાબ જુદો છે. પણ હિન્દુઓની તરહ લીપવું પોચવું અને ખાવાની સાથે હુકકો અને અફીમ મુકે છે. કે કદાપી મુરદાની રૂહ કંઇ ખાતી પીતી હશે. "અસતગફેરૂલ્લાહ" જાહેલોએ દરેક વાતમાં એવી વાહીતબાહી રસમો કહાડી છે કે જેથી ઇસલામની રોનક તદન જતી રહી, દીનદાર મુસલમાનને લાઝેમ છે કે દરેક રીત રીવાજમાં ખુદાના પેગમબર (સલ)ના હુકમને તલાશ કરે કે આ બાબતમાં હઝરતે (સલ) શું ફરમાવ્યું છે. અને પોતાની અલ્પ બુદ્ધીને પેસારો કરે નહીં. જો માત્ર અમારી અક્કલ બસ હોત તો હક્કતઆલા હરામ હલાલને બતલાવવા પેગમ્બર (સલ)ને શા માટે મોકલતે. ?

પાંચમી ફસલ

'એમાં શિરકની બુરાઇ તથા શિરક કરવાની સજાનું બ્યાન છે.'

અલ્લાહ સુબંહાનહુ એ ફરમાવ્યું: "ખચીત ખુદા,તેની સાથે શરીક પકડવાના (પાપ)ને બખશતો નથી અને તેના સિવાય તેથી નીચલા ગુનાહમાંથી જેને ચાહે તેને બખ્શે છે. અને જેણે ખુદાની સાથે શિરક કીધું તેણે મોટી કલ્પના કીધી." સુરા નીસા, ૪,૪૭.

ફાયદો–ખરૂં જોતાં આથી મોટું કયું પાપ છે કે જેવી રીતે ખુદાથી મુરાદો માંગે તેવીજ રીતે તેના બંદાઓથી માંગે. તો જાણે તેણે માલીકને અને ગુલામને સરખા કીધા અને કારભારમાં ભેગા કીધાં, આ આયતથી જણાયું કે શિરકથી તોબા: કરવી એ મુસલમાનો ઉપર સર્વથી પહેલું છે કારણ કે બીજા ગુનાહને અગરજો કબીરા (મોટા) હોય પણ તેની બખ્શીશની આશા છે. અને શિરકતો તે બલા છે કે જેને અલ્લાહતઆલા કદી બક્ષશે નહિ "ખુદાની પનાહ! જેને ખુદાએ નહિ બક્ષો તેનું ઠેકાણું દોજખ વગર કયાં છે?

નબી [સલ] સાહેબે ફરમાવ્યું "અલ્લાહ સાથે શિરક નોકર અગર જો કોઇ તને કતલ કરે અથવા બાળી નાંખે" (મિશકાત શરીફ)

ફાયદો—હજરતે [સલ] આ એટલા માટે ફરમાવ્યું કે અગરઇમાન બચી ગયું તો કતલ અને મુસીબત તો ઘડીભરની છે. ફરી તો બેહેશત ઘર છે. અને જો મઆજલ્લાહ [ખુદાની પનાહ] તેણે શિરક કીધું તો અલ્લાહુતઆલાના ગજબમાં ગિરફતાર થયો, અને મુશરેક અગરજો બધી ઉમર દુન્યામાં ખુશીમાં કહાડે પણ છેવટ તેનું ઠેકાણું દોઝખ છે. આ ગુનેહગારે [કર્તાએ] જ્યારે શિરકની બુરાઇ કુરઆન અને હદીસમાં એવી રીતે જોઇ, અને અંજાણ મુસલમાનોને એમાં ફસેલા જોયા તો ખુદાની કસમ દીલ ઘણું દદર્યું અને ઘણો અફસોસ થયો ત્યારે એજ માટે આ રીસાલાને હીન્દી જુબાનમાં સ્હેલાઇથી સરળ કરીને લખ્યો. અને જલદી સમજવાને માટે આયત અને હદીસનો તરજુમો હીન્દી મહાવરા પ્રમાણે કીધો કે જેથી સર્વ બિચારા નાવાકેફ મુસલમાનોને ફાયદો થાય. એથી મારી કંઇ કાબલીયત બતાવવાની ગરજ નથી. આલેમોથી આશા છે કે તેઓ હિન્દી ભાષા વિષે ખો ન કહાડે. અને મતલબને જાણે.

રીસાલો સમાપ્ત

"ઉપસંહાર (ખાતેમાઃ) એમાં ત્રણ ફાયદા છે."

પહેલો ફાયદો—જે શુબહો અને સવાલો આ વખતના લોકો શિરકની બાબતમાં ધ્યાન કરે છે. તેના જવાબો ખુલાસા

વાર આ રિસાલામાં બ્યાન થઇ ચુકયા છે. જે માણુસ અકલવાળો છે તે એને સારી રીતે જો સમજી લેશે તો બીજા સવાલોના જવાબો પણ દઇ શકશે પણ આ જગ્યા બીજા પણ બે કાયદા યાદ રાખવાની જરૂર છે:—

પહેલો કાયદો—તે એકે જ્યાં સુધી હદીસની સનદ નહિ પુગે અને તે હદીસ મોહદદેસોની કઇ કીતાબમાં છે; એ નહીં જણાય ત્યાં સુધી તેને માનવું નહીં જોઇએ. !!! ઘણી વાહીતબાહી હદીસો પાછલા માશાએખોની કીતાબોમાં લખાયલી છે અને ઓલમા મોહાદ્દેસીનની નજદીક તેનો કશો ઇતબાર નથી.* એવીજ તરેહ જે હદીસની મતલબ કુરઆનને વિરૂદ્ધ હોય તેને પણ ગલત જાણવું જોઇએ કુરઆન વગર ઘણી હદીસો છે પણ જે હદીસ શરીઅતની મતલબને મુવાફેક હોય તેને માનવું જોઇએ જેમકે એની એક મિસાલ લખાય છે. (મસલં) "કુરઆન મજીદથી અમોને જણાઇ ચુકયું છે કે પોતે પેગમ્બરને પોતાના જાનના નફાનુકશાનનો કંઇ અખત્યાર નથી. હવે જો કોઇ હદીસ એવા મજમુનની નકલ કરે કે પેગમ્બર (સલ) ને સર્વ ચીજોનો

*હજરત (સલ)ને સર્વ વસ્તુની ખબર છે એવું બોલનાર જો પોતાની વાતને સિદ્ધ કરવા ચાહે તો તેને આ કાયદો ધ્યાનમાં રાખવો જોઇએ. ગુ. મો.

અખત્યાર છે તેવણુ ચાહે તે કરે, તો અમો તેને માનશું નહિ કેમકે કુરઆન શરીફની વિરૂદ્ધ પેગંબર [સલ]નું ફરમાવવું બનવાજોગ નથી.

બીજો ફાયદો—તે એ છે કે મુસલમાનોને લાઝેમ છે કે તેઓ અકીદાને કુરઆન હદીસને મોવાફેક દુરૂસ્ત (ઠીક) કરે, અને કીસ્સા અને નકલોને અકીદાઓમાં દખલ નહી દે. ઘણી મખલુકનો આકીદો આ સબબથી બગડયો કે ફલાણા બુજરૂગથી એમ થયું હતું. અને ફલાણાએ આ કીધું હતું એવી મુસલમાની ઉપર કુરબાન કે કુરઆન મજીદને તો તાખમાં રાખ્યું અને નકામા કીસ્સા કહાણીઓ ઉપર અકીદો બાંધ્યો; !!! કોઇ માણસ આથી વલીઓની કરામતનો ઇનકાર સમજે નહિ કેમકે આ સિદ્ધ થયલું છે કે હક્કતઆલા કદી વલીઓને હાથે કરામતો જાહેર કરાવે છે કે જેથી લોકોને તેઓની બુઝુરગી અને મોટાઈ જણાય. પણ દરેક વખત તેઓને આ અખત્યાર નથી કે જે ચીજને જ્યારે ચાહે ત્યારે કરે.? ફરી જ્યારે તેઓનો અખત્યાર નહિ થયો તો તેઓથી હાજતો માંગવી તદન નાહાની છે.!! રહ્યું ખુદાની જનાબમાં તેઓ પાસે દુઆ કરાવ્વું તેને તો કોઈ મના નહિ કરતું. મતલબ કે જ્યારે કુરઆનથી સિદ્ધ થયું કે ખુદા સિવાય કોઇને હાજત પુરી પાડવાની

શક્તિ નથી તો હવે કોઇ ગમે તે કહે અને કેટલી પણ વાતો ઘડયા કરે તેને કદી સાંભળવી નહિ જોઇએ:- કેમકે ખુદાતઆલા જેવો કોણ છે કે અમો તેની વાત ઉપર યકીન લાવીએ.

બીજો ફાયદો—જે મુસલમાન ભાઇ આ રીસાલાને જુએ તેમની ખીજમત(સેવા)માં સલામ બાદ આ અરજ છે કે આ વખતના મરદ અને ઓરતોને આ રિસાલો સંભળાવ્વો. તેઓની આગળ નરમાશથી મોહબ્બત કરીને વાંચવું પોતા ઉપર જરૂર અને વાજેબ જાણે. "ઘણા લોકો બાપડા અજાણ પણાને લીધે લાચાર છે. જો ધીમે ધીમે સમજાવશે તો અલ્લાહથી ઉમેદ છે કે લોકો તોહિદને સમજી જશે અને શિરકથી તોબાઃ કરશે. (મસલા) જો તમારી રૂબરૂ તમારો છોકરો અથવા કોઇ દોસ્ત અંજાણપણાથી ઝેર ખાવા લાગે તો તમો તેને કદી ઝેર ખાવા નહિ દેશો કેમકે તમને યકીન છે કે એણે ઝેર ખાધું કે મર્યો. ત્યારે એવીજ રીતે શિરકને પણ સમજો કે તેના કરવાથી ઇમાન મરે છે. "અને એ એવી બુરી ચીજ છે કે જેને પાછો કલમો નહીં પઢે ત્યાં સુધી ખુદા માફ કરતો નથી." તો જેવી રીતે તમો ઝેર ખાવાથી પોતાના દોસ્તને બચાવો છો તેમજ શીરકથી પણ બચાવો. અને જેવી રીતે થઇ શકે ભૂલા ભટકા લોકોને સીધે માર્ગે લાવો. ખુદા જાણે છે

કે એનો સવાબ તમારા રોઝા નમાઝથી તમને વધારે મળશે, “ નબી (સલ) સાહેબે ફરમાવ્યું: “ જે કોઈ સારો માર્ગ બતાવશે. તો તેને કરનારાની બરાબર સવાબ મળશે.” અને આ વાતની બ્હીક નહિ રાખવી જોઇએ કે લોકોની આદત મુદ્દતથી બગડેલી છે! તેઓ માનશે, કારણ કે આ સેવકે (કર્તાએ) ઘણીવાર અજમાવ્યું છે કે સમજાવ્યા બાદ જો બધા નહિ સમજે તો પાંચ દશ તો અલબત સમજે છે. સારી રીતે સમજાવાય અને તેમાંથી બે ચાર પણ નહિ સમજે એ બનવાજોગ નથી. “આ વખતના ઘણા આલેમ ફાજેલ પણ આ ખ્યાલથી કહેતા નથી કે લોક પોતાની જીદથી હમારૂં કહ્યું માનશે નહિં. પણ એ સારૂં નથી. જો આલેમ ફાજેલજ ભલું બુરૂં સમજાવતા નહિ રહેશે તો જાહેલ તદન દીનને તબાહ કરશે ! ! હાં અલબત આટલું છે કે શીરકના મના કીધાથી કેટલાક જીદ્દી લોક અને ઘણા પીરજાદા: દીનથી જાહેલ જેઓએ રેવડી ગાંઠયા અને ઝુંડા નિશાનોને પોતાની રોજી (પેટ ભરવાની) મુકર્રર કીધી છે, તેઓ કદી ખુશ નહિં થશે. અને ઘણાં ગુસ્સાથી લીલીપીળી આંખો કરશે. પણ મોહંમદી મુસલમાનોને એવા ખ્યાલથી ચુપ રહેવું લાઝેમ નથી. આપણો અલ્લાહ રાઝી જોઇએ. એ લોકો ખુશ હોય તો શું ? અને નાખુશ હોય તો શું. ??

ફાયદો ત્રીજો—જો કે શીરકનું બ્યાન ખુલાસાવાર નસર (ચાલુ વર્ણન)માં થયું છે. પણ થોડી મતલબ નઝમ (કવીતા)માં પણ મુનાસબ જણાય છે. કેમકે નઝમ ઘણું જલદી યાદ થાય છે. વિશેષ કરી છોકરાઓને યાદ કરવા માટે ગણું સારૂં છે. કે નાંનપણથીજ અકીદો ચોખો રહે અને શિરકની બુરાઇ સારી રીતે દીલમાં પેશી જાય:—

નઝમ.

ખુદા ફરમા ચુકા કુરઆંકે અંદર * મેરે મોહતાજ હેં પીરો પયગંમબર
નહિ તાકત સીવા મેરે કીસીમેં * કે કામ આવે તુમહારી બે કસીમેં
જો ખુદ મોહતાજ હોવે દુસરેકા * ભલા ઉસ્સે મદદકા માંગના કયા
ખુદાસે ઓર બુજુરગોંસેભી કહેના * યહી હે શીરક યારો ઇસ્સે બચના
ખબર કુરઆનમેં હે યે મોહકકક * નબખ્શેગા ખુદા મુશરેકકુ મુતલક
મઆજલ્લાહ જીસે ઉસને ન બખ્શા * મુકર્રર વોહ જહંનમમેં પડેગા.
અગર કુરઆંકુ તુમ સચ જાનતેહો * તો ફીર તુમ મંનતે કયું માનતે હો
તુમ્હે યે તોર બદ કીસને સીખાયા * મોહંમદને કહાં હે યે બતાયા
હે શેતાં દુશમને અવલાદે આદમ * સીખાતાહે વોહી રાહે જહંનમ
કીસીકુ બુતપ્રસ્તી હે સીખાતા * કીસીકુ હે વોહ કબરોપર ઝુકાતા
ગરઝ અલ્લાહસે દોનોકુ રોકા * ભોલાકર રાહ જા, ખંદકમેં ઝોંકા
મુસલમાનો જરા સોચો તો દીલમેં * ફંસે હો કીસતરહ તુમ આબોગીલમેં
બોહોત ગફલતમેં સોએ અબ તો જાગો * ખુદાકે હોતે બંદોસે ન માંગો
વોહ માલેક હે સબ આગે ઉસ્કે લાચાર * નહિ હે કોઇ ઉસ્કે ઘરકા મુખ્તીયાર

વોહ કયાહે જો નહિ હોતા ખુદાસે * જેસે તુમ માંગતે હો ઓલેયાસે
બયાને શીરક સુન કહેતે હેં મરદક * કે મુનકેર હેં બુજુરગોસે બેલાશક
અરે લોદો જુબાં અપનીકુ રોકો * બુજરગોંસે નહિ ઇનકાર હમકો
ખુદા લાનત કરે ઉસ રૂંસેયાહ પર * કે જીસકે દીલમેં હો બુગઝે પયમ્બર
જેસે હો બુગજ આલે મુરતફાકા * ખુદા ઉસ્કુ કરે દોજખકા કુનદા
જેસે અસહાબ હજરત સે હો ઇનકાર* રહે હરદમ ખુદાકી ઉસપે ફીટકાર
જેસે કુછ બુગ્જ હોવે અવલેયાસે * હમેશા અબર લાનત ઉસપે બરસે
અબ ઇતના ઓરભી સુન રખયે હજરત * જો હકપર નાચલે ઉસપરભી લાનત
હમારા કામ સમજાના હે યારો * અબ આગે ચાહો તુમ માનો નમાનો
તું અપને હાલમેં કુછ સોચ ખુર્રમ* જોબાં અબ બંધકર વલ્લાહો આલમ

નસીહતુલ મુસ્લેમીન સમાપ્ત.

એ પછી અલ્લાહના નેક બંદા (લાએલાહ ઇલ્લલ્લાહ મોહમ્મદ રસૂ લુલ્લાહનો)કલમો પઢનારા મ્હારા દીની ભાઈઓનેઅરજ એ છે કે દીનની તાલીમ બચ્ચાંઓને બાળપણથી આપવી જોઇએ તેનો સરસ માર્ગ આ દેશમાં આજ છે કે, મુસલમાનોની ગુજરાતી સ્કુલોમાં સરકારી સાત ચોપડી નહીં ભણાવતાં ઈસ્લામી ગુજરાતી ચોપડીઓ ચલાવાય. અનજુમન હિમાયતે ઇસ્લામ લાહોરે પોતાની ચોપડીઓ ઉરદુમાં કહાડી છે અને તે હજારો નહીં પણ લાખો છપાઈ છે. અને મુસલ-

માનો વાપરી રહ્યા છે તેમજ તાલીમુલ ઇસ્લામ ઉરદુના ચાર નંબરો પણ હિન્દુસ્તાનના મુસલમાન બચ્ચાઓને મદરેસાઓમાં શીખાવ્વામાં આવે છે. તેમજ રાંદેરના ઈસ્લામી મદરેસાઓમાંપણ વપરાય છેતેવી ચોપડીઓ ગુજરાતમાં ગુજરાતીમાં ચલાવવાની જરૂર છે કે જેથી છોકરાઓ ગુજરાતી વાંચવા ભણવા પણ શીખે અને દીનનું જ્ઞાન પણ આવતું જાએ. જે લોકો સરકારથી ગ્રાંટ મેળવે છે તેઓ પર સરકારી ચોપડીયો ભણવાની ફરજ છે, પણ જેઓ સરકારથી કશી મદદ મેળવતા નથી તેઓને સરકારી ચોપડીઓ ચલાવવાની જરૂર નથી પાદરીઓ પોતાની સ્કુલોમાં મુસલમાનોને પોતાની ધર્મિ ચોપડીઓ ચલાવે છે પણ અફસોસ કે, મુસલમાનો મુસલમાનોને પોતાની ધર્મિ ચોપડીઓ ચલાવતા નથી. ખુદા હિદાયત કરે.

હવે એ પછી કેટલુંક ઇસ્લામી સુનંત જમાનના અકીદાઓનું વર્ણન લખવામાં આવે છે. કારણકે એ વિના માણસનું દીન ઈમાન પાક સાફ થતું નથી. અને એને નહીં માનવાથી ખુદાની પનાહ માણસ કાફર થાય છે જેથી સર્વ મુસલમાનોને લાજેમ છે કે એને સારી રીતે સમજી યાદ કરી લે અને બે ઇમાનીથી બચી દોઝખની અગ્નિથી નજાત મેળવે (ખુદા હમોને બસ છે અને તેજ સારૂં કામ કરી આપનાર છે) આમીન

અકીદાઓનું વર્ણન

૧ અકીદહ સઘળું જહાન પ્રથમ તદન પેદા થયું નહોતું. અલ્લાહ તઆલાના ઉત્પન્ન કરવાથી હસ્તિમાં આવ્યું.

૨ અકીદહ અલ્લાહ એક છે તે કોઇનો ગરજવાન નથી. ન તેણે કોઇને જણ્યો અને ન કોઇએ તેને જણ્યો. તેની કોઇ સ્ત્રી નથી. કોઇ તેના મુકાબેલનો (બરાબરીઓ) નથી.

૩ અકીદહ તે હમેશથી છે અને હમેશ રહેશે.

૪ અકીદહ કોઇ વસ્તુ તેના જેવી (મિસલ) નથી તે સર્વથી નિરાળો છે.

૫ અકીદહ તે જીવતો છે. દરેક ચીજ ઉપર તેની શક્તિ છે કોઇ ચીજ તેની જાણ (ઇલમ)થી બહાર નથી. તે સર્વને જુવે છે. સાંભળે છે. બોલે છે; પણ તેનું બોલવું અમો લોકોના બોલવા સરખું નથી તે જે ચાહે તે કરે છે. કોઈ તેને રોક ટોક કરનાર નથી, તેજ પૂજ્ય છે તેનો કોઇ ભાગીયો નથી. તે પોતાના બંદાઓ પર મેહેરબાન છે. સર્વ એબો(દોષો)થી પવિત્ર છે. તેજ પોતાના બંદાઓને સર્વ આફતોથી બચાવે છે. તેજ ઇજ્જતવાળો છે. મોટાઈ આપનાર છે. (રિઝક) રોઝી પોહોંચાવનાર છે. ચાહે તેની રોઝી તંગ કરે અને ચાહે તેની કોશાદા (વધુ) કરે જેને ચાહે તેને નીચે નાખે; અને જેને

ચાહે તેને ઉંચે ચઢાવે. જેને ચાહે તેને ઇજ્જત આપે જેને ચાહે તેને ધિક્કાર આપે. તે ઇનસાફવાળો છે અને ઘણી બરદાશત (સહન) કરનાર છે. બંદગી અને ઇબાદતની કદર કરનાર છે. દોઆને કબુલ કરનાર છે. ગુંજાશ. વાળો (સમાઇવાળો) છે. તે સર્વેને માથે હાકેમ છે તેના ઉપર કોઇ હુકમ કરનાર નથી. તેનું કોઇ કામ ડહાપણથી ખાલી નથી. તે સઘળાઓનું કામ પાર પાડનાર છે તેણેજ સર્વને પેદા કર્યા છે તેજ કેયામતમાં પાછા ઉત્પન્ન કરશે. તેજ મારે છે. તેને નિશાનીઓથી તથા તેના ગુણોથી સર્વ જાણે છે. તેની ઝાતની બારીકી કોઇ જાણી શકતું નથી. તે ગુન્હેગારોની તોબહ કબુલ કરે છે. જે સજાને લાયક છે તેને સજા આપે છે, તેજ હિદાયત કરે છે. જહાનમાં જે કંઇ થાય છે તેના હુકમથીજ થાય છે. તેના હુકમ વગર એક રજકણ હલી શકતું નથી. તે સૂતો નથી, ઉંઘતો નથી, તે સઘળી જહાનની સંભાળથી થાકતો નથી, તે સઘળી વસ્તુને થામ્બનાર છે. એવીજ રીતે સઘળી સારી સિફતો અને સંપૂર્ણજ ગુણો તેને માટે છે. અને બુરી તથા નુકસાનની કોઈ સિફત [ગુણ] તેમાં નથી, તેમાં કોઇ એબ [દોષ] નથી.

૬ અકીદહ તેની સઘળી સિફતો (ગુણો) હમેશથી છે અને હંમેશ રહેશે. તેનું કોઇ ગુણ કદી મટી શકતું નથી.

૭ અકીદહ સૃષ્ટ [મખલુક]ના ગુણોથી તે પાક છે. અને કુરઆન તથા હદીસમાં કેટલીક જગ્યા જે એવી વાતો ની ખબર આપવામાં આવી છે તેના માએના (મતલબ) અલ્લાહને સોપે કે તેજ તેની હકીકત જાણે છે, અને અમો ઉંડાણમાં ઉતર્યા વગર તેવીજ રીતે ઇમાન લાવીએ છીએ, અને યકીન કરીએ છીએ કે જે કંઇ તેની મતલબ છે તે ઠીક છે અને સત્ય છે. અને આજ વાત બેહતર છે, અથવા તેના ભળતા અર્થ કરે જેથી તે સમજવામાં આવે.

૮ અકીદહ જહાનમાં જે કંઈ ભલું બુરૂં થાય છે તે સઘળાને તેના થવા પેહલાં અલ્લાહતઆલા હમેશથી જાણે છે. અને પોતાની જાણ પ્રમાણે તેને પેદા કરે છે. એનુંજ નામ તકદીર છે. અને ખરાબ વસ્તુના ઉત્પન્ન કરવામાં ઘણા ભેદ છે જે હરકોઇ જાણી શકતું નથી.

૯ અકીદહ બંદાને અલ્લાહ તઆલાએ સમજ તથા વિચાર આપ્યા છે જેથી તે ગુનાહ કે સવાબનું કામ પોતાની અખત્યારથી કરે છે પણ બંદાને કોઇ કામ ઉત્પન્ન કરવાની શક્તિ નથી, ગુનાહના કામથી અલ્લાહ સાહેબ નારાજ થાય છે અને સવાબના કામથી ખુશ થાય છે.

૧૦ અકીદહ અલ્લાતઆલાએ બંદાઓને એવા કામનો હુકમ ફરમાવ્યો નથી કે જે તેઓથી બની શકે નહીં.

૧૧ અકીદહ કોઇ વસ્તુ ખુદાને માથે અગત્યની નથીં, તે જે કંઇ મેહેરબાની કરે છે એ તેનો ફજલ (અનુગ્રહ) છે.

૧૨ અકીદહ અલ્લાહતઆલાએ મોકલેલા ઘણા પેગંમ્બરો લોકોને સીધો માર્ગ બતાવવા આવ્યા અને તે સઘળા ગુનાહોથી પવિત્ર છે. પૂરી રીતે તેઓની ગણત્રી અલ્લાહનીજ જાણમાં છે. તેઓની સચ્ચાઇ બતાવવા માટે અલ્લાહતઆલાએ તેઓના હાથ ઉપર એવી એવી નવી નવી મુશકેલ વાતો જાહેર કરી જે બીજા લોકો કરી શકતા નથી. એવી વાતોને મોઅજેઝહ કહે છે, એઓમાં સર્વથી પહેલા પેગમ્બર આદમ (અલે) હતા. અને સર્વથી છેલ્લા હજરત મોહમ્મદ રસૂલુલ્લાહ (સલ) થયા અને બાકીના બીજા વચમાં થયા, એમાં કેટલાક ઘણા પ્રખ્યાત છે. નુહ (અલે) ઇબ્રાહીમ (અલે) ઇસહાક (અલે) ઇસમાઇલ (અલે) યાકુબ(અલે) યુસોફ (અલે) દાઉદ (અલે) સોલેમાન (અલે) ઐયુબ (અલે) મુસા (અલે) હારૂન (અલે) ઝકરીયા (અલે) યહયા (અલે) ઇસા (અલે) ઇલયાસ (અલે) અલ યસઅ (અલે) યુનોસ (અલે) લુત (અલે) ઇદરીસ (અલે) ઝુલકિફ્લ (અલે) સાલેહ (અલે) હુદ (અલે) શોએબ (અલે)

૧૩ અકીદહ સઘળા પેગમ્બરોની ગણત્રી અલ્લાહ તઆલાએ કોઇને બતાવી નથી માટે આવી રીતે અકીદો રાખે કે અલ્લાહ તઆલાના મોકલેલા જેટલા પેગમ્બરો છે

તે સઘળાઓ ઉપર અમો ઇમાન લાવીએ છીએ જે અમારી જાણમાં છે તેઓપર તથા જે અમારી જાણમાં નહીં અવ્યા તેઓપર પણ.

૧૪ અકીદહ પેગમ્બરોમાં કેટલાકનો મરતબો કેટલાકથી મોટો છે. સઘળાઓમાં વધુ મરતબો અમારા પેગમ્બર મોહમ્મદ મુસ્તફા (સલ) નો છે. અને એવણું પછી કોઈ નવો પેગમ્બર આવી શકતો નથી ક્યામત સૂધી જેટલા માણસો અને જીન્ન થશે તે સઘળાના તેવણુ પેગમ્બર છે.

૧૫ અકીદહ અમારા પેગમ્બર (સલ) ને અલ્લાહ તઆલાએ જાગ્રતમાં દેહની સાથે મકકાથી બૈતુલ મોકદસ અને ત્યાંથી સાતે આસમાનોમાં અને ત્યાંથી જ્યાં સુધી અલ્લાહે ચાહ્યું હતું ત્યાં પોહોંચાડ્યા અને ફરી મકકામાં પાછા લાવ્યા એને [મેઅરાજ] કહે છે.

૧૬ અકીદહ અલ્લાહ તઆલાએ કેટલીક મખલુક નુરથી ઉત્પન્ન કરી તેને અમારી દ્રષ્ટિથી છુપાવી છે તેને ફિરસ્તા કહે છે. તેઓને ઘણાં કામ સોપાયા છે. તેઓ અલ્લાહના હુકમથી વિરૂદ્ધ કોઇ કામ કરતા નથી. જે કામમાં લગાડેલા છે તેમાં તેઓ લાગેલા છે. તેમાંના ચાર ફિરસ્તા ઘણા પ્રખ્યાત છે. હજરત જીબરઈલ (અલે) હજરત મીકાઈલ (અલે) હજરત ઈસરાફીલ (અલે) હજરત ઇજરાઇલ (અલે) ...

તઆલાએ કેટલીક મખલૂકને અગ્નિથી ઉત્પન્ન કરી છે તે પણ અમને દેખાતી નથી તેને જીન્ન કહે છે. એઓમાં નેક, બદ, (સારાંનરસા) સર્વ તરેહના થાય છે. તેઓની ઓલાદ પણ થાય છે તે સઘળાઓમાં ઘણો પ્રખ્યાતી પામેલો શરારતવાળો ઇબલીસ એટલે શેતાન છે.

૧૭ અકીદહ મુસલમાન જ્યારે ઘણી ઇબાદત કરે છે, અને ગુનાહોથી બચે છે, અને દુન્યાથી મોહબ્બત નહીં રાખતો, અને પેગમ્બર સાહેબ [સલ] ની દરેક તરેહથી સારી રીને તાબેદારી કરે છે' તો તે અલ્લાહનો દોસ્ત તથા પ્યારો થાય છે. એવા શખ્સને વલી કહે છે. એવા શખ્સથી કદી એવી વાતો થવા લાગે છે જે બીજા લોકોથી થઇ શકતી નથી. એ વાતોને કરામત કહે છે.

૧૮ અકીદહ વલી ગમે તેટલે મોટે દરજ્જે પહોંચે પણ નબીને બરાબર થઇ શકતા નથી.

૧૯ અકીદાહ અલ્લાહનો કેટલો પણ પ્યારો થાય પણ જ્યાં સૂધી હોશ હુંશીયારી બાકી છે ત્યાં સુધી શરીઅતના બંધનમાં રહેવું ફરજ છે. નમાઝ. રોઝા અને ફરજ બંદગી માફ થતી નથી. જે ગુનાહની વાતો છે તે તેઓને માટે પણ દુરસ્ત થતી નથી.

૨૦ અકીદહ જે શખ્સ શરીઅત વિરૂદ્ધ હોય તે ખુદાનો દોસ્ત થઇ શકતો નથી. જો એમ છતાં તેના હાથથી કોઇ આશ્ચર્ય લાએક વાત દેખાય તો તે જાદૂ છે અથવા નફસાની કે શેતાની ધંધો છે. તેનાથી અકીદો રાખવો ન જોઇએ.

૨૧ અકીદહ વલી લોકોને કેટલીક ભેદની વાતો ઉંઘમાં અથવા જાગતામાં જણાય છે તેને કશફ તથા ઈલહામ કહે છે. જો તે શરીઆતની માફક હોય તો તે કબુલ છે પણ જો તે શરીઅત વિરૂદ્ધ છે તો તે રદ ઝાતેલ છે.

૨૨ અકીદહ અલ્લાહે અને રસૂલે દીનની સઘળી વાતો કુરઆન તથા હદીસમાં બંદાઓને બતાવી છે. હવે કોઇ નવી વાત દીનમાં કાઢવી દુરૂસ્ત નથી એવી નવી વાતોને બિદઅત કહે છે અને બિદઅત મોટો ગુનોહ છે.

૨૩ અકીદહ અલ્લાહ તઆલાએ ઘણી ખરી નાની મોટી કિતાબો અસમાનથી જીબરઇલ (અલે)ની મારફતે ઘણા પેગમ્બરો ઉપર ઉતારી છે, કે તેઓ પોતપોતાની ઉમ્મતોને દીનની વાતો બતાવે. એમાંની ચાર કિતાબો ઘણી પ્રખ્યાત છે. "તૌરાત હજરત મુસા (અલે)ને મળી." "ઝબુર હજરત દાઉદ (અલ)ને મળી." "ઇનજીલ હજરત ઈસા(અલે)ને મળી"

અને "કુરઆને મજીદ અમારા પેગમ્બર મોહમ્મદ (સલ)ને મળ્યું."અને કુરઆને મજીદ છેલ્લી કિતાબ છે. હવે કોઈ કિતાબ આસમાનથી આવશે નહીં કિયામત સુધી કુરઆનનોજ હુકમ ચાલુ રહેશે. બીજી કિતાબોને ગુમરાહ લોકોએ કેટલીક બદલી નાંખી છે પણ કુરઆને શરીફની સંભાળનો અલ્લાહ તઆલાએ વાયદો કર્યો છે એને કોઇ બદલી શકતું નથી.

૨૪ અકીદહ અમારા પેગમ્બર (સલ)ને જે જે મુસલમાનોએ જોયા છે તેઓને **સહાબી** કહે છે, તેઓની મોટી મોટી બજરૂગીઓ (કુરઆનમાં તથા હદીસમાં) આવેલી છે. તેઓથી મોહબ્બત તથા સારો ગુમાન રાખવા જોઇએ જો તેઓના આપસનાં લડાઇ ઝગડા કઇ સાંભળવામાં આવે તો તેને ભુલ ચુક જાણે, તેઓની બુરાઇ કરે નહીં. તે સઘળાઓમાં સર્વથી વધેલા ચાર **સહાબી** છે હજરત અબુબકર સિદ્દીક (રદી). એવણ પેગમ્બર સાહેબ [સલ] પછી તેમની ગાદીએ બેઠા, અને દીનનો બંદોબસ્ત કર્યો માટે એવણ પ્રથમ ખલીફા કહેવાય છે. સઘળી ઉમ્મતમાં એવણ સર્વથી બેહતર છે એવણ પછી હજરત ઉમર [રદી] છે એવણ બીજા ખલીફા છે એવણ પછી હજરત ઉસમાન [રદી] આ ત્રીજા ખલીફા છે એમના પછી હજરત અલી (રદી) આ ચોથા ખલીફા છે.

૨૫ અકીદહ સહાબી લોકોનો એટલો મોટો મરતબો છે, કે મોટામાં મોટા વલી પણ નાંનાં દરજાના સહાબીના મરતબાએ પહોંચી શકતા નથી.

૨૬ અકીદહ પેગમ્બર સાહેબ [સલ]ની અવલાદ તથા બીબીઓ સઘળા માન દેવાને લાએક છે અવલાદમાં સર્વથી મોટો મરતબો હજરત ફાતેમા [રદી] નો છે અને બીબીઓમાં હજરત ખદીજા: તથા હજરત આએશા: (રદી)નો છે.

૨૭ અકીદહ ઈમાન ક્યારે દુરસ્ત થાય છે કે "સઘળી વાતોમાં અલ્લાહને તથા રસૂલને સાચા જાણે" અને તે સઘળાને માટે અલ્લાહ તથા રસૂલની કોઇ વાતમાં શક કરવો અથવા તેને જુઠવવી અથવા તેમાં એબ કાઢવી અથવા તેની સાથે હંસી મજાક કરવી આ સઘળી વાતોથી ઇમાન જતું રહે છે.

૨૮ અકીદહ કુરઆન તથા હદીસની ખુલ્લે ખુલ્લી મતલબને નહીં માનવી અને એંચ પેંચ કરીને પોતાની મતલબ સિદ્ધ કરવા મતલબ ઘડવી બદ-દીનીની (બુરા ધર્મિની) વાત છે.

૨૯ અકીદહ ગુનહને હલાલ સમજવાથી ઇમાન જતું રહે છે.

૩૦ અકીદહ ગુનાહ ગમે તેટલો મોટો હોય જ્યાં સુધી તેને બુરો સમજે છે ઇમાન જતું નથી પણ કમજોર થાયછે.

૩૧ અકીદહ અલ્લાહ તઆલાથી નિર્ભય થવું કે નિર્આશ થવું કુફ્ર તથા શિરક છે.

૩૨ અકીદહ કોઇથી ગેબની વાત પુછવી અને તેનું યકીન કરી લેવું કુફ્ર છે.

૩૩ અકીદહ ગેબનો હાલ અલ્લાહ તઆલા સિવાય કોઇ જાણતું નથી. નબીઓને વહીથી, અને વલીઓને કશફ તથા ઇલહામથી, અને સામાન્ય લોકોને નિશાનીઓ (ચિન્હ)થી કેટલીક વાતો જણાય છે.

૩૪ અકીદહ કોઇનું નામ લઇને કાફેર કહેવું અથવા લાનત કરવી મોટો ગુનોહ છે:—હા, એમ કહી શકે છે કે જાલેમો ઉપર લાનત" જુઠાઓ ઉપર લાનત" પણ જેઓનું નામ લઇને અલ્લાહે અને રસૂલે લાનત કરી છે અથવા તેઓના કાફિર થવાની ખબર આપી છે તેઓને કાફીર મલઊન કહેવું ગુનોહ નથી.

૩૫ અકીદહ જ્યારે માણુસ મરે છે તો જો ગાડવામા આવે તો ગાડવા પછી અને જો ગાડવામાં નહીં આવે તો જે હાલમાં હોય તેની પાસે બે ફિરસ્તા જેઓનું નામ મનકર અને નકીર છે તેઓ આવીને પૂછે છે કે તારો પરવરદિગાર કોણ છે ? તારૂં દીન કયું છે ? હજરત મોહમ્મદ રસૂલુલ્લાહ (સલ) માટે પૂછે છે આ કોણ છે ? જો મરેલું માણુસ ઈમા-

નદાર હશે તો ઠીક ઠીક જવાબ આપે છે ફરી તેને માટે સર્વ તરેહનું ચહેન છે. જંનત તરફ બારી ખોલે છે જેમાંથી ઠંડી ઠંડી હવા અને ખુશબો આવતી રહે છે અને મઝામાં પડીને સૂઇ રહે છે. અને જો મુડદું બેઈમાન હશે તો સઘળી વાતોમાં આજ કહેશે કે મને કશી ખબર નથી. ફરી તેના ઉપર ઘણી સખતી અને અઝાબ કિયામત સૂધી થતો રહે છે. અને કેટલાકોને અલ્લાહ તઆલા આ પરીક્ષાથી માફી બખશે છે. "પણ આ સઘળી વાતો મુરદાને જણાય છે અમો લોક જોતા નથી" જુઓ, જેવી રીતે સૂતેલો માણસ સ્વપ્નામાં સઘળું જુવે છે અને જાગતો માણસ તેની પાસે અજાણમાં બેસી રહે છે.

૩૬ અકીદહ મરવા પછી હરરોઝ સવાર સાંજ મુરદાનું જે ઠેકાણું હોય છે તે દેખાડવામાં આવે છે. જંનતીને જંનત દેખાડીને ખુશખબરી આપે છે, અને દોઝખીને દોઝખ દેખાડીને વધુ અફસોસમાં નાખે છે.

૩૭ અકીદહ મરેલા માટે દોઆ કરવાથી, કંઇ ખેર ખેરાત કરી બખશવાથી તેનો સવાબ પોહોચે છે અને તેથી તેનો ઘણો ફાયદો થાય છે.

૩૮ અકીદહ અલ્લાહે અને રસુલે કિયામની જેટલી નિશાનીઓ બતાવી છે સઘળી જરૂર થનારી છે. ઇમામ

મહેદી જરૂર પધારવાના અને ઘણા ઇનસાફી સાથે બાદશાહી કરવાના કાણો દજ્જાલ નિકળવાનો અને દુન્યામાં ઘણો ફસાદ મચાવશે તેને મારી નાખવા માટે હજરત ઇસા (અલે) આસમાનથી ઊતરશે, અને તેને મારી નાંખશે. યાજુજ માજુજ ઘણા જબરજસ્ત લોક છે તેઓ જમીન ઉપર પથરાઇ જશે અને ઘણું તોફાન મચાવશે. ફરી ખુદાના કહેરથી હલાક થશે. એક "વિચિત્ર જાનવર જમીનમાંથી નીકળશે અને આદમીઓથી વાતો કરશે પશ્ચિમ તરફથી સૂર્ય નીકળશે. કુરઆન મજીદ ઉપડી જશે. અને થોડા દિવસમાં સઘળા મુસલમાનો મરી જશે અને સઘળી દુન્યા કાફિરોથી ભરાઇ જશે અને એ સિવાય બીજી ઘણી વાતો થશે.*

૩૯ અકીહદ જ્યારે સઘળી નિશાનીઓ પૂરી થશે તો કિયામતની તૈયારી થશે. હજરત ઇસરાફીલ (અલે) અલ્લાહના હુકમથી સૂરફુંકશે, જે શીંગડા જેવી ઘણી મોટી વસ્તુ છે. આ સૂર ફુંકવાથી સઘળી ઝમીન આસમાન ફાટીને તુકડે તુકડા થશે. સઘળી મખલુક મરી જશે અને જેઓ મરેલાં છે તેઓનો આત્મા બેહોશ થશે પણ જેઓનું બચાવવું અલ્લાહની નિગાહમાં હશે તેઓ પોતાની હાલત ઉપર રહેશે.

---

* વાંચો—બેહેશતી ઝેવર ગુજરાતી ભાગ ૭મો. કયામતની નીશાનીનું બયાન મળવાનું ઠેકાણું—મેનેજર કુતોબખાના સાદેકીય્યાઃ રાંદેર.

૪૦ અકીદહ ફરી જ્યારે અલ્લાહુતઆલાને મંજુર હશે કે સઘળું જહાન ફરી પેદા થાય તો બીજીવાર ફરી સૂર ફુંકાશે. આથી સઘળું જહાન ફરી પેદા થશે. મરેલાં જીવતાં થશે, અને કિયામતના મેદાનમાં સર્વ એકઠા થશે; અને ત્યાંના દુ:ખથી ઘભરાઇને સર્વ, પેગમ્બરો પાસે શફાઅત કરાવવા જશે આખર અમારા પેગમ્બર સાહેબ (સલ) સિફારશ કરશે. "કાંટો [તરાજુ] ઉભો કરવામાં આવશે. ભલાં બુરાં કામો તેમાં તોલવામાં આવશે. અને તેનો હિસાબ થશે." કેટલાક વગર હિસાબે જંનતમાં જશે, સારા લોકોનું અમલનામું જમણા હાથમાં અને બુરા લોકોનું ડાબા હાથમાં અપાશે. પેગમ્બર સાહેબ [સલ] પોતાની ઉમ્મતને "હોજે કોસરનું પાણી પાશે," જે દુધથી ઘણું ઉજલું છે અને મધથી ઘણું મીઠું છે. "પુલ સરાત ઉપર ચાલવું પડશે." જેઓ નેક છે તેઓ તેથી પાર થઇ જંનતમાં પુગવાના અને જેઓ બુરા છે તેઓ તે ઉપરથી દોઝખમાં પડશે.

૪૧ અકીદહ જહન્નમ (દોઝખ) ઉત્પન્ન થઇ ચુકી છે તેમાં સાપ, વિંછુ અને તરેહ તરેહનો અઝાબ છે. દોઝખીઓમાંથી જેમાં રજ સરખું પણ ઇમાન હશે તો તે પોતાની કરણીની સઝા ભોગવી, પેગમ્બરો તથા બુજરગોની શફાઅતથી નીકળી જંનતમાં જશે, ફરી તે ગમે તેવો ગુન્હેગાર હશે.

"પણ જે કાફિર અને મુશરેક છે તે તેમાં હમેશા રહેશે. અને તેઓને મોત પણ આવશે નહીં."

૪૨ અકીદહ જંનત પણ ઉત્પન્ન થઇ ચુકી છે અને તેમાં તરેહ તરેહના આરામ અને નેઅમતો છે. જંનત વાળાઓને કોઇ તરેહનો ડર કે ગમ્મ થશે નહીં. અને તેઓ તેમાં હમેશ રહેશે. ન તો તેઓ ત્યાંથી નીકળશે અને ન ત્યાં મરશે.

૪૩ અકીદહ નાંનાં ગુનાહ ઉપર શિક્ષા કરવાનો અથવા ગુનાહને પોતાની મેહેરબાનીથી માફ કરી તદ્દન સઝા નહીં કરવાનો અલ્લાહ તઆલાને અખત્યાર છે (તે ચાહે તેમ કરે)

૪૪ અકીદહ શિર્ક અને કુફ્રનો ગુનોહ, અલ્લાહ તઆલાં કદી કોઇને માફ કરતો નથી. અને એ સિવાય બીજા ગુનાહ જેને ચાહશે પોતાની મહેરબાનીથી માફ કરશે.

૪૫ અકીદહ અલ્લાહે તથા રસૂલે જેઓનું નામ લઇને જંનતી થવું બતાવ્યું તેઓ સિવાય બીજા કોઇ માટે ખાતરીપૂર્વક જંનતી થવાનું કહી શકતા નથી. "હાં સારી નિશાનીઓ જોઇને સારો ગુમાન રાખવો અને તેની રહ-મતની આશા રાખવી અગત્યની છે."

૪૬ અકીદહ જનંતમાં સર્વથી મોટી નેઅમત અલ્લાહ તઆલાના દીદાર છે, જે જનંતવાળાઓને નસીબ થશે. તેની લેહજત આગળ સઘળી નેઅમતો નજીવી લાગશે.

૪૭ અકીદહ દુન્યામાં જાગતાં આ આંખોથી અલ્લાહ તઆલાને કોઇએ જોયો નથી અને કોઇ જોઇ શેકતું પણ નથી.

૪૮ અકીદહ આખી ઉમર કોઇ કેવોએ સારો કે ખરાબ હોય પણ જેવી હાલતમાં ખાતેમા (મરતાં છેલું વખત) થાય છે તેને અનુસરીને તેને સારો કે બુરો બદલો મળે છે.

૪૯ અકીદહ આદમી આખી ઉમ્મરમાં કદી પણ તોબાહ કરે અથવા મુસલમાન થાય તે અલ્લાહને ત્યાં મકબુલ છે. હા, મરતીવેળા જ્યારે સડકે–દમ ચાલે (શ્વાસ તૂટે) અને અઝાબના ફિરશ્તા નજરે પડે તે વેળા તોબહ કે ઈમાન કબુલ થતા નથી.

ફૈસલ

એ પછી મુનાસેબ જણાય છે કે કેટલાક બુરા અકીદા અને બુરી રસમોને તથા કેટલાક મોટા મોટા ગુનાહોને જે ઘણા થતા રહે છે અને જેથી ઈમાનમાં નુકસાની આવે છે તેને બયાન કરવામાં આવે, કે જેથી લોકો બચતા રહે.

એમાંના કેટલાક તો તદ્દન કુફ્ર શિર્ક છે, તો કેટલાક કુફ્ર શિર્કને લગભગ છે, કેટલાક બિદઅત અને ગુમરાહી છે અને કેટલાક માત્ર ગુનાહજ છે. મતલબ કે સર્વથી બચવાની જરૂર છે. ફરી જ્યારે આ બયાન સમાપ્ત થશે તો તે પછી "ગુનાહોથી જે દુન્યાનું નુકસાન" "અને બંદગીથી જે દુન્યાનો લાભ થાય છે" તેનું થોડુક બયાન કરીશ. કારણ કે દુન્યાના નફા નુકસાનનો લોક ઘણો ખિયાલ કરે છે. કદાપી આજ ખિયાલથી નેક કામની તોફીક અને ગુનાહથી પરહેજ થાય.

કુફ્ર અને શિર્કની વાતોનું વર્ણન,

કુફ્રને પસંદ કરવું, કુફ્રની વાતોને સારી જાણવી, કોઇ બીજાથી કુફ્રની વાત કરાવવી, કોઇ કારણથી પોતાના ઇમાન વિષે પસતાવા કરવો, કે જો મુસલમાન નહીં થતે તો ફલાણી વસ્તુ મેળવતે. ઓલાદ વગેરે, "કોઇના મરવા ઉપર ગમ્માં આવી રીતે વાતો કહેવી કે ખુદાને બસ એનેજ મારવાનું સૂઝ્યું, આખી જગતમાં મરવાને માટે બસ આજ હતો, ખુદાને એવું કરવું જોઇતું ન હતું, એવો જુલમ કોઇ કરતો નથી જેવું તેં કર્યું!–"અલ્લાહના તથા રસૂલના કોઈ હુકમને બુરો જાણવો, તેમાં એબ કાઢવી," કોઇ જીવતા કે

ગુજરી ગયલા બુજરૂગ પીરને સાથે આ અકીદો રાખવો કે અમારા દરેક હાલની એમને દરેક વખત જરૂર ખબર રહેછે. જોષિ અથવા જે ઉપર (જીન્ન) ભુત ચઢયો હોય તેનાથી ગેબની ખબર પૂછવી, અથવા ફાલ ખોલાવવી ફરી તેને સાચી જાણવી, કોઈ બુજરૂગના કલામથી ફાલ જોઇને તેને યકીની સમજવું, કોઇને આઘેથી પુકારવું અને એમ સમજવું કે તેમને ખબર થઇ ગઇ. કોઈને નફા નુકસાનનો મુખતાર સમજવો કોઇથી મુરાદો માંગવી, રોઝી ઓલાદ માગવી. કોઇના નામનો રોઝો રાખવો, કોઇને સિજદો કરવો, કોઇના નામનું જનાવર છોડવું, અથવા ચઢાવો ચઢાવ્વો, કોઇના નામની માનતા લેવી, કોઇની કબર કે ઘરનો તવાફ કરવો. ખુદાના હુકમનાં મુકાબલામાં કોઇ બીજાની વાત અથવા રસમને શ્રેષ્ટતા આપવી. કોઇની સામે ઝુકવું, અથવા તસવીરની તરહ ઉભું રહેવું. તોપ ઉપર બકરો ચઢાવવો, કોઇના નામ ઉપર જાનવર જુબહ કરવું જીન્ન, ભુત, પરી, વગેરેના નીકળવા માટે તેઓની ભેટ આપવી, બચ્ચાના જીવવા માટે બકરો વગેરે જુબહ કરવો. તેની નાળને પૂજવી. કોઇની દુહાઇ આપવી. કાબાની બરાબર કોઇ જગ્યાની તાજીમ તથા અદબ કરવો. કોઇના નામઉપર બાળકનાં નાક કાન છેદવાં, વાળી બુલ્લાક પેહેરાવવી, કોઇના નામનો બાજુપર પૈસો બાંધવો, અથવા ગળામાં નાંડું નાંખવુ

સેહેરો બાંધવો, ચોટલી રાખવી, બદ્ધી પેહેરાવવી, ફકીર બનાવવો. અલીબખ્શ, હોસેનબખ્શ, અબદુનનબી, વગેરે નામ રાખવાં. કોઇ બુજરૂગના નામનું જાનવર ઠેરવી તેને અદબ કરવો. "જહાનના કારોબારને તારાઓની તાસીરથી સમજવો, સારી નરસી તારીખ તથા દિવસને પૂછવાં. અપશુકન લેવો. કોઇ મહિના અથવા તારીખને મન્હુસ જાણવી." કોઇ બુજરૂગનું નામ વઝીફાની તરેહ ઉપર જપવું. "આવી રીતે કહેવું કે ખોદા અને રસૂલ ચાહશે તો ફલાણું કામ થશે." કોઇના નામની અથવા સરની કસમ ખાવી, તસવીર રાખવી, વિશેષ કરી કોઇ બુજરૂગની તસવીર બરકત માટે રાખવી, તથા તેની તાજીમ કરવી.

"બિદઅતો, બુરી રસમો, અને બુરી વાતોનું વર્ણન."

કબરો પર ધુમધામથી મેળો કરવો, દીવા બાળવા, સ્ત્રીઓનું ત્યાં જવું; ચાદરો નાખવી; પાકી કબર બાંધવી, બુજરૂગોને ખુશ કરવા માટે કબરોની હદથી વધુ તાજીમ કરવી, (વધું માન આપવું) "તાજીયા અથવા કબરને ચુમવું" ચાટવું, માટી લગાડવી તવાફ અને સિજદો કરવો," કબરો તરફ નમાઝ પઢવી, મીઠાઈ હલવો ગુલગુલાં વગેરે ચઢાવવા, તાજીયા અલ્લમ વગેરે રાખવા, તે પર હલવો મલીદો ચઢાવવો, અથવા તેને સલામ કરવી. કોઈ વસ્તુને અછુતી સમજવી (કે તેને કોઇ હાથ લગાડી

શકે નહીં) મોહર્રમના મહિનામાં પાન નહિં ખાવું, મેંધી મિસ્સી નહીં લગાડવી. મુરદાની પાસે નહીં રહેવું. લાલ કપડું નહિં પહેરવું. "બીબીની સહનક પુરૂષોને ખાવા નહીં દેવી" "ત્રીજું ચાલીશમું વગેરેને જરૂરી જેવું સમજવું" જરૂરત છતાં સ્ત્રીના બીજા નિકાહને એબ સમજવો. નિકાહ ખતના બિસ્મિલ્લાહ વગેરેમાં શક્તિ નહિ હોય છતાં સઘળી ખાનદાની રસમો કરવી, વિશેષ કરી કરજ ઉધાર કરીને નાચ રંગ કરવા "હોલી દીવાલીની રસમો કરવી." સલામની જગ્યા બંદગી વગેરે કરવાં. અથવા માત્ર માથા ઉપર હાથ મુકીને ઝુંકવું. દીયર, જેઠ ફુઈ માસી, ખાલા ભાઇને સામે બેધડક આવવું. અથવા બીજા કોઇ નામહેરમ (નિકાહ થઇ શકે તેવા)ની સામે વિના જરૂરતે આવવું."નદીથી બેડું ગાતા વગાડતાં લાવવું. રાગ વાજું સાભળવું, ડુમણીઓ વગેરે નચાવવી અને જોવી, અને તે પર ખુશ થઇને તેઓને ઇનામ આપવું." (નસબ) કુટુંબ ઉપર ફખર કરવો. અથવા કોઇ બુજરૂગની સગાઇમાં કે તેમની મુરીદીમાં થવાને મુક્તિને માટે પૂરતું સમજવું કોઇના નસબમાં કંઈ ખામી હોય (તેને મહેણું મારવું) તે પર તાન કરવો. ધંધાને હલકો જાણવો. હદથી વધીને તારીફ કરવી." શાદી વિવાહમાં નકામો ખરચ તથા બેહુદી વાતો કરવી. હિન્દુઓની રસમો કરવી. નવશાહને શરીઅત વિરૂદ્ધ

કપડાં પેહેરાવવાં, ફૂંડું સેહરો બાંધવો. મેંદી લગાડવી, આતશબાજી ગોલા વગેરેની સામગરી કરવી. નકામી અરાએશ કરવી ઘરની અંદર "નવશાને બોલાવવો અને તેની આગળ આવવું. સ્ત્રિઓનું તાકી ઝાંખીને જોવું. સીયામણી સમજદાર સાલી વગેરેનું સામે આવવું, તેનાથી હસી દિલ્લગી કરવી. ચોથી રમવું. જે જગ્યા દુલા દુલહન સૂતાં હોઇ તેઓની આસપાસ ભેગાં થઇ વાતો સાંભળવી. તાકવું ઝાંખવું જો કંઇ વાત જણાય તો તે બીજાઓને કહેવી "માઝે બેસાડવી, અને એવી શરમ કરવી કે જેથી નમાઝો કજા થાય" શેખીને લીધે મોહર વધારે ઠેરવ્વી "ગમીમાં પૂકારીને રડવું મો, સીનો પીટવાં, વખાણ કરીને રડવું. વપરાયલા ઘડા તોડવાં જેજે કપડાં તેના બદનથી લાગ્યા હોય સઘળાઓને ધોવડાવવાજ સોઘ પાળવા વર્ષ સુધી અથવા કંઇ વધારે ઓછી મુદત ઘરમાં આચાર નહી બનાવવા, એ મુદતમાં કંઇ ખુશીની તકરીબ (શાદી વિવાહ) નહીં કરવી. ખાસ ખાસ તારીખોમાં ફરી ગમ્મને તાઝો કરવો" "હદથી વધારે ઝીનત સણગારમાં લાગવું. સાદી વજેહ (તરેહ)ને એબદાર જાણવી." "મકાનમાં તસવીરો લટકાવવી" ખાસદાન અતરદાન, સુરમાદાની સુરમાની સળી, વગેરે સોના ચાંદીની વાપરવી"(સતર દેખાઇ એવું)ઘણુંજ બારીક કપડું પહે-રવું. અથવા અવાજ કરતું ઘરેણું પહેરવું. ઘાઘરો પહેરવો. પુરુ-

પોના જલસામાં સ્ત્રિઓને જવું. પુરૂષોની તરેહ અખત્યાર કરવી” બદનમાં છુંદણા પડાવવા. ખુદાઇ રાત કરવી. જાદુ ટોણાં કરવાં “માત્ર સણુગારને લીધે દિવાર ઉપર કપડું, ચઢાવવું અથવા છતમાં ચંન્ની બાંધવી સફર જતાં અથવા પાછાં ફરતાં સ્ત્રિનું ગેર મહરમને ગળે લાગવુ” જીવવાને માટે “છોકરાના કાન નાક કોચાવવા છોકરાને વાળી કે બુલાક પહેરાવવી. રેશમી અથવા કોસમ્બી ઝાફરાની રંગનું રંગેલું કપડું અથવા હાસડી ઘુંઘરૂં કે કોઇ બીજું ઘરેણું પેહેરાવવું.” ઓછું રડવા માટે બાળકને અફીણ ખવરાવવું. કોઇ બીમારીમાં વાઘનું દૂધ કે તેનું માંસ ખવરાવવું (ગધેડીનું દૂધ પીવડાવવું. પીવું.)” “ વિલાતી સુવરની ચરબીવાળા બીસ્કેટ ખાવા ” આવી તરેહની ઘણી વાતો છે. માત્ર નમુનાની તોરપર આટલું બયાન થયું છે.

(કેટલાક મોટા મોટા ગુનાહ જેથી મોટું પાપ થાય છે, અને તેના વિષે ઘણી સખતાઇ દરશાવાઈ છે તેનું વર્ણન.)

ખુદાનો શરીક કરવો. નાહક ખુન કરવું. જે સ્ત્રીઓની ઓલાદ જીવતી નથી તેઓ કોઇની સુવાવડમાં એવું કંઇ ટોણું કરે છે કે એનું બચ્ચું મરે અને અમારી અવ્લાદ થાય એ પણ આ નાહક ખુનમાં દાખલ છે. માબાપને દુ:ખ આપવું.

વ્યભીચાર કરવો યતીમોનો માલ ખાવો:–જેમકે ઘણી ખરી ઓરતો ખાવિન્દના સઘળા માલ અને જાયદાદ ઉપર કબજો કરી નાનાં બચ્ચાંઓનો ભાગ ઉઠાવે છે. છોકરીઓનો વારસો નહી આપવો. "કોઇ સ્રીને જરા સરખા શક ઉપરથી ઝિનાંનું તોહમત મુકવું." જુલમ કરવો. કોઇની પીઠ પાછળ તેની નિન્દા કરવી. અલ્લાહની રહમતથી નાઉમેદ થવું. વાયદોકરીને પૂરો નહીં કરવો. અમાનતમાં ખિયાનત કરવી; અલ્લાહનું કોઈ ફરજ, નમાઝ, રોઝો, હજ્જ, ઝકાત, જેવાં છોડીદેવાં કુરઆન શરીફ પઢીને ભૂલી જવું. જૂઠું બોલવું; વિશેષ કરી જૂઠી કસમ ખાવી; "અલ્લાહ સિવાય બીજા કોઈની કસમ ખાવી, અથવા આવી કસમ ખાવી કે મરતીવેળા કલેમો નસીબ નહીં થાય;" ઇમાન ઉપર ખાતેમો નહીં થાય. અલ્લાહ સિવાય કોઇ બીજાને સિજદો કરવો; વગર ઉજરે નમાઝ કજા કરવી. કોઇ મુસલમાનને કાફિર, અથવા બેઈમાન, અથવા ખુદાની માર, ખુદાની ફિટકાર, ખુદાનો દુશમન, વગેરે કહેવું; કોઇની નિંદા સાંભળવી. ચોરી કરવી. વ્યાજ ખાવું. ગેરમહરમની પાસે એકાંતમાં સ્રિઓનેબેસવું. જુવા રમવી; "કેટલીક સ્રીઓ અને છોકરીઓ ગિટ્ટુ વગેરે કાઢીને અથવા કોઇ બીજો ખેલ રમે છે આ પણ જુવા છે." કાફિરોની રીત રસમ પસંદ કરવી. ખાણાને બુરૂં કહેવું. નાચ જોવો;

રાગ વાજુ સાંભળવાં શક્તિ હોવા છતાં નસીહત નહીં કરવી. કોઇની મશ્કરી મજાક કરીને બેઇજ્જત તથા શરમિન્દા કરવું. કોંઇની એબ ઢુંઢવી.

ગુનાહોથી દુન્યાની કેટલીક નુકસાનીનું વર્ણન.

ઇલિમથી બેનસીબ રહેવુ. રોજી ઓછી થવી. અલ્લાહની યાદમાં વહશત થવી (દીલ નહીં લાગવું) માણસોથી વહશત થવી (ડર ઉત્પન્ન થવો) વિશેષ કરી નેક આદમીઓથી "ઘણાખરા કામોમાં મુશ્કેલી પડવી" દિલમાં સફાઇ નહીં રહેવી. દિલમાં અને કેટલીક વાર સઘળા બદનમાં કમજોરી આવવી. બંદગીથી મહરૂમ રહેવું. ઉમર ઘટવી. તોબહની તૌફીક નહીં થવી. "કેટલાક દિવસ પછી ગુનાહની બુરાઇ દિલમાંથી જતી રહેવી." અલ્લાહની આગળ હલકા પડવું. બીજી મખલૂકને તેણેથી નુકસાન પહોંચવું અને એ કારણથી તેના ઉપર લાનત કરવી. અકલમાં નુકસાની આવવી; રસૂલુલ્લાહ (સલ) તરફથી તેના ઉપર લાનત કરવી. ફિરસ્તાની દોઆથી અભાગ્ય રહેવું. પેદાવાર (આમદની)માં કમી થવી. શરમ અને ગેરત જતી રહેવી. "અલ્લાહ તઆલાની મોટાઇ તેના દિલથી નીકળી જવી." નેઅમતો છીણવાઇ જવી. બલાઓનો જથ્થો આવવો.

તેના ઉપર શૈતાનનું મુકર્રર થવું. દિલ ગભરાટમાં રહેવું. મરતી વેળા મોંથી કલેમો નહીં નીકળવો. ખુદાની રહમતથી નિરાશ થવું અને એ કારણને લીધે વગર તોબાએ મરવું.

ઈબાદત કરવાથી કેટલાક દુન્યાના ફાયદાઓનું વર્ણન

રોઝી વધવી. તરેહ તરેહની બરકત થવી તકલીફ તથા પરેશાની દૂર થવી. ગરજ સરવામાં સહેલાઈથી થવી. વરસાદ વરસવો. દરેક તરેહની બલા ટલવી. અલ્લાહનું મહેરબાન તથા મદદગાર રહેવું. ફિરસ્તાઓને હુકમ થવો કે એઓનું દિલ મજબુત રાખે, સાચી ઇજ્જત તથા આબરૂ મળવી. મરતબા ઉંચા થવા. સર્વના દિલોમાં તેની મોહબ્બત થવી. તેને માટે કુરઆનનું શફાઅત કરનાર થવું. માલનું નુકસાન થાય તો તેથી સારો બદલો મળવો. દિન પરદિન નેઅમતમાં વૃદ્ધિ થવી; માલ વધવો. દિલમાં રાહત તથા તસલ્લી રહેવી, આઈન્દા નસલમાં પણ આ નફો પહોંચવો. જીવતામાં ગૈબી બશારતો મળવી. "મરતી વેળા ફિરસ્તાઓનું ખુશખબર સંભળાવવું, મુબારકબાદી આપવી." ઉમર ઘટવી. દરિદ્ર તથા ભૂખમરા (ફાકા)થી બચવું. થોડી વસ્તુમાં ઘણી બરકત થવી. અલ્લાહનો ગુસ્સો જતો રહેવું.

કાચો પીર--પાકો ગુમરાહ

અથવા

ઇમાનની કસોટી.

ખુદાના નામથી જે મોટો મહેરબાન રહમ કર્તા છે.

આ કીતાબનું ભાષાંતર ગુજરાતના રીવાજ જોતાં નસીહતની નેયતે કર્યો છેઃ–નહિ કે કોઇને મ્હેણું મારવા કે કોઇને માઠું લગાડવા. અને આ નિર્બળ તો માથાથી તે પગ સુધી ભુલથી ભરેલો છે માટે જે કંઇ ભુલચુક થઇ હોય તો તેને લીલ્લાહ સુધારે.

એ પછી ઓ અલ્લાહ તું એને કબુલ કરજે અને લોકોપયોગી કરી મારી નજાતનો સબબ કરજે અને મારા માબાપને તથા મુળ કર્તાને ભલામણ કરનારને તથા છપાવનારને તથા વાંચનાર અને સાંભળનારને એટલું જ નહિં પણ સર્વે મુસલમીન ભાઇઓને બખ્શ આમીન.

સુન્ની હોકર, તું બીદઅતી મતબન=કયું કે બીદઅત હે દિનકી રહઝન.
છોડ બીદઅતકુ હક પરસ્ત બનજા=શાદહોં તુજસે ફિર રસુલે ખુદા.
કરે ગેર ગર બુતકી પુંજાતો કાફેર=જો ઠેરાયે બેટા ખુદાકા તો કાફેર.
કવાકિબમેં માને કરિશ્મે તો કાફેર=ઝુકે આગપર બહરે સીજદાતો કાફેર.

મજકુર શેઅરોમાં જે જે ઇસલામી અકીદાઓ દરશાવ્યા છે તેને સર્વ કોઇ મુસલમાનો સામાન્ય રીતે માને છે. પણ ચાલુ ઝમાનાના કેટલાક ઈસલામનો દાવો કરનારાઓનો હાલ દિન પર દિન બગડતો જાય છે એટલુંજ નહીં પણ તેઓ ખુદા પાકના તેમ તેના રસુલ (સલ)ના માર્ગથી ભટકાવવાની કોશિશ કરતા રહે છે અને તેનો નમુનો કોઇએ નઝમમાં કહ્યો છે તે આ છે.

મુસલમાંપે સારી કુશાદા હે રાહેં=પરિસ્તીશ:કરે શોકસેં જીસકી ચાહેં.
નબીકુ જો ચાહેં ખુદા કર દીખાએં=ઈમામોકા રૂતબા નબીસે બડાએં.
મજારોંપે દિનરાત નજરેં ચઢાએં=શહીદોંસે જા જાકે માંગે દુઆએ.
નતોહીદમેં કુછ ખલલ ઇસ્સે આએ=ન ઇસલામ બિગડે ન ઈમાન જાએ.
તોબાઃ તોબાઃ ખુદા હેદાયત આપે.

બાદ તારીફ અને સ્તુતીને અરજ આ છે કે હઇદરાબાદમાં જાહેલ સુફી (પીરકેઝરૂ) તથા હનફી (સુન્ની)ના સવાલ જવાબ થયલા તેની આ જાહેર ખબર છે. મને આશા છે કે તેના ઉરદુ પરથી ભાષાંતર કર્યું છે તેથી તેના ઉર્દુ માફક મારા દેશના ભાઇઓ પણ એથી સારો લાભ મેળશે અને જો

ખુદા પાકનો ખોફ હશે તો ભલી બુદ્ધિથી પોતેજ ઇન્સાફ કરી લેશે અને બીજા ભાઇઓને ખરો માર્ગ બતલાવશે.આમીન.

(૧) સવાલ પીર સુફીનો–અરે હનફી સુન્ની નાલાયક તમે જે પીર સુફીના રસ્તાને પસંદ કરતા નથી અને તેઓની ચાલ ચલણપર મહેણું મારો છો તે શું ? અમે પીર સુફી લોક અલ્લાહ અને રસૂલ (સલ)ના વચનથી શું બહાર છીએ?

જવાબ હનફી સુન્નીનો–અરે પીર સુફી સાહેબ તમે એમને એમ પોતાનો લકબ (અટક) જે મુકરર કર્યો છે તો શું તમે કોઇ ગુણ પીર સુફીના રાખો છો ? ! પછી જો ખરેખરો રસ્તો સુફીનો હોય તો તે શા માટે કોઇને પસંદ પડે નહિ ! તમો લોક કબર પુંજક અને બીદઅતિ છો, અને તમારા બધાં રસ્તા ખુદા અને (રસુલ) ના હુકમથી ઉલટા અને ગુમરાહી વાળા છે પણ તમને કાચા સુફી પાકા ગુમરાહ કહીએ તો ઠીક છે, પ્રથમતો સુફીના અર્થ બે છે:–તેમાં પહેલો એ છે કે જે સુફ (ઉન) પહેરનાર હોય એટલે કામળનો પોશાક પહેરે; કેમકે નબીઓએ અને સારા લોકોએ એને પસંદ કર્યો છે, કે એમાં જીવને તોડવાનું ઠીક હોય છે. જો તે કારણથી તમને સુફી કહીએ તો તમો લોક સુફની જગ્યા "રેશમ, કીનખાબ, ઝરી, મલમલ વિગેરેનો ચમક ઝમકના; સારા સારા કટના સીવેલા લુગડાં" અને રંગ

બેરંગી ફેન્સી જોડાઓ, શાલ, દુશાલા વિગેરે પહેરો છો ઓઢો છો તેમજ ઘરમાં ઓરત બચ્ચાંઓને વાગતા ઘરેણાં ગાંઠા પહેરાવો છો તેમજ મોટા મોટા ઘર અને બંગલાઓમાં રહો છો, કે તમોએ મુરીદોના દિલ દુઃખાવી વસુલ કરી બાંધ્યા છે તેવાં છે અને કેટલાકતો તમારા બાપદદાના વખતના કે જેઓ ખરેખર સુફી હતા અને તેઓના મુરીદોની રિયાઝત માટે તથા ખરો તસવ્વોફ જારી રાખવા માટે આગલના નવાબોએ ખાંન્ગાહો બનાવી આપેલી કે જે હાલ તમને દીન્દારી વિના છાજતી નથી હવે તેમાં જાત જાતના ફેન્સી મચ્છરદાનીથી શણગારેલા પલંગપર નરમ નરમ બીછાણાં નાંખી સુઓ છો, અને બહાર હરવા ફરવા માટે વાડી બગીચે જવા માટે ગાડી ઘોડા રાખો છો, સારા સારા સ્વાદિષ્ટ ભોજન જમો છો શેઠ શાહુકારોને ત્યાંથી સારા માંઠા પ્રસંગે જમવાના ઈઝન માટે તમારે ત્યા કાર્ડો આવે છે અને તેથી શેઠ શાહુકારોને ત્યાંના કવાબ, પુલાઉ, બીરીયાની, નાન, મીઠાઈ ખાઇ ખાઇ તમારો જીવ બસ બસ કહે છે. વળી તમારી મીસાલ એક બુજરૂગે શેઅરમાં આપી છે તે સાંભળો (" ચું બ ગંદુમ મીખોરી બદરગ મીશવી * ચું ગુરિસ્ના મીશવી સગ મીશવી") અર્થ તેઓનો હાલ ન સબરમાં છે અને ન શુકરમાં છે પણ જ્યારે તેઓ ઘઉંનો લોટ ખાય છે

તો તેઓની રગ બુરી બની જાય છે, અને જ્યારે તેઓપર ભુખમરો થાય છે તો તેઓની હાલત આ ઘેર પેલે ઘેર કુતરા જેવી થાય છે.” એવા અનેક જાતના સુખચેનમાં રહેવા ઉપ્રાંત તમારી સેંકડો રૂપીયાની આમદની છતાં ન હજ્જ. ન ઝકાત છતાં માલ બધો જમા ને જમા રાખો એ શું વ્યાજબી છે? ઓ ભાઇ સુફી! હું દુનિયાની કઈ કઇ ફીધેલી ચીજનું બ્યાન કરૂ? તમોજ ઇન્સાફ કરો, વળી બીજો સુફી તે છે કે દિલ તેનું સાફ હોય એટલે ખુદા તથા રસુલના વગર તેઓના દિલમાં કાંઇ બાકી રહે નહિ. “અને તેઓનુ જાહેર બાતેન સંણુગારેલું હોય” જો તે સબબથી તમને સુફી કહીએ તો તમારા દિલો તો હજારો તરેહની બદબોઇથી ભરેલા છે કે આજે ક્યા અમીરનો શીકાર છે, અને કાલે કયો માલદાર મુરીદ બને છે એજ વિચારમાં રાત દિવસ રહો છો. વળી તમોને કોઈ ગરીબ મળવા માટે આવશે તો આડી નજરે પણ જોશો નહિ અને જો કોઇ માલદાર આવશે તો ઘણાજ ઉપકાર સાથે મીલાપ કરશો; અને ખુદાની યાદની વાત પણ કરશો. બાકી દિલમાં તો એવાજ ખ્યાલ રાખો છો કે, એવા ચાર પાંચ માલદાર મુરીદ બને તો જીંદગી ઘણીજ આરામથી ચાલશે.?!!

લતીફો:–અહીં તો જીંદગી આરામથી ગુજારશો પણ આખેતરની ખબર તો ખુદા જાણે કે શું થશે!?

વ્હાલા પીર સુફી તમારા લોકનો જાહેર અને બાતીનનો તો એવો હાલ છે.! અરે સુફી સાહેબ આ વખતમાં ખરા સુફીનું તો નામજ છે. લાખોમાં એક બે. આજે જે સુફી થવાનો દાવો કરેં છે તે બધા કબર પુંજનાર, બીઅદતી દુનિયા કમાવનાર છે. તેઓના બુરા કામોના ચાલ ચલણુ ખરા સુફીથી શું સંબંધ રાખે છે ???

કવ્ય:—ચે નિસબત ખાકરા બા આલમે પાક.

વળી મોલાના રૂમ ફરમાવે છે કે લોકોને દેખાડવા " મોહ ઉપર તો સુબ્હાન હલ્લાહની તસબી છે અને દિલમાં તો ગાઇ ગધેડું રમ્યા કરે છે".

જુઓ હજરત મહબુબ સુબહાની [રહ] અને હજરત ખાજા મુઇનુદ્દીન ચીશતી (રહ) અને હજરત ખાજા બાહા-ઉદ્દીન નક્ષબંદી (રહ) જેઓથી સુફીનો રસ્તો જારી છે. અને તેઓના વચન તથા કરણી અને ઉઠવું બેસવું અને વખતો કાઢવાં કેવી રીતે હતાં ? તેઓએ ફરઝ, નમાઝ વગર ઇશરાક, ચાસ્ત, તહજજુદ એ વગર સેંકડો નફીલ રાત દિવસમાં પઢતાં હતાં. "ઓ પ્યારા સુફી! તમે લોક પાંચ વખતનીજ ફરજ નમાજ ખુશીથી પઢો. અને જો તેઓ અધી રાત ખુદાની બંદગી કરતા હતા, તો તમે ઇશાની (આઠ વાગેની) નમાઝ તો જમાત સાથે પઢી સુઓ! જો

તેઓ દુનિયાને તદન મુકનાર હતા, તો તમો માત્ર મના-ઇથી તો તો બચો, જો તેઓ બધો માલ ખુદાના નામપર ખેરાત કરતા હતા, તો તમો માત્ર ઝકાતજ ખુશીથી આપો.! તમે લોક કયુ કામ તેઓ પ્રમાણે કરો છો?! ઓ પ્યારા સુફી સાહેબ! તે ખરા સુફીઓનો તો એવો હાલ હતો કે, જેમકે એક સાચા સુફી બયાન કરે છે.

"ઝિન્દા કુની અતાએ તો, વર બકુશી ફિદાએતો,"
"* જાં શુદહ મુબ્તલાએતો, હરચે કુની રઝાએતો"

અર્થ ઓ ખુદા જો તું મને જીવ્ડાવે તો એ તારી કૃપા છે અને જો તું મારે તો હું તો તારાપર ફીદાજ છું. કારણ કે મારી આત્મા તો તારી ચાહતમાં વળગેલી છે હવે તું જે કરે તારી ખુશી ઉપર છુ" અને તેઓનો હાલ આ હતો કે જો એકદમ ખુદાની યાદ વગર જતો હતો તો પોતાને મુરદાર ગણતા હતા. જુઓ "હજરત ખાજા હસન બસરી (રહ) ની એક તકબીરે ઉલા (પહેલી તકબીર) નમાઝની જતી રહી હતી, તો તેના ગમમાં હંમેશા તોબા-તથા ઇસતેગફાર કરતા હતા. અને હજરત મહબુબ સુબ-હાની (રહ)નો એ હાલ હતો, કે એક દહાડો મસજીદથી નમાઝ પઢી બહાર નીકળ્યા કે રસ્તામાં વરસાદના કારણથી કીચડ ઘણો હતો. તેથી પોતાનો એક જોડો કીચડમાં ફસાઇ

ગયો હતો. અને તેના કાઢવામાં ખુદાની યાદનો ખ્યાલ ચુકી ગયા તેના ગમમાં ત્રીશ વર્ષ સુધી અફ્સોસ કરતા રહ્યાં કે હું આટલીવાર કેમ ગફ્લતમાં રહ્યો." અને હજરત ખાજા મોઇનુદ્દીન ચીશતી (રહ) નો એ હાલ હતો, કે પોતે ઇશાના વઝુથી સહવાંરની નમાઝ પઢતા હતા, એટલે પોતે અલ્લાહની યાદમાં બધી રાત જાગતા હતા. એ વગર હમારા રસુલ (સલ) નો એ હાલ હતો કે પોતે રાતના નમાઝ માટે એટલું ઉભા રહેતા હતા, કે પોતાના પગો મુબારક સુજી જતા હતા. ! ઓ સુફી સાહેબ ! જે હાલતમાં હમારા વડાઓએ એવી બંદગી કરી હોય તો પીરોને જોઇએ કે પોતાના વડાઓના પાછળ પાછળ ચાલે અને જો એમ નહિ તો કંઇ આ ઓછું નથી, કે તેનાથી ઉલટું કરે. ? ઓ પ્યારા સુફી તમો લોક જે સુફીનો દમ ભરો છો અને બધી બંદગીઅને ખુદાના હુકમને એક બાજુ મુકી પંડિતોની જેમ હમાઓસ્ત (તેનાજ ખ્યાલ) નો ખોટો દમ ભરવા લાગ્યા. અને કબર પુંજક, ચબુ પુંજક, નિશાન પુંજક; તાબુત પુંજક, તસ્વીર પુંજક, તકીયા પુંજક, પીર પુંજક કાઠી રાવતી (ધજા) પુંજક, મેહદી પુંજક, (નાનું તાજીયું) સ્થાનક (ચૅારો) પુંજવાનું શરૂ કર્યું, અને તે શેતાનનો શેખ જે

સુરીદોથી સીજદો કરાવે છે, એ વગર કોની નમાઝ અને કોનો રોઝો એવો લવારો કરતા ફરો છો. !!!

સવાલ બીજો પીર સુફીનો—અરે હનફી સુન્ની સાહેબ તમારી એવી સખત વાતોથી એમ જણાય છે કે કોઇ વખત તમે લાહાબી (વાહાબી કે વાહબડા કે ફરી ગયલા) છો. ?

જવાબ હનફીનો—ઓ પીર સુફી સાહેબ! તમારાપર અફસોસ છે, તમે કેવા સુફી છો? ન તમે સુન્નીને (કે ચાર મજહબમાંથી એક મજહબ પર ચાલનાર) ઓળખતા ન તમે લાહાબી (મજહબને ન માનનાર) ને જાણતા, જે કોઇ હકક વાત કહે છે તો તેનેજ તમો લાહાબી કહો છો.?

સવાલ ત્રીજો પીર સુફીનો—ઓ પીયારા હનફી સાહેબ તમે પોતેજ ફરમાવો કે સુન્ની કોને કહો છો? અને લાહાબી કોને બોલો છો. ?! કેટલીએક નીશાનીઓ સુન્નીની અને કેટલીએક લાહાબીની જુદી જુદી બ્યાન કરો જેથી હમે જાણીએ.

જવાબ હનફીનો—ઓ મારા ભાઇ પીર સુફી "સુન્ની (મજહબપર ચાલનાર) તેજ માણુસ છે કે જેનું જીવવું અને મરવું રસુલલ્લાહ (સલ)ની સુન્નતપરજ હોય અને જેની શાદી તથા ગમી પણ સુન્નતપરજ હોય એટલે જે સખ્સ રસુલુલ્લાહ [સલ]ની સુન્નતના રસ્તા "એટલે ઇલમે દિન ફેકાહ, તફસીરો, હદીસ, (તફસીર હદીસ અને ફીકાહ) પર ચાલનારો છે, તેજ

સુન્ની છે. અને તેજ ઉમ્મત્તી છે. અને તેનેજ માટે જન્નત (સ્વર્ગ) છે "અને લાહાબી [મજહબ ન માનનાર] તેજ માણસ છે, કે જેનું જીવવું અને મરવું લહોવ લઅબ (રમ્મત) પર હોય અને જેની ખુશી ગમી લહોવ લઅબપર હોય; એટલે જે માણસ કે મુશરેકોના રેવાજ, રસમ, ચાલ ચલણપર ચાલે છે તેજ લાહાબી છે, અને તેજ ગમ્મતી છે અને તેનેજ માટે જહંનમ છે. કોઇ સાએરે (કવી) કેવું સારૂં કહ્યું છે.

સુન્નીએ ખુશ નશીબકુ બાગો બહાર હૈ,
કમબખ્ત લાહાબીકુ જહંનમકી માર હૈ.

સુન્નીનું કામકાજ. જ્યારે કોઈ હમારા સુન્નીને ઘેર શાદી કે ગમી થાય તો પુરેપુરી સુન્નત તરીકાથી બધાં કામ થાય છે. અલ્લાહ, અલ્લાહ, ખેરસલ્લાહ."

લહાબીનું કામકાજ એટલે લાહાબીના બધા કામ પુરેપુરી રીતે મુશરેકોના તરીકાપર કામ થાય છે. જ્યારે કોઇ મુશરેકને ઘેર લગ્ન શરૂ થાય છે તો કેટલીક ઓરતો એક ઘરમાં જમા થઇ, ગાવું વગાડવું શરૂ કરી હળધર લગાડે છે અને નવશા કન્યાને હળધીના રંગના કપડાં પહેરાવી કન્યાના હાથપગને મેંદી લગાડે છે. અને નવશાના ગળામાં સોના ચાંદીના ઘરેણાં નાંખી નવશા અને કન્યાને ચોકપર બેસાડે છે. અને ઘરના દરવાજાને તોરણ (પાતરાનો

બારણાપર હાર) બાંધે છે અને ઘરના આંગણાંમાં વગર જરૂરતે મંડપ બાંધી કળના ઘડા મૂકે છે. અને એવોજ પુરેપુરો રીવાજ લાહાબીની શાદીમાં પણ હોય છે. વળી મુશરેક પોતાના લગ્નમાં રામ જગા કરે છે અને લાહાંબી પોતાની શાદીમાં રાત જગા (સાંજ જગા) કરે છે મુશરેક લોકો ચોક ભરે છે. અને નવશા કન્યાને તેલ ચઢાવે છે અને હાથમાં કડાં બાંધે છે અને જ્યારે મુશરેક કન્યાને ઘેરે પહોંચાડે છે તો બન્ને એક બીજાના માથાપર ફુલ, શકકર, ચોખા નાંખે છે અને લાહાબી પણ પુરેપુરો એવોજ રીવાજ શાદીમાં [જેમ કે હુજલો જલવો, વધાવવું પહેરામણીમાં પગ હાથ ધોવડાવા વિગેરે] કરે છે અને મુશરેક લોક હોળીના દિવસોમાં રંગ, પાણી, ખેલ, કુદની હોળીના ભડવા કહેવડાવે છે અને લાહાબી લોક પણ શાદીના દિવસોમાં રાગ રંગ રમત ગમતની ખુશીના ભડવા કહેવડાવે છે મુશરેક હોળી બાળી આગની તવાફ (ફેરા ફરે છે) કરે છે અને લાહાબી તાપણું બાળીને આગના ફેરા ફરે છે મુશરેક દેવળમાં મરઘી, બકરી મૂકે છે અને લાહાબી કબરોપર મરઘી બકરા ચઢાવે છે. મુશરેક આટાની ચોક એટલે ઘીનો દીવો દેવલમાં બાળે છે અને લાહાબી પણ ઘીનો દીવો મસજીદમાં તથા કબરોપર બાળે છે. મુશરેક દેવળમાં ઝુલા (ચાદર નારીયલ ફુલ વિગેરે) ચઢાવે છે. અને

લાહાબી પણ કબર ઉપર ગીલાફ, ચાદર, નારીયલ મલીદા વિગેરે ચઢાવે છે. મુશરેક દેવને નવડાવે છે અને લાહાબી પણ કબરને ગુસલ દે છે મુશરેક દેવ ઉપર ચંદન ચઢાવે છે અને લહાબી પણ કબરપર સંદલ ચઢાવે છે મુશરેક દેવની જાત્રા કરે છે અને લાહાબી પણ કબરનો ઓરસ કરે છે મુશરેક દેવનો સીજદો, તવાફ કરે છે અને લાહાબી પણ કબરને સીજદો તવાફ કરે છે. મુશરેક લોકો દેવના રૂબરૂ ગાવું વગાડવું અને ઓરતોનો નાચ રંગ કરાવે છે અને લાહાબી લોકો પણ કબરના રૂબરૂ ગાવું, વગાડવું તેમજ રંડીઓનો નાચ રંગનો મુજરો કરાવે છે. મુશરેક લોકો મરેલાનો દહાડો તહેવાર મુકરર વખતપર કરે છે એટલે દશા, અગીયારમું બારમું, તેરમું, માસીસો, વિગેરે કરે છે. વળી બાળક જન્મે છે, તે વખતે પણ છઠ્ઠી, ચલ્લુ વિગેરે કરે છે. તેમજ લાહાબી લોક પણ એવીજ રીતે બરાબર કરે છે મુશરેક શેતાન મરદુદના પીર રામ લક્ષમણ માને છે. તેમ લહાબી પણ મરદુદના પીર નરસુ પીર નરસુ શેખ સદદુને માને છે. મુશરેક મુરદાને ઘેરથી કબર સુધી ગાતાં વગાડતાં લઇ જાય છે અને સાથે આગ રાખે છે તેમ લાહાબી પણ એમજ મુરદાઓને ઘેરથી કબર સુધી ગાતાં, વગાડતાં લઇ જાય છે અને આગ પણ સાથે રાખે છે મુશરેક લોકની રંડાયલી ઓરત બાર કર્મ કરતી હોય

અથવા કરવાનો ઇરાદો રાખતી જણાય તો પણ ફરી લગ્ન કરતા નથી તે મુજબ લાહાબી લોક પણ મુશરેકોની પાછળ ચાલનારા છે એટલે રંડાયલી ઓરતનાં બીજા નિકાહ કરતા નથી; જો તે એવા મુશરેકોની એવા જેવી બદકાર હોય તો પણ કંઈ પરવા કરતા "નથી લાહાબીની એવી બે હયાઇની જીંદગીપર "હજાર અફસોસ હોજો" મુશરેક લોકો લાકડા, પત્થર, ચંદ્ર, સૂર્ય, આગ, પાણી વિગેરેને પૂજે છે અને લાહાબી લોક વાંસડા. અબરખ, કાગળ. તાબાં. પીત્તળ. વિગેરેને પૂજે છે.

સવાલ ચોથો સુફીનો—એ મીયાં હનફી સાહેબ આ કીતાબના જોવાથી તો એમ જણાય છે કે; મુશરેક તથા લાહાબીના બુરા અમલમાં કંઇ ફેરફાર નથી; હવે બીજી આટલી મહેરબાની કરશો કે, જેમ ઉપરની મતલબમાં સુંન્ની તથા લાહાબીમાં ફરક બતાવ્યો છે તેવોજ મુશરેક તથા લાહાબીમાં કેટલો બાહેર ફરક છે તે પણ બતાવશો જેથી હમે એ પણ જાણીએ, તો વ્હાલા ભાઇ. ઘણું સારૂ? અરે સુફી સાહેબ કેટલાક તો શું પણ હું તમોને ઘણોજ બાહેર ફરક બતાવીશ કે જેમાં તમો એક ડગલો આગળ ચાલો છો એ ભાઇ સુફી સાહેબ:—

૧ લો. ફરક મુશરેક અને લાહાબીમાં ઘણો મોટા તો એ છે કે, જ્યારે બે મુશરેક આપસમાં મળે છે તો તેઓનું આ સલામ છે. રામ રામ, સીતારામ, દંડમ દંડમ. સાહેબજી શ્રી રાધેકૃષ્ણ જેશ્રીકૃષ્ણ વિગેરે; અને જ્યારે બે લાહાબી આપસમાં મળે છે તો તેઓનું સલામ આ છે. આબાદ. આદાબ, બંદગી બંદગી તસ્લીમાત, કદમબોસી.

૨ જો ફરક એ છે કે મુશરેકો પોતાના માથામાં બીર (દેવ)ના નામથી એક ચોટલી ,રાખે છે. અને લાહાબીઓ પોતાના બચ્ચાના માથામાં પીરોના નામની પણ ત્રણ ચોટલી રાખે છે.

૩ જો. મુશરેક ચેલો પોતાના ગુરૂના ઉઘાડા પગોપર સીજદો (પ્રણામ) કરે છે પણ પોતાના બંને હાથોની મુઠ્ઠીઓ પગો ઉપર મુકી અંગુઠાઓપર સિજદો કરે છે. "અને લાહાબી મુરીદ પોતાના પીરોના પગોપર સિજદો કરે છે એટલુંજ નહિ પણ ચામડાના જોડાઓપર બડાસથી સીજદો કરે છે."

૪ થો. મુશરેકો મુડદાંને દેવનો તવાફ કરાવતા નથી પણ લાહબીઓ મુડદાંને કબરનો તવાફ કરાવે છે.

૫ મો. મુશરેકો મુડદાંને સવાબ (પુન્ય) પહોંચાડવા ખાવાનું રંધાવી ભુખા માણસોને ખવડાવે છે અને લાહાબીઓ

મુરદાંને સવાબ પહોંચાડવા ખાવાનું રાંધી પેટ ભરા માણસોને ખવડાવે છે.

૬ ઠો. મુશરેકો લાઅનતી પોશાક પહેરતા નથી એટલે મરદ ઓરતનો પોશાક અને ઓરત મરદનો પોશાક પહેરતા નથી. "પણ લાહાબીઓ લાનતી પોશાક પહેરે છે એટલે મરદ ઓરતનો અને ઓરત મરદનો પોશાક પહેરે છે."

૭ મો મુશરેક ઓરત પોતાના ધણીના આરામ બીછાનાપરથી જલદી ઉઠી સહવારમાં નહાઇને દેવની પુંજા કરે છે "તેમ લાહાબી ઓરત પોતાના ધણીના બીછાનામાંથી ઉઠી આઠ આઠ દહાડા બલકે પંદર પંદર દીવસ સુધી બીલકુલ નહાતી નથી ત્યારે નમાજનું તો ઠેકાણુંજ ક્યાં."

૮ મો મુશરેકો વરસમાં એક દીવસ વહેતા પાણીમાં પુંજા કરી ફુલની બાજો મુકે છે "તેમજ લાહબીઓ દરમાસના પહેલા ગુરૂવારે પાણીમાં "પુંજા" માટે ફુલના દડીયા મુકે છે.

૯ મો. મુશરેકો પાણીથી ન્હાયા સીવાય ખાવાનું ખાતા નથી તેમજ રાંધતા પણ નથી ત્યારે લાહાબીઓ પાંચ વખત નમાજ પડયા વગર ખાએ છે.

૧૦ મો. મુશરેકો કોની પુંજા કોના રોઝા (અપવાશ) કહેતા નથી અને કરે છે તેમજ લાહાબી લોકો કોની નમાઝ કોના રોઝા કહે છે પણ કરતાં નથી. ખુદાની પનાહ.

૧૧ મો. મુશરેકો દીવાલીમાં દારૂખાનું ફોડે છે " તેમજ લાહાણીઓ સુબરાત અને મુશરેકોની દીવાલીમાં દારૂખાનુ છોડે છે."

૧૨ મો. મુશરેકો હોળીમાં જુદી જુદી જાતના ખોટા વેશધારણ કરી ભુંડા શબ્દો બોલે છે અને વરઘોડાઓ કહાડે છે "તેમજ લાહાણીઓ મોહર્રમમાં શેતાની ભુંડા વેશો ધારણ કરી ઢોંગસોંગ કાઢી વરઘોડા ફેરવે છે. અને અપશબ્દ બોલે છે.

૧૩ મો. મુશરેકો પાનાપર પૈસા મુકી જુગાર રમે છે: પૈસાનો જુગાર ખેલે છે. અને શરત સોરતીમાં પૈશા નાંખે છે "તેમજ લાહાણીઓ પણ વધું ઉમરે તેવાજ બધા ખોટા કામો કરે છે."

૧૪ મો. મુશરેકો મેળામાં દુકાન માંડી, મૂર્તિઓ, રમકડાઓ વીગેરેની દુકાન માંડી વેચે છે "તેમ લહાણીઓ પણ તેવી ચીજો વેચવાના ઢોંગ સોંગ લઈ બેઠા છે અને મુશરેકોના મેળામાં તેમજ ઓરસોમા તેવી ચીજો ખરીદે છે તેમજ વેચે છે."

૧૫ મો. મુશરેકો મેળામાં વાજાં, નગારાં વગાડી ભજન ગાય છે. તેમજ લહાણીઓ પણ ઓરસમાં નગારાં; દાયરાં, વગાડી નીશાનો કહાડી ધુરજો, ચાબક વિગેરે બદનપર મારી શતેબ કરાવે છે અને "સવાબ" ગણે છે.

૧૬ મો. મુશરેકો માથે ચોટલી રાખી દહાડી મુંડાવી મોટી મુછો રાખે છે. તેમજ લહાણીઓ પણ માથે ચુલા ફેશીન શેતાની ખુંટી રખાવી, દહાડી મુંડાવી કે કતરાવી મોટી મુંછો રખાવે છે.

૧૭ મો. મુશરેકો તરેહ તરેહના વેશ બદલી વાજા વગડાવી નાચ રંગ કરી, તરેહ તરેહના ખેલ કાઢી નાટકો ભજવે છે તેમજ લહાણીઓ પણ એવીજ રીતે ખરે ખરૂં કાઢી બતાવે છે.

૧૮ મો. મુશરેકો, કોટ, ધોતીઉં, કોલર, નેકટાઈ વિગેરે પહેરી આંગળીથી સલામ કરી ચાલે છે. તેમજ લહાણીઓ પણ કોટ, પાટલુન વાસકેટ, કોલર પહેરી આંગળીથી સલામ કરી એકડાઇથી ડોલર લટકાવી ફરે હરે છે.

૧૯ મો. મુશરેકો લહાણીને ત્યાં શાદી, ગમીનું ખાણું જમતા નથી તેમજ વાર તહેવારે ખાવાની ભેટ લેતા નથી ત્યારે લહાણીઓ એ બધા કામોમાં પુરા છે.

૨૦ મો. ઘણા ખરા મુશરેકો શરાબ, પીને રસ્તામાં મસ્તી ઢીંગાણું કરતા નથી. પણ લહાણીઓ ઘણું કરી શરાબ દારૂ, તાડી, ભાંગ ગાંજો, પીને રસ્તામાં હુલ્લડ મચાવે છે.

૨૧ મો મુશરેકો મારા સમ, તારા સમ, મારા ગળાના સમ ધર્મના સમ, જીવના સમ, ખાય છે. તેમજ લહાણીઓ

પણ બચ્ચાની કસમ તારી કસમ મારી કસમ; પીરના વિગેરે વાત ચીતમાં ખાય છે.

૨૨ મો મુશરેકો દરેક કામમાં શુકન અપશુકન પોતાના ઘરમાં બેસી માને છે "તેમજ લહાણીઓ દરેક કામમાં શુકનને પુરતું માન આપી ઘરની બહાર નદી પાસે કબરો પાસે જય પુરાં કરવા ચાલે છે.

૨૩ મો. મુશરેકો માથું ખુલ્લું કરી ટેબલ પર છરી કાંટાથી ખાય છે તેમજ લહાણીઓ પણ હમેશાં તેમજ કરે છે.

૨૪ મો. મુશરેકો સહવારમાં જલદી ઉઠી પુંજા પાત્રી કરી ધંધે રોજગારે લાગે છે. ત્યારે લહાણીઓ મોડી રાત સુધી ખોટા ગપ્પા સપ્પા મારી ઉંઘે છે. અને મોડા ઉઠી તારી મારી કરે છે. પણ નમાઝ જીકરની તો વાતોજ નથી.

૨૫ મો. મુશરેકો ધંધાધારીમાં દગો ફટકો કરે છે, તોલમાં ઓછું આપે છે, અને વ્યાજમાં બમણા કરે છે; તેમજ લહાણીઓ એથી વધારે દગો ફટકો કરે છે. તેમજ વ્યાજમાં ત્રણ ઘણા ચાર ઘણા કરવાનો ધંધો કરે છે.

૨૬ મો. મુશરેકોની ઓરતો સાધુઓ, જાદુગરો કુમંત્ર જાણવાવાળાઓ પાસે જઇ પોતાનું ધારેલું કામ કરવાને દોરા ચીઠીઓ કરાવે છે; તેમજ લહાણીઓની ઓરતો પણ પીર, મુરશદો, ફકીરો પાસે જઇ જંતર મંતર કરાવે છે.

૨૭ મો. મુશરેકોની ઓરતો સાડી, ચોળી પહેરી ધમધમ અવાજ થાય તેવા દાગીના પહેરી પાનો ચાવતાં બારીઓ પર બેસે છે પરાયા સાથે છુટથી વાતો કરે છે અને બહાર ફરે હરે છે. તેજ પ્રમાણે કેટલીક જગ્યામાં લહાણીઓ વર્તે છે.

૨૮ મો. મુશરેકો પેશાબ કરી પાણીથી ધોતા નથી તેમજ લહાણીઓ પણ પેશાબ કરી ખડું લેતા નથી તેમજ પાણીથી ધોતા નથી.

૨૯ મો. મુશરેકો દરરોજ દેવલમાં જઇ પુજા પાત્રી કરે છે ત્યારે લહાણીઓ ફકત જુમ્માની નીમાજ પઢે છે. અને કેટલાક તો જુમ્માની નીમાજ પણ પઢતા નથી.

૩૦ મો. મુશરેકો મુડદાંને ખાટલીમાં લઇ જઇ બાળી આવે છે. અને કેટલાક મુડદાંને દાટી પાછા આવે છે તેમ લહાણીઓ પણ જનાજા સાથે જઇ દફન કરી પાછા આવે છે પણ જનાનાની નમાઝ પઢતા નથી.

૩૧ મો. મુશરેકો જાત્રા જવી વખતે પૈસા હોય અગર ન હોય તો પણ ગમે તેવી ગોઠવણ કરી જાત્રા જાય છે. પણ લહાણીઓ પોતાની પાસે પુસ્તી નાણાની સગવડ હોવા છતાં પોતાને દરેક જાતની સગવડો હોવા છતાં હજ્જ પઢવા જતા નથી.

૩૨ મો. મુશરેકો છોકરીઓને વારસો આપતા નથી તેમજ લહાણીઓ પણ છોકરીઓને વારસો આપતા નથી.

૩૩ મો. મુશરેકોએ પ્રાર્થના કરવા તેમજ સુવા માટે દિશા મુકરર કરી નથી પણ લહાણીઓ ઉત્તર દિશા તરફ પગ રાખી સુતા નથી પણ શરીઅતે નહીં બતાવ્યા છતાં ઉત્તર દિશા તરફ ઉભા રહી દુવા માંગે છે.

૩૪ મો. મુશરેકો પોતાની ઓરતોને તથા દીકરીઓને પરાયા મરદ સાથે પરદેશ મોકલે છે; તેમજ લાહાણીઓ પણ પોતાની ઓરતોને પરાયા પુરૂષ સાથે પ્રદેશ મોકલે છે.

૩૫ મો. મુશરેકો વાતચિતમાં ઘણું કરી ભુંડા શબ્દો કાઢતા નથી પણ ઘણા ખરા લાહાણીઓ વાતચીતમાં ભૂંડા શબ્દો બોલે છે.

૩૬ મો. મુશરેકો પોતાના વડીલો સાથે અદબથી વર્તે છે;પણ લાહાણીઓ પોતાના વડીલો સાથે પણ બેહયાઇથી વર્તે છે.

૩૭ મો. મુશરેકો ઉઠતાં બેસતાં પોતાના દેવોના નામો લેછે તેમજ લાહાણીઓ પણ ઊઠતાં બેસતાં પીર, પેગમ્બરના નામો લે છે પણ ખોદાનું નામ લેતા નથી.

૩૮ મો. મુશરેકો કોઇ ચીજ જોઇએ તો દેવ ત્થા દેવીને પાસે માંગે છે ત્યારે લાહાણીઓ પણ પોતાના અલ્લાહને છોડી પીર, પેગમ્બર પાસે માંગે છે.

૩૯ મો. મુશરેકો દેવોની જાત્રા કરવા દેશ પ્રદેશ દોડે છે. ત્યારે લાહાબીઓ પીરોના ઓરસોમાં દેશાવરે જાય છે.

૪૦ મો. મુશરેકો પોતાંના બચ્ચાઓને ધર્મ સંબંધી તથા વહેવાર સંબંધીનો ઉપદેશ આપે છે પણ લાહાબીઓ પોતાના બચ્ચાઓને ધર્મ સંબંધી કોઇ પણ જાતનું જ્ઞાન આપતા નથી અને તેથી તેઓ આજે તમારી સામે સેંકડો રઝળતાને લાચાર વગરના લાચાર થઇ ભીખ માંગતા ફરે છે. મુશરેકો મોટે ભાગે ભીખ માંગતા નથી પણ લાહાબીઓ પોતાના બચ્ચાને ઇલમ શીખવતા નથી તેમજ ધંધો રોજગાર કરાવવાના સાધનો ન મેળવતાં ભીખ માંગવાનો ધંધો કરી પોતાનું પુરૂં કરે છે.

સવાલ પાંચમો સુફીનો—અરે મારા પ્યારા હનફી સાહેબ આ કીતાબ જોવાથી તો એમ જણાય છે કે, "લાહાબીઓના બુરા કામો તો મુશરેકોનાં કામો કરતાં પણ ઘણા મોટા છે.

જવાબ સુન્ની હનફીનો—અરે મહેરબાન સુફી સાહેબ, લાહાબી લોકો માણસોના શેતાનો છે એટલે કફર, શિરક, બીદઅત, વ્યાજ જુંઠાણું, રિશવત, મકર, ફરેબ, શેત્રંજ, જુગાર, ગંજીફા, પાસા, તાડી, દારૂ, અફીણ ભાંગ, ગાંજો, કોકેઇન શરાબ, ગાવું, વગાડવું નાચ, મુજરા, મહારીના ખેલ વિગેરે હરામકારી, ગાવું, ચોરી, ચુગલી, ઠઠ્ઠા, મશ્કરી

તકબોરી વિગેરે એ શિવાય બીજા ઘણા ખરા છે કે તેઓ શેતાનની રમ્મત ગમ્મતમાં શામેલ રહે છે.? ઓ પ્યારા સુફી લાહાણી લોક જો આલેમો અને મશાએખોની સુરતમાં હોય તો પણ તેઓની સુરતનો કંઇ ભરોસો નથી કારણકે ખુદાપાકના નજદીક અમલ પેશ થશે. ન સુરત; જુવો હજરત બેલાલ (રદી) કાળા હફસી હતા. સારા અમલના કારણથી જન્નત (સ્વર્ગ) ના બાદશાહ બન્યા અને જુઓ અબુજહલ તથા અબુલહબ ગોરા કોરેશના સરદાર હતા બુરી કરણીના સબબથી દોજખ (નર્ક)ના રહીશ બન્યા.

સવાલ ૬ ઠો સુફીનો—એ પ્યારા 'સુન્ની હનફી' સાહેબ આ સાચી અને ખરી કીતાબ છે એના જોવાથી હું ખરો સુન્ની થઇ ગયો. એટલે સુન્નતનો તાબેદાર થયો અને લહાણીપણાથી મેં તોબા કરી અને કુફર, શીરક, બીદઅત, વિગેરેથી તોબા, તોબા, અને મને હિદાયત મળી તે માટે આમીન. સુમ્મા આમીન.

ઓ અલ્લાહ આ કીતાબને કબુલકર, આમીન અને લાહાણીઓના હુમલાથી બચાવ. સુમ્મા આમીન.

"અને મુસલમાન ભાઇઓને તારા હબીબના વસીલાથી હીદાયત નસીબ કર, આમીન યા રબ્બલ આલમીન,

સમાપ્ત.

"ઇમાનની શાખાઓ"

ખુદાના નામથી જે મોટો મહેરબાન રહેમ કરનાર છે.

સર્વ સ્તુતિ ખુદા માટેજ છે કે જે બધાનો પાળનાર છે, અને દરૂદ તથા સલામ પેગમ્બરના સરદાર મોહંમદ (સલ) તથા તેમની આલ અસહાબ તમામ માટે છે.

ઇમાન બધી બંદગી, નેકીની અસલ જડ છે. એજ માટે ઇમાનની દુરસ્તી વગર કોઇ અમલ કબૂલ મંજુર થતો નથી, સહી હદીસથી સાબેત છે. કે ઇમાનની ૭૭ શાખા છે. જેને જાણવાથી ઇમાન કામેલ થાય છે એજ માટે એવા વીચારથી થયો કે આ કિતાબ સાથે એ વિષે પણ મોતબર કિતાબોમાંથી કહાડી શામેલ કરી આપ્યું છે અને એનું નામ ઇમાનની શાખા રાખ્યું છે. અને એમાં ખરી હદીસના તરજુમા પણ સાથે લખ્યા છે જેથી ઉમેદ કે સર્વે મુસલમાન એને પોતે યાદ કરી પોતાનાં બાળબચ્ચાં સગાં વ્હાલાં દોસ્ત બિરાદો છોકરા છોકરીઓ વિગેરેને યાદ કરાવશે અને હંમેશ કોશીશ કરી સરકારી તથા ખાનગી મદ્રસા નિશાળોમાં દાખલ કરાવી ઇમાનની કામેલ દોલતથી સરફરાઝ થશે એવી આશા છે.

"ઓ અલ્લાહ તું એને સમજવામાં સહેલું કરી આપ અને તારી કુર્પાથી પુરૂં કરાવી આપ. આમીન."

અલ્લાહ ફરમાવે છે. "ખચીત જે લોકોએ કહ્યું કે અમારો રબ્બ અલ્લાહ છે. ફરી તેઓ એના પર કાયમ રહ્યા તો તેઓપર ડર નથી તેમ તેઓ ગમગીન થશે નહી. અને જેઓ ઇમાન લાવ્યાને સારાં કામ કીધા તો ખચીત અમે તેઓને જન્નતો કે જેની નીચે નહેરો ચાલેછે તેમાં હંમેશ માંટે દાખલ કરીશું."

અબુહોરેરા(રદી)થી ાસ્વાયત છે કે હજરતે (સલ) ફરમાવ્યું કે "ઇમાનની ૭૦થી વધુ શાખા છે જેમાંથી ઘણું ઉત્તમ "લએલાહ ઇલ્લ–લ્લાહ" કહેવું છે. અને સર્વથી ઉતરતું કોઈ હરકત કરનારી ચીજને રસ્તામાંથી દુર કરવું છે "હયા [લાજ] પણ ઇમાનની એક શાખા છે." (બુખારી, મુસલીમ.)

આ ખુશીના ફરમાનથી જણાયું કે જ્યારે આટલી વાતો ઈમાનથી સંબંધ ધરાવે છે તો પુરો મુસલમાન તે છે કે જેમાં એ સઘળી વાતો હોય અને જેમાં થોડીક હોય ને થોડીક ન હોય તો તે અધુરા મુસલમાન છે. અને આ વાત સઘળા જાણે છે કે પુરા મુસલમાન થવું ઘણું જરૂરનું છે. એજ માટે હરેકને વાજેબ છે કે એ બધી વાતોને કોશીશ કરી હાસેલ કરે કે જેથી એમાં કંઇ ખામી રહે નહીં એ

અલ્લાહ અમારા દિલને તારી રહમતના સબબથી ઇમાનપર સાબેત રાખ ઓ રહમ કરવાવાળાઓથી વધું રહમ કરનાર.

ઇલ્મે હદીસ જાણનારા ખરૂં તપાસનારાઓએ કુર્આન હદિસમાં વિચાર કરી ઇમાનની બધી શાખાઓને મજકુર હદીસ પ્રમાણે જમા કીધી છે જેની ગણત્રી ૭૭ છે. અને એની વિગત તાલીમુદ્દીન ફોરૂઉલ ઇમાન, ઇસલાહુર રોસુમ, મશારેકુલ-અનવાર ઝમાનુલ ફિરદોસ બહેશતી ઝેવરથી લીધી છે.

"દીલ સાથે સંબંધ રાખનારી ઇમાનની ૩૦ વાતનું બયાન"

(૧) ખુદાપર ઇમાન લાવ્વું તેને એક જાણવું તેની ઝાત સેફાત [ગુણો] ઉપર યકીન કરવું તેની મોટી સિફ્તો આ છે કાએમુન, કદીરૂન, મોરીદુન, કલીમુન. અલીમુન, સમીઉન બશીરૂન, (હંમેશ રહેનાર શક્તિમાન, ઈરાદો કરનાર, વાત કરનાર, જાણનાર, સાંભળનાર, જોનાર,) (૨) ખુદા સિવાય કંઇ ન હતું. તેના પેદા કરવાથી બધું પેદા થયું. (૩) ખુદાના ફિરસ્તા (દુતો) ખરા છે તેઓ ન મરદ કે ન ઓરત છે. (૪) ખુદાની જે જે કિતાબો રસુલોપર ઉતરી છે તે બધી ખરી છે તેની અમુક ગણત્રી નથી. પણ હવે કુર્આન સિવાય

બીજી સર્વના હુકમ ઉઠી ગયા છે, (૫) બધા પેગમબરો સાચા છે તેઓની પણ અમુક ગણત્રી નથી પણ હવે માત્ર હજરત (સલ) ના રસ્તા ઉપર ચાલવાનો હુકમ છે (૬) તકદીર કે ખુદાને બધી વાતોની પ્રથમથીજ ખબર છે અને જે તેને મંજુર છે તેજ થાય છે (૭) કયામત (મહાપ્રલે) આવનારી છે. (૮) જંનતને માનવું કે તે પેદા થઇ ચુકી છે તેમાં તરેહ તરેહની રાહતો નેઅમતો છે તેમાં રહેનારા નાશ નહીં થશે. (૯) જહંનમને માનવું તે પેદા થઇ ગઈ છે તેમાં સાપ વીંછુ તેમ તરેહ તરેહના અઝાબ [દુ:ખ] છે અને તેમાં રહેનારાં નાશ નહીં થશે. (૧૦) ખુદાની મોહબ્બત કરવી એ સિવાય તેવી બીજાની ન કરવી, અને તેના હુકમને બજાવવું તેમ જે ચીજથી તેની નજદીકી થાય તેને કરવું. (૧૧) હજરત (સલ)થી મોહબ્બત રાખવી તાજીમ કરવી, દરૂદ શરીફ પઢવું. તેમના બતલાવેલા રસ્તા ઉપર ચાલવું. (૧૨) કોઇથી દોસ્તી કે દુશ્મની કરે તો ખુદા માટેજ કરે. (૧૩) દરેક કામમાં દીન-નીજ નૈયત કરે; પછી રેયા (દેખાવ) નેફાકને મુકવું એ ખાલેસ નૈયતમાં દાખલ છે. [૧૪] ગુનાહો પર તોબા: કરવું. [૧૫] ખુદાથી ડરવું. [૧૬] ખુદાની રહમતના ઉમેદવાર રહેવું. (૧૭) શરમ કરવી અને દીનમાં હયા(લાજ)તેને કહે છે કે ગુનાહોથી બચવું અને કંઇ કસુર થાયતો ગમગીન થવું. [૧૮] ખુદાના

એહસાન, નેઅમતનું શુકર બજાવવું (૧૯) દીન પ્રમાણે કરાર વાયદાને પુરો કરવો. (૨૦) શહવતને મુકે, મુસીબત પર સબર કરે. (૨૧) પોતાને બીજાથી હલકો ઉતરતો સમજે મોટાની ઇજ્જત, નાંના પર રહેમ કરે અને મગરૂરી, ઘુમટ, હસદ કીનો, ગુસ્સો મુકવો; તવાઝોમાં દાખલ છે. (૨૨) ખુદાની મખલુક પર રહેમ કરવું. (૨૩) ખુદા તરફથી જે કંઇ થાય તે પર રાજી રહેવું (૨૪) ખુદા પર ભરોસો કરવો. (૨૫) પોતાની કંઇ ખુબી પર વડાઇ ન કરે. (૨૬) કોઇથી કીનો કપટ ન રાખે. (૨૭) કોઈથી હસદ ન કરે. (૨૮) દીન વિરૂદ્ધ ગુસ્સો ન કરે. (૨૯) કોઇનું બુરૂં ન તાકે (૩૦) દુનિયાથી મોહબ્બત ન રાખે.

"જબાન (જીભ) સાથે ઇમાનની ૭ વાતોનું બયાન"

(૧) કલેમો પઢવો (૨) દરેક દિવસે કુર્આન પઢવું તેનો કમ દરજ્જો દશ આયત પઢે, દરમીઆનો સોઆયત છે, અને એથી વધુ પઢવું ઘણું ઉત્તમ છે. [૩] કોઇ પણ ભાષામાં દીનનો ઇલમ શિખવો. [૪] અને વગર મજુરીએ શિખવ્વો. [૫] ખુદાથી દુઆ માંગવી. [૬] ખુદાની જીકર (યાદ) કરવી પછી ઇસતેગફાર પણ જીકરમા દાખલ છે. (૭) જીભના

ગુનાહોથી બચવું "જેમકે જૂઠું નિંદા, ચાડી, ખુશામત અહં-કાર, ફીટકાર કરવી, ભેદ ખોલવો જુઠો વાયદો કરવો, નકામું વઢવું, ઝગડવું, બુરી વાત કરવી, વધું મજાક મસકરી કરવી, બનાવટની વાત કરવી, ઠઠા મજાક કરવો, નકામું સરાવવું, ગાળો વિગેરે દેવી."

" બદન સાથે ઇમાનની ૪૦ વાતોનું બયાન. "

(૧) બદન કપડાં પાક રાખવા. (૨) નમાઝ પઢવી, પછી વાજેબ, સુંનત, નફીલ, કજા વિગેરે એમાં દાખલ છે [૩] ઝકાત ફીતરો, દેવું પછી ખેરાત મેહેમાની, વિગેરે પણ એમાં દાખલ છે [૪] રોઝા રાખવા પછી એમાં ફરઝ વાજેબ સુનંત નફીલ તથા રોઝાની કજા વિગેરે પણ દાખલ છે,(૫) હજ્જ ઉમરો કરવો. [૬] અતેકાફ કરવો પછી કદરની રાતને શોધવી પણ છમાં છે.(૭) જ્યાં પર દીનની ખરાબી હોય ત્યાંથી ચાલ્યા જાવું એમાં હીજરત પણ છે. [૮] ખુદાની માનતા પુરી કરવી(૯)જે કસમ બુરાં કામોમાં ખાધી ન હોય તેનું પુરૂં કરવું. (૧૦) કસમ તોડવાનો દંડ દેવો તે આ છે કે બે ટંક પેટ ભરી દશ મિસકીનોને ખવડાવે અથવા તેઓને એક એક જોડ કપડાં કે દે એક ગુલામ આજાદ કરે અને જ્યારે એ ત્રણમાંથી

કંઇ ન બને તો તે વેળા ૧ રોઝાઓ એક તાર રાખે. (૧૧) જે બદન ઢાંકવું ફરજ છે તેને ઢાંકવું (૧૨) કુરબાની કર્વી (૧૩) મૈયતનું દફન કરવું (૧૪) જેનું કરજ બાકી હોય તેનું દેવું આપવું. (૧૫) લેવા દેવામાં દીન વીરૂદ્ધથી બચવું (૧૬) સાચી શાક્ષી છુપાવવી નહિં. (૧૭) જો જીવ ન રહે તો નિકાહ કરે પણ જેને શકિત કે હાજત ન હોય તેને પરણવું જરૂરી નથી (૧૮) જે પોતાની હુકૂમતમાં છે તેનું હકક દેવું તેમાં ગુલામ નોકરથી નરમી કરવીં દાખલ છે. (૧૯) માબાપના હુકમમાં રહેવું (૨૦) ઓલાદનું પોષણ તરબેયત કરવી (૨૧) સગાંઓથી બદસુલકી ન કરવી (૨૨) લોંડી ગુલામને પોતાના માલેકની ખીજમત કરવી. (૨૩) ઇંનસાફ કરવો (૨૪) મુસલમાનોની જમાઅતથી જો શરીઅત મુજબ હોય તો અલગ ન થવું (૨૫) હાકેમની તાબેદારી કરવી પણ દીન વિરૂધ હોય તો નહીં કરે. [૨૬] વઢનારાઓમાં સુલેહ કરાવે પણ ખારજી, બાગીઓથી કેતાલ કરવું પણ દાખેલ છે. [૨૭] સારાં કામમાં મદદ કરવી (૨૮) સારો રસ્તો બતાવવો બુરાસથી રોકવું (૨૯) જો હાકેમ હોય તો દીન પ્રમાણે સજા દે. (૩૦) જો વખત આવે તો દીનના દુશ્મનોથી લડવું [૩૧] અમાનત દેવી તેમજ પાંચમાં હિસ્સાનું દેવું પણ એમાં દાખલ છે, (૩૨) હાજતવાલાને ઉછીનું દેવું (૩૩) પાડોશીની ખાતર કરવી.

[૩૪]પાક આમદની લેવી. [૩૫] શરીઅત મુજબ ખર્ચ કરવો પણ નકામું ખર્ચ કરવાથી બચવું. (૩૬) સલામનો જવાબ દેવો.[૩૭]જો કોઇ છીંકે ને અલહંમદો કહે તો તેને યરહમો-કલ્લાહ કહેવું. (૩૮) કોઇને વિના કારણથી તકલીફ ન દેવી. (૩૯) દીન વિરૂધ ખેલ તમાશાથી બચવું. જેમકે નાટક સરકશ, નાચ, પાના કુફેર, શીરકના બીદઅતના તથા મક્કર, ફરેબ, શત્રંજ, જુગાર પાશા, તાડી દારૂ અફીણ, ગાંજો ભાંગ, કોકેઈન, શરાબ, ગાવું. વગાડવું, મુજરા મદારીના ખેલ, હરામકારી, ગાંવું, ચોરી, કબુતરબાઝી, મરઘાબાઝી, પતંગબાઝી, બુલબુલબાઝી, બકરાબાઝી, વિગેરે "પણ કમાનથી તીર ફેંકવો ઘોડાને ફેરવવો, પોતાની ઓરતથી રમવું, એ ત્રણ ખેલ ફાયદાના તેમ દુરસ્ત છે (૪૦) રસ્તામાંથી પત્થર, કાંટા, લાકડી વિગેરે ઇઝાંને દુર કરવું છે.

સમાપ્ત.

ધંતર મંતરની વધી પડેલી ખરાબીનો બચાવ.

સવ સ્તુતિ ખુદા માટે છે કે તેના સિવાય નફો નુકસાન આપનાર અન્ય કોએજ નથી. અને દરૂદ તથા સલામ તેના રસુલ (સલ) માટે છે કે જેવણે અમારે માટે સારાં તથા બુરાં કામોને બ્યાન કર્યાં અને તેમની આલ તથા અસહાબ માટે છે.

એ પછી વિનંતી છે કે આજ કાલ જ્યાં જુઓ ત્યાં ઘણાં લોકો તાવીજ. પલીતા, ઝાડવું ફુંકવું વિગેરેમાંજ સપડાઈ પરેલાં જોવામાં આવે છે. માટે આ બધા તોફાનોથી બચાવવાના ઇરાદાથી બુજરૂગોની કીતાબોમાંથી હું અત્રે જરૂર જોગું ટુંકાણુમાંજ લખવાની રજા લઉં છું કે જેથી મારાં દીની ભાઇઓ અને ખાસ કરીને બહેનો જો આથી સમજદાર થાય તો એવાં ઢોંગ ધતુરાંથી બચે.

તેનું કારણ આ છે કે કેટલીક અણુસમજ અભણ સ્ત્રિઓ બચ્ચાઓની બીમારીઓમાં અથવા અવલાદ થવાની ઉમ્મેદમાં પોતાનો અકીદો બગાડી એવાં એવાં કામો કરી બેસે છે કે જે ઇમાન અને શરીઅતથી તદન ઉલટું કરવા લાગી જાય છે કોઇ જગ્યાએ ફાલ ખોલાવે છે; તો કોઇ

જગ્યા ચઢાવા ચઢાવે છે; તથા કોઇ વેળા એવી તેવી વિચાર વગરની નકામી મન્નતો પણ માને છે. કોઇને કેથે હાથ દેખાડે છે. અને બેદીન તથા ઠગારા પાસે તવીજ પલીતાં અથવા ઝારફુંક કરાવે છે. એટલુંજ નહી પણ કોઇ વેળા કેટલીક ગાંડી અને અભણ સ્ત્રિઓ તો (સીતલા ભવાની) સીળી નીકળવાને પણ પુંજવા લાગી જાય છે. જેથી દીન ઇમાન તો બગડે છે અને ગુનોહ પણ થાય છે. વળી કોઇ વાતોથી તો માણસ કાફેર મુશરેક સુદ્ધા થઇ જાય છે, (ખુદાની પનાહ) અને કોઇ વેળા એવા ઢોંગી લોકો કાંઇ પૈશા રૂપીઆ કપડું અથવા અનાજ મરઘાં, બકરાં વિગેરે પણ ઢોંગ કરી પડાવી લે છે અને કદી કદી એવાં માણસો પાસે સ્ત્રિઓના આવવા જવાને તથા વાતચીત કરવાથી તેઓની નેયત પણ બગડી જાય છે. અને તેથી આબરૂ ઇજ્જત ના લાગુ થઇ જાય છે. મતલબ સર્વ રીતે નુકસાનાજ નુકસાન છે. અને તે છતાં તેજ થાય છે કે જે ખુદાને મન્જુર હોય છે. (એટલે મંનમુજબ વખતે કામ થાય અને નહીં પણ થાય) એટલાં માટે એવો વિચાર થયો કે એ વિષે કેટલાક શરીઅતના કાયદા કાનુનો લખાઇ કે જેથી એમાં પણ દીન સંભાળી પોતાના કામો કરે અને ગુમરાહ થાઇ નહીં. ખુદા હિદાયતનો આપનાર છે.

મસલો:-(ફાયદો)-(૧)કેટલાક એવા શબ્દો કે અંકો જોવામા આવે છે કે જેના અર્થ અથવા મતલબ કાંઇજ જણાય નહીં તો પછી તેવા શબ્દ અને અંકોને તાવીજ બનાવી કામમાં લેવું એ દુરસ્ત નથી. પણ જો કુરઆન હદીસથી એવું સાબીત હોય તો તે દુરસ્ત છે. હાલમાં વગર અર્થ અને સમજની તાવીજો આપનારાઓ ઠામ ઠામ જોવામાં આવે છે. તેવાઓથી બચવું એ જરૂરનું છે.

(૨) જ્યારે અંજાણ શબ્દો અંકો વિગેરેથી ઝાડવું ફૂંકવું દુરસ્ત નથી તો જેના ખરા અર્થ દીન વિરૂદ્ધના હોય તો તેને કામમાં લેવું એ તો કુફ્ર જેવું થશે. આથી જણાયું કે જેઓ યા જીબ્રાઇલ, યા મિકાઇલ, યા દરદાઇલ, યા કલકાઇલ, યા શેખ અબ્દુલ કાદેર શેઅન લિલ્લાહ, વિગેરે લખી પઢી દે છે. અગર ફુ કે છે. અથવા કોઇ બુજરૂગના નામની માનતા વિગેરે કરવી કે કોઇ બુજરૂગને બધાં કામનો કરનાર સમજવું અથવા કોઇ બીમારીમાં ભેટથી કે ફિદયાથી બકરો જુબેહ કરવો એ બધું દુરસ્ત નથી. પણ હરામ છે.

(૩) તારાઓને ફાયદો કે નુકસાન કરનાર સમજવા એ એક જાતનું કુફ્ર છે. આથી જણાયું કે કેટલાક તાવીજ વિગેરેમાં ફલાણો વખત, દિવસ, શરૂ માસ, આખરી માસ,

વિગેરે શરત લગાડવામાં આવે છે. એ તદન બાતેલ અને હરામ છે.

(૪) બીજાં કામો પ્રમાણે તાવિજ વિગેરેમાં પણ મક્કર, ફરેબ, ઠગવું વિગેરેની ઠગાઇને હરામ ગણ્યું છે. આથી જણાયું કે જેઓ હાજેરાત કરી જીન હાજર કરવું કહે છે. અથવા તઅવિજ વિગેરેના કામોને પોતે બુજરૂગ સમજે છે તેમ ઠગારા લોકો પણ એને બુજરૂગ. વલી, મોટાસાહેબ સમજાવે છે, અથવા કોઇ અમલનું કોઇ અમુક ફાયદા માટે નહિાય તે છતાં પોતે ઘડીને મામૂલને પૈસા ઘડવા માટેજ સમજાવે કે આ અમલતો ખાસ તમારેજ માટે તજવીજ કર્યો છે! અથવા કોઇ એમ તો કહેતોજ નથી કે મને ફલાણાં અમલની માહીતી (ખબર) નથી. સઘળીજ વિદ્યામાં પ્રવિણ (જાણકાર) હોવાનું ડોળ રાખી કંઇને કંઇ ગમે તેવું અર્થ મતલબ વિનાનું લખી પઢી પૈસા કઢાવી લે છે. અથવા બીન કારણે માત્ર કોઈ બહાનાથી મુશક, કેસર, અંબર, વિગેરે મોંઘી કિંમતની ચીજોને મંગાવે છે. અથવા ઠગી-ખાવા માટે હાથખંડા પણ શીખે છે. વિગેરે ચેનચાળા અને જુઠો આડંબર (ડોળ) રાખવો અને બીજાને બતલાવી તેઓને આંખ્જિ નાંખવા એ સર્વ ફિતુરો હરામ છે.

(૫) ખુદા કહે છે કે જે વાતની તને માહીતી નથી. તેના પાછળ તું ન જા. આથી જણાયું કે જો કોઇ કામનું ખરૂ થવું શરીઅતના કાયદાથી સાબીત ન થાય તો તે પર ભરોસો કરવો દુરસ્ત નથી. પછી આજકાલ કેટલાક લોકો ફાલ મેસમેરિઝમ વિગેરે અમલોથી 'ભુત વરતમાન અને ભવિષ્ય કાળની, અથવા ચોરી વિગેરેની ખબરો બતલાવે છે. એવિજ રીતે ક્રિમિશન વિગેરે થાય છે. એ બધુંજ હરામ શિરકજ છે. એની સંપૂર્ણ વિગત અત્તોકા નામની અસલ કિતાબમાં સવિસ્તરથી છે. જેને જોવાની ખાહિશ હોય તેમણે જોઇ લેવું, અત્રે લંબાણ થઈ જાય માટે લખ્યું નથી.

(૬) જે અમલ મુબાહ પણ તેમાં બુરી ગરજ અને શરિઅત વિરૂદ્ધ કામો હોય તો તે અમલ નાદુરસ્ત થઇ જશે. આથી જણાયું કે કેટલાકો વશીકરણ (તાબે કરવા)નો અમલ પઢે છે. જેમકે કોઈ મરદને તાબે કરી તેની પાસેથી માલ તથા ખીજમત વિગેરે મેળવે છે. તેમજ કોઇ ઓરતને તાબે કરી ગુનાહમાં સપડાવે છે. અને કેટલાક દસ્તગેબનો અમલ પઢીને જીન્નાત તાબે કરી તેઓ પાસે પૈસા ટકા વિગેરે મંગાવે છે. અને કેટલીક વખત દસ્તગેબને બહાને ચોરીનું કામ કરતા પણ જણાય છે અને કેટલાક મુશ્રક-

કેટલાંની સાધના (તાબે) કરી તેઓની પાસેથી ખિજમત વિગેરે લે છે. અને કેટલાક તો ધણીધણીઆણી વિગેરેમાં જુદાઇ કરાવે છે. અને કેટલાક નાહક પોતાના દુશ્મનોને હલાક કરે છે. અને કેટલાક જુઠા મુકરદમાને જીતાડવાનું કરે છે. અને કેટલાક જીન્નાત વિગેરેને બાળે છે. એ બધું નાદુરસ્ત હરામ તેમજ મોટા ગુનાહવાળું છે. માટે સર્વ ભાઇ બહેનોએ એથી સાવચેત રહી બચવું મુનાસબ છે. તેમજ કોઈ તો વળી બ્રાહ્મણ સાધુ જતી પાસે જઈ પોતાની મરજી મુજબ જાદુ વિગેરે કરાવે છે.

(૭)જે અમલોપર મજબુત ભરોસો હોય કે ખુદા સિવાય એમાં જરૂર ફલાણી તાસીર છે. તો એવા અમલો પણ નાદુરસ્ત થઇ જશે. આજકાલ ઘણા લોકો એવા અમલો ઉપર એવું યકીન રાખે છે કે ખુદાને ભુલી જઇ બે ફિકર થાય છે. તે એટલે સુધી કે આમેલજ પોતાનો અખત્યારી અમલ સમજે છે. સમજાવે છે. અને જાહેલો પણ એવોજ એતેકાદ રાખે છે. એ બધુંજ નાદુરસ્ત અને હરામ છે.

(૮) કેટલાક અમલોમાં જનાવરો વિગેરેને ખાવું પીવું મૂકી દેવું હોય છે. એમાં પણ કોઇ અમલમાં નુકસાની આવે તેવું નથી. છતાં ઘણા આમેલો એમુકવાને ખુદાની નજદીકનું કારણ અને જરૂરની બંદગી સમજે છે. એ પણ

બુરી બીદઅત અને ખાસ ગુમરાહી છે કારણકે એ તો શરીઅતથી વધવું છે.

(૯) કેટલીક તાવીઝોને કામમાં એવી રીતે લેવા માટે બતલાવાય છે કે જેમાં તેની હલકાઇ હોય છે.જેમકે કોઇ તાવીજને કોઇના આવવા જવાની જગ્યામાં દાટે છે. એટલે તેના ઉપરથી જવું આવવું થાય. અથવા કોઈ તાવીજ બાળે છે. એ રીતે અને બીજી જે રીતે હલકાઇ થતી હોય એ બધું હરામ છે.

(૧૦) કેટલાક લોકો ખુન વગેરે નાપાક ચીજોથી તાવીજો લખે છે. અને કેટલાકો તાવીજને બહાને લોકો પાસેથી મરઘો વિગેરે લે છે. અને કેટલાક અમલોમાં છબીઓ વિગેરે બનાવે છે. અને કેટલાક કુરઆનને ઉલટું પઢે છે. અને કેટલાક કુરઆનમાં બીજાં લખાણો શામેલ કરી કુરઆનની નઝમમાં નુકસાન કરે છે. એ બધું હરામ અને ગુનાહવાળું છે.

ચેતવણી:–(૧) મજકુર મસઅલાઓથી જણાયું હશે કે અમલોની વધુ સુરતો આ વખતમાં નાજાએઝ અને ગુનાહની છે. "અને શરીઅતનો મસલો છે કે ગુનાહનું કરવું ગુનાહનો સબબ બનવું એને એની મજુરી લેવી એ બધું હરામ છે. અફસોસ છે આ વખતના લોકોને કે એને ધંધો રોજગાર અને માલ લેવાનું કારણ બનાવી રહ્યા છે. અને

દુરસ્ત નાદુરસ્તની તપાસ કર્યા વગર પૈસા ખેંચવાનીજ ફિકરમાં લાગી રહ્યા છે. ખુદા રહમ ફરમાવે અને હિદાયત કરે.

(૨) કેટલીક જગ્યાએ તરેહ તરેહની ખરાબીઓ પણ થાય છે. જેમકે જાહેલો જમા થાય છે. જેમાં ઓરતો અને મરદો શામેલ હોય છે. એવા સંજોગોમાં ભામટાઓને બુરી નજર કરવાને કે કોઇના માલને નુકસાન કરવાનો અવકાશ (વખત) મળે છે. કેટલાક તો લોકોને ઘેર તેઓની ખુશી વિના તેઓના મહેમાન બને છે. એટલે શરમા શરમી રાખવાની જરૂર પડે છે. અને ખાવું વિગેરે ખવડાવે છે; તે જતા નથી એટલામાં તો વળી બીજી જમાઅત આવી લાગે. જેથી ઘરવાળાં બિચારાં ગરીબો હોય તો તેઓના જાનપર આ એક મુસીબત આવી લાગે છે. ઘરમાં ખવડાવવાનું સાધન હોય કે ન હોય તોપણ આવેલાં મહેમાનને તો ખવડાવવુંજ પડે. વળી ઘરનાં બચ્ચાં બિચારાં કાચું પાકું જેમ તેમ ખાઇને રહે પણ એવા મહેમાનને તો સારી વાની કરીનેજ ખવડાવવું પડે છે. એવી રીતે કોઇને તંગ કરવું ખુદ હરામ છે, અને મહેમાનને એથી મનાઈ થએલી છે. અને વળી કેટલાક તો પોતે કોઇ મેદાનમાં કે ઓટલા વિગેરેપર ઉતારો કરી ત્યાંજ પડાવ નાંખીને રહે છે. જેથી તેના માલીકોને એવાઓ પણ ભારી પડે છે, અને કેટલીક જગ્યાએ પાણી વિગેરે મળી દેવાય છે તો

એ બધાંના તોફાનથી ત્યાની મસજીદોની ડોલો પણ તૂટી જાય છે. લોટા બધણાં બલકે ઘડા સુધ્ધાં પણ ઉઠી જાય છે, અને અલ્લાહના ઘરને નુકસાન પહોચે છે. કેટલાક જાહેલો આમેલને મોટા સરદાર અને વલી બલકે ખુદા તેમ પરમેશ્વર કહે છે. કોઇ સીજદો વિગેરે કરે છે. જેથી આમેલમાં સખત દરજાની ખુદી અને મોટાઇપણું પણ પેદા થાય છે. અને વધું માન મરતબા માટે આમેલ કે તેની જાતવાળા કે મદદ કરનારા તેના કામો તથા ગુણોની જુઠી કહાણીઓ જાહેર કરે છે. જેથી બધા લોકો બિચારા ફસાઇ જાય છે. કદી આમેલ વગર જરૂરતે પરાઇ ઓરતોને હાથ વિગેરે લગાડે છે. કદી તેણીઓના બદન સતરને જુએ છે. એવીજ રીતે ઓરતો આમેલોના હાથપગ વિગેરે દાબે છે. જેવીકે પ્રખ્યાત ખરાબીઓ મેલાઓમાં હોયછે તે બધી જમા થાય છે, જાહેર છે કે એ ખરાબીઓને દૂર કરવા માટે આમેલ-સાહેબોએ કામોને જરૂર મૂકી દેશે. જેથી એ ફીતનાઓથી બધાં બચ્યા રહે "અને જે માણસ શરારતની કુંચી બને એવી જગ્યાપર એવા હાજતવાળા પણ ન જાય, કે જેની સનંધ બીજા લોકો પકડે. અને અભણ લોકો વધુ બગડે."

(૩) ઉપરના લખાણથી કોઇ આ ધારણા કરે નહી કે હું એ આમેલોને નાદુરૂસ્ત સમજું છું જો દુરૂસ્ત થવાની

શરતો જમા હોય અને ખરાબીઓ દુર થાય તો એ અમલો બીન વાંધે દુરસ્તજ છે. "હજરતે (સલ) પોતે કહ્યું છે કર્યું છે. અને લોકોને તેની રજા આપી છે. અને સહાબા (રદ)! તેમ આગલા સારા લોકોએ એને કામમાં લેવાનું ફરમાવ્યું છે." છતાં હદીસો જોતાં બહેતર આજ જણાય છે કે એને મૂકી દેવાય અને માત્ર દુઆપર ખુશીથી બસ કરાય "અને દુરસ્ત થવા છતાં જાહેર આ છે કે જે મસલો મત ફેર હોય તેથી બચવું બહેતર છે." એવીજ રીતે દવા કરવા વિષેના મસલામાં પણ મત ફેર છે પણ મારા નજદીક તાવીજ વિગેરેને મૂકવું એ દવાના મૂકવા કરતા વધારે બેહતર છે. કેમકે દવામાં ખરાબીઓનું થવું દૂરલાગે છે, અને તઅવીજોમાં દૂરલાગતું નથી, અને એ વિષે ખુદા વધારે જાણકાર છે.

(૪) અસલ અમલોમાં પઢવાનું છે, પણ લખીને દેવું હદીસથી તે માણસો મોટે જણાય છે. કે જેને પઢતાં આવડતું ન હોય પણ હાલમાં જે રસમ છે કે લોકો પઢવા જાણવા છતાં પણ તાવીજો લખાવે છે. એ દુરસ્ત તો છે પણ ફાયદામાં તેથી કમ છે.

(૫) "એમાં અમલોના બ્યાનના કેટલાક મસલાઓ છે." મસલો. (૧) જો કુરઆનની આયતોની તાવીજ હોય તો વગર વજુથી તેને લખવું એ દરૂસ્ત નથી. (૨) એવી તાવી-

જોને વગર વજુથી હાથ લગાડવો પણ દુરૂસ્ત નથી, પણ જો તેના ઉપર બીજું કાગળ જુદું લપેટેલું હોય તો દુરૂસ્ત થશે. (૩) જો કોઈ કાફરને તાવીજ દેવી પડે તો બહેતર આ છે કે કુરઆનની આયતો તેમાં ન લખે. બલકે તેના જુદા જુદા અક્ષરો અથવા તે અક્ષરોના અંકો બનાવી અથવા બીજું કોઈ જાએજ લખાણ લખી દે. (૪) તાવીજો કપડામાં લપેટેલી હોય તો સંડાસમાં જવું દુરૂસ્ત છે. (૫) જો કુર-આનની આયતો રકાબી વિગેરે પર લખાય તો તેના લખવામાં હાથ લગાડવા માટે પણ વઝુ કરવું શરત છે. એટલા માટે બહેતર આ છે કે જો લેનાર વજુથી ન હોય તો પોતે આમેલ તેને લખી કરી પાણીથી ધોઇ તેને દે.

(૬) જ્યારે તાવીજની જરૂરત ન હોય ત્યારે બહેતર આ છે કે તે તાવીજને ધોઈ તે પાણીને કોઇ પાક જગ્યાગાં ઢોળી દે.

(૭) કમતરીનએ જે કામોને નાદુરૂસ્ત લખ્યાં છે. તો તે શરીઅતની દલીલોથી લખ્યા છે. પણ સનંદી બુજરૂગથી કોઇ કામ એનાથી વિરૂધ્ધ જણાય તો પછી તેમાં કંઇ મુનાસબ તાવીલ સમજી લે, પછી જે કામો શરીઅતની દલીલોથી સાબિત છે તે કોઇ રીતે ગલત થઇ શકતા નથી.

"શરીઅત, તરીકત, મારેફત અને હકીકતનું બ્યાન.

કુતાબ્લ અશરફીઆમાં છે કે બાલેગ મુસલમાનના "જાહેર અમલો" જેમકે નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ વિગેરે તથા "બાતિન અમલો" જેમકે મુરાકેબા, ઝિકર વિગેરે, તથા હસદ કે બુગઝ કીનો, હલાલ કુત વિગેરેના બધા હુકમોનું નામ શરીઅત છે, અને આગલા ઇમામો ફિકહના શબ્દની એકજ મતલબ સમજતા હતા જેમકે હનફી મજહબના આગેવાન ઇમામ આઝમ (રહ) નફસ (જીવ) ના નફા નુકસાનના જાણવાને ફીકહ કહે છે, પછી પાછલા આલેમોએ શરીઅતના જાહેર અમલોના હિસ્સાનું નામ ફીકહ અને બાતિન અમલોના હિસ્સાનું નામ તસવવુફ રાખ્યું છે, હવે તે બાતિન અમલોના તરીકાઓને "તરીકત" કહે છે, પછી તે બાતિન અમલોને સુધારવાથી દીલમાં એક જાતની રોશની તથા સફાઇ પેદા થાય છે, તેથી દીલ પર કેટલીક થનારી ચીજોની જાતો તથા ગુણો ખાસ કરી સારાં તથા બુરાં અમલોની મુળ અને ખુદાના ગુણો તથા કામો ખાસ કરી ખુદા અને બંદાના દરમીયાનના

અમ્લોની અસલ(મુળ)ખુલી જાય છે. તે ખુલેલી વસ્તુને(હકીકત) કહે છે. અને તે ખુલવાને (મારેફત) કહે છે. અને જે માણુસ પર એ ખુલે છે તેને "મોહક–કેક તથા આરેફ" કહે છે. પછી એ બધા જાહેર બાતિન અમલો શરીઅતનાજ થયા છે. અને જે લોકોમાં આ વાત પ્રખ્યાત છે. કે શરીઅત માત્ર જાહેર અમલોના હુકમોના હિસ્સાનેજ કહે છે. એ વાત કોઇ સનંદી આલીમ કે ભરોસાદાર કિતાબથી સાબિત થયલી નથી અને લોકોના એવા એતેકાદથી બીજાઓએ એના પર એતેકાદ કરવો પણ દુરસ્ત નથી. કેમકે એ એતેકાદ વિરૂદ્ધ છે. (જાહેર તથા બાતેન અમલોમાં આથી સાફ જણાય છે કે આજકાલ કેટલાક ધુતારા લોકોને ઉંધુ ચતું સમજાવી પોતાની મરજી મુજબ ઠગે છે તેઓથી બચવું જોઇએ.) વ આખેરો દાવાના અનેલ–હંમદો લીલ્લાહે રબ્બિલ–આલમીન.

સમાપ્ત.

મેનેજર કુતોબખાના સાહેબીયાઃની વિનંતી.

અલ્લાહની હમ્દ અને તેના રસૂલ મકબુલ (સલ) ઉપર દરૂદ મોકલ્યા બાદ ખાકસાર નિરબળ અબ્દુર-રહમાન બી૦ હજરત મૌલાના ગુલામ મોહમ્મદ રાંદેરીની અરજ આ છે કે આ કીતાબ નસીહતુલ મુસલેમીન મૌલાના મરહુમની વફાત પછી પણ એક સેઠ સાહેબ તરફથી ૧૦૦૦) છપાઇ હતી અને તેનો સારો અસર થયો હતો. પણ તે ખપી જવાથી રાંદેરવાળા જનાબ મૌલાના મોલવી હકીમ ઇબ્રાહીમ સાહેબના ફરમાશથી મદરેસા મોહમ્મદયા રાંદેરની શાખા ઇશા અતુલ-ઇસલામ માટે આ ચોથીવાર સંગ્રહિત કરી છાપી છે, હમો મજકુર મદ્રેસાના સાહેબનો તથા એમાં માલી ઇમદાદમાં ભાગ લેનારા સાહેબોનો પણ એહસાન માનીએ છીએ અને દોઆ કરીએ છીએ કે ખુદાપાક એઓ સાહેબોને દીની ખિદમત કરવાની વધુ તોફીક આપે.

સાહેબો સાચું ઇસલામને કાએમ રાખવાની કોશીસમાં ઇસલામના ફરમાનો ઘણી તરેહના છે; જેમકે જેહાદ છે. તેમજ ઇસલામી મદરેસાઓ ખોલવા, તબલીગને માટે ઉલમાઓ રાખવા, દીન શીખનારાઓને ખોરાકી વિગેરે જરૂરીયાતની મદદ કરવી છે:—

પણ મઝહબી કિતાબો ગુજરાતી ભાષામાં કરી જે દીની ભાઇઓ કે મોટી ઉમરના હોવાથી મદરેસાઓમાં જઇ શીખી શકતા નથી તેઓને ઇસલામથી વાકેફ કરવું પણ તેમાજ દાખેલ છે. પણ વાકેફ કરવાનો અગર માર્ગ છે તો તે આ એકજ માર્ગ છે કે તેવી કિતાબો ચાલુ સરળતી ભાષામાં થાય અને તે મોટા પ્રમાણમાં લાખોના હિસાબે મફત વહેંચાઈ કે જેથી દીની ભાઇઓ પોતાના ઘરમાં બેસી ફુરસતે વાંચી વાકેફ થાઇ. ખુદાપાક વધું સમજ આપી હિદાયત આપે. આમીન.

લી૦ હકીમ અબ્દુર રહમાન-મેનેજર.

જાહેર ખબર.

ઇસ્લામી કીતાબો.

આલમ બુક ડિપો—આ જગતજાહેર ફારસી કીતાબનો તરજુમો સઘળી નોટોમાં કીતાબોના હવાલા સાથે ગુજરાતીમાં થયો છે. જેમાં નમાઝ, રોઝા, ઝકાત, અકાએદ વગેરેના આશરે બે હજાર મસલા છે. કી. રૂ. ૨.

કુરઆને શરીફ—તેની સાથે ગુજરાતી અક્ષરમાં પણ કુરઆન એટલે ગુજરાતી જાણનાર પણ કુરઆન પઢી શકે અને તેની સાથે ગુજરાતીમાં તરજુમો બે કીસ્મમાં કી. રૂ. ૨૦. પોસ્ટ જુદું.

મશારેકુલ અનવાર ભાગ ૧લો-૨જો-૩જો—ગુજરાતી જેમાં ૨૨૬૨ સહી હદીસો છે. કી. દરેક ભાગની રૂ. ૨. કુલની કી રૂ. ૬

ફરાએઝ—ઇસ્લામી વારસાની કિતાબ ગુજરાતી આ વકીલોને પણ ઘણીજ ઉપયોગી છે. કી. આ. ૧૨.

આર્ય તથા ખ્રિસ્તી ધર્મના ખંડનો.

સર સૈયદના [illegible] કિં. આ. ૮ જેમાં વેદના [illegible] વર્ણન તથા જવાબ છે.

સત્યાર્થ પ્રકાશનું ખંડન ગુજરાતી ભાગ ૧લો જેમાં દયાનંદની ૧૫૯ શંકાઓની ૬૯ શંકાઓનો ઉત્તર છે. જેની આર્યોનું [illegible] થયું છે. આર્યોની શંકાઓમાં [illegible] ૧૪ વર્ષ થવા આવ્યા છતાં હજુ તેનો ઉત્તર આપી શક્યા નથી. કી. રૂા. ૧.

[illegible] સંપૂર્ણ પ્રકાશવાળા પુસ્તકે [illegible] છપાયું છે. કી. રૂ. ૧૫.

[illegible] કી. આ. ૮

[illegible]

[illegible] ઉર્દૂ કી. રૂ. ૧

[illegible] ઉર્દૂ કી. આ. ૮

[illegible] ઉર્દૂ કી. રૂ. ૧

[illegible] ઉર્દૂ કી. આ. ૮

[illegible] ઉર્દૂ કી. આ. ૬

[illegible] ચિકિત્સા—નામની કિતાબ જે ઉરદૂ ભાષામાં [illegible] ચાર ભાગમાં તેનો ગુજરાતી ભાષામાં તરજુમો થઇ [illegible] (૪૦) [illegible] છે અને [illegible] હિંદુ [illegible] ધર્મની સરખામણી [illegible], પણ [illegible] ખ્રીસ્તી અને આર્યસમાજ ધર્મની પણ સરખામણી [illegible] છે. [illegible] છે. મતલબ કે [illegible] હિન્દુ, ખ્રીસ્તી અને ઇસ્લામી ધર્મની [illegible] (૨૨) [illegible] છે. [illegible] કી. રૂ. ૩.

[illegible] નામનું પુસ્તક કે જે મૌલવી [illegible] રચેલું છે, તેનો તરજુમો ગુજરાતી ભાષામાં [illegible] ૪૦ [illegible] ૪૦૦ ઉપર [illegible] છે, જે આખી જગતના [illegible] છે, [illegible] ૧૦ નકલો રહી ગઇ છે કી. રૂ. ૩. પોસ્ટ જુદું.

[illegible]

[illegible]